કુમાર

વર્ષ તેર અંક આઠ · શ્રાવણ ઓગણીસ સો બાણું **અંક ૧૫૨** તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક બચુભાઇ રાવત



શ્રાવણનાં સરવડાં

ચિત્રકાર · કનુ દેસાઈ

પ્રાસ્તાવિક

જેનો નિસર્ગવરદાથી રંગરોમાંચભર્યો ખોળો ફરી ને ફરી વાર આમંત્રી રહે છે એ આફ્રિકા ખંડથી વાકેફ હોનાર જગતની આપણે પહેલી પ્રજા છીએ—કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધના વખતથી. તો યે એ વિષેની આપણી અંતરંગ માહિતી કેટલી? છતાં આ વખતનું 'જીવનનું પરોઢ' વાંચી જશો એટલે જેની નવાજેશ આફ્રિકાનું આજના યુગમાં પાપ નીવડી છે એ એની ભૂ-લક્ષ્મીનો તો સંતોષકારક ચિતાર મળી જ રહેશે. ◖ પહેલી નજરે તો એ વાતનું મહત્ત્વ મનમાં ન વસે. પણ મીનાકારીની એ નજીવી વાતે જેનું જીવન નીચોવી લીધું એ પાલીઝીની અડગ એકનિષ્ઠા, ધ્યેયની તલબગારી કેવી હોય છે તેનું સાચું ભાન કરાવનારી બનશે. એથી જુદી જ તરાહનું પણ આવેશ અને સાહસભર્યું જીવન 'માધુકરી'માં જોશો. ને તે જિંદગીને એક મોજ સમાન ગણતાં જીવન-વિગ્રહ ખેડચે જનાર નેગ્લી ફાર્સનનું. ◖ સુન્દર શરીરનો તમારો આદર્શ કેવોક છે? 'આકર્ષક' બનવાનાં વલખાં રૂપે એ ન હોય તો આ વખતનો 'અખાડો' વાંચી જાઓ. પૂર્ણ વિકાસવાન, લિંગ-ભેદ રહિત મનુષ્યદેહ કેવો હોવો જોઈએ એનું એમાં સ્પષ્ટ માર્ગસૂચન છે. ◖ જેના અતિવાપરથી ખસથી કરીને કૅન્સર સુધીના રોગો વગર આમંત્ર્યા આવી પડે છે એ ખાંડનો ભયઘંટ તો પોતાની અસર પાડયા વિના નહિ જ રહે. 'વનેચરે' પોતાની લાક્ષણિક રીતિએ કરાવેલો કોયલનાં પીતરાઇઓનો પરિચય પણ રસપ્રદ છે. ◖ વાર્તા આ અંકમાં એક જ છે, ને તે જેનો તમને અગાઉ પરિચય થઈ ગયો છે એ ઉત્તર-ધ્રુવમાં પ્રવર્તતા જીવનવિગ્રહની. અને આપણો મોટો ભાગ તો જેના નામ માત્રથી જ વાકેફ છે એ પુણ્યસલિલ ગંગોત્તર પ્રદેશનો એક પાશ્ચાત્યે કરાવેલો વિશદ પરિચય પણ તમે ચૂકશો તો નહિ જ.

કુમાર

શ્રાવણ ૧૯૯૨

અંક ૧૫૨

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



માતૃમમતા

શ્રી હરિહરલાલ મેઢ

પાદત્રાણ

ધરે ઉરે કંટક ઝાંખરાં ઘણાં
પદે પદે જીર્ણ તું કાયને કરે
પ્રયાણ મારાં ફળદાયી કો કર્યાં
યાત્રા ઘણેરી તું પરે ચઢી કરી.
ભ્રાતા વળી કૈ ભગિની ગયાં, જશે
તારાં બધાં તે સુપદાર્થપાઠ દૈ
અખંડ ઝંખા સ્થિત ભાવના તણી
કરી સદા ચંપલ! ભવ્ય અંતરે.

સ્વતંત્રતા દેવિ! અનંત તારા
પદો મહીંથી તવ એક પાદની
વિરાટ પાની ધરી સ્વલ્પ હૈયે
તારા મહા મુક્તિ પ્રયાણ પંથનાં
કૈં ગોખરુ કાંટ વધાવવા ચહે
તારું બની પગરખું ચિર હૈયું મારું.

અંબાલાલ પટેલ



જરા આંતરો

તા. ૧૦મી ઑગસ્ટે હું જાપાનની યાત્રા પૂરી કરીને મુંબાઇ ઊતર્યો ત્યારે મારી સાથે બીજા બે સમર્થ નામાંકિત ગુજરાતી સંસ્કારયાત્રીઓ પણ પાછા પધાર્યા છે. તેમાંના એક તો શ્રી નાનાભાઇ જ; અને બીજા વડોદરા રાજ્યના સચીવ શ્રીમાન મણિલાલ નાણાવટી. એ બંને તરફથી ગુજરાતને તેમનાં અવલોકનો અને હકીકતો જાણવાની સુંદર તકો છે. હું મારૂં પોતાનું પ્રવાસવર્ણન ક્રમેક્રમે પૂરૂં કરી આપવા ઇંતેજાર રહીશ જ, પણ જેમને આ સજ્જનોનાં વ્યાખ્યાનો સાંભળવાની કે વાંચવાની તક મળે તેમણે તે તો ચૂકવી જ નહિ એવી મારી આગ્રહભરી વિજ્ઞપ્તિ છે. કારણકે જાપાનની વિવિધતાઓ રજુ કરવાને બેચાર માણસો પણ પૂરતાં નથી. દરેક ધંધા અને પ્રવૃત્તિમાં જાપાને કોઇ વિશિષ્ટત્વ દાખવ્યું છે અને હિંદને તે દરેકમાં નવું જ શીખવાનું રહે છે.

હવે જાપાનમાં

જાપાન જનાર દરેક હિંદી જન મોટે ભાગે પ્રથમ કોબે બંદરે જ ઊતરે છે,– જોકે સ્ટીમર કંપનીની ટિકિટ તો યોકોહામા સુધીની નોંધાએલી હોય છે. તમે જાપાનના કોઇ પણ બંદરે ઊતરો તોપણ યોકોહામા સુધીનું જ ભાડું ગણી લેવાય છે. આથી ઘણાખરા નાગાસાકી બંદરે પણ ઊતરે છે અને ટ્રેનમાં કોબે, ઓસાકા અથવા યોકોહામા જાય છે. પણ કોબે જ હિંદીવાનોનું ખરૂં મથક છે. અહીં લગભગ ૫૦૦થી ૬૦૦ હિંદી ભાઇઓનો વસવાટ છે. તેમાં મુંબાઇના રૂના ઇમ્પોર્ટરો અને કાપડ તથા ઇતર માલના એક્સપોર્ટરોની ઑફિસો કોબે અને ઓસાકામાં જ છે. માત્ર કેટલીક જૂની નામાંકિત સિંધી અને મુલતાની પેઢીઓ યોકોહામામાં છે. યોકોહામાથી ટોકીઓ જતાં રેલવે રસ્તે માત્ર દોઢ કલાક લાગે; કોબેથી જતાં આઠથી દસ કલાક લાગે. કોબે ઊતરી જનાર મુસાફરોને છ માસ સુધીમાં સ્ટીમર કંપનીના ખર્ચે યોકોહામા સુધીની રેલવેની ટિકિટો મળી શકે છે.



શ્રી મણિલાલભાઈ નાણાવટી (સચીવ વડોદરા રાજ્ય)



નાનાભાઇ(સ્કેચ ર.મ.રા.)



જાપાનના હિંદી પ્રવાસીઓના મિત્ર
મિ. સહાય

પહેલી જ વાર જાપાનમાં ઊતરનાર હિંદી પ્રવાસીના મનમાં જમવા તથા રહેવાની અનેક જાતની ગડભાંગ થાય છે, તેમજ ભાષા વિષે પણ તેના મનમાં ઊંડીઊંડી આશા હોય છે કે ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી કામ ચલાવી દેશે. એ બંને વાતમાં સ્પષ્ટ સમજ મેળવી લેવાની જરૂર છે. જાપાનમાં હિંદી ભાઇઓ ઘરમાં પણ બીજા પરદેશી ગૃહસ્થોની માફક જ રહે છે; એટલે કે હિંદુસ્તાનની પેઠે એક ખંડમાં અનેક જણ પથારા નાખી પડ્યા રહે એ ત્યાં હિંદી જીવનને ઊતરતી પાયરીમાં દેખાડે એવી માન્યતાથી અને યુરોપિયન વેપારીઓએ ગૃહસ્થાઈના ધોરણમાં એક માણસ દીઠ એક જ ખંડની વ્યવસ્થા પાળી હોવાથી હિંદીઓના દરેક ઘરમાં પણ માત્ર ત્રણ કે ચાર અને વધુમાં વધુ છ માણસો રહી શકે એટલી જ ગોઠવણ હોય છે. આથી કાંઇપણ હિંદી ભાઇના ઘરમાં એક યા બે મહેમાન માટે ભાગ્યે જ સોઈ થઇ શકે છે. એટલે જો મહેમાન પૂરતી જગ્યા ખાલી ન હોય તો હૉટેલમાં જ મુકામ કરવો જોઇએ. અહીં હૉટેલો કોરા ભાવે મુસાફરોને સગવડ આપે છે; એટલે કે ખાવાપીવા સિવાય માત્ર નાસ્તા અને રૂમભાડાનો ખર્ચ દર્શાવે છે. બપોર અને સાંજના ખાવાના ખર્ચ જુદા હોય છે. આ દર ઘણે ભાગે રોજના બે થી પાંચ

યેન સુધી સાધારણમાં સાધારણ ગણાય છે. અત્યારે યેનનો ભાવ ૧૦૦ યેન=૭૭ રૂપિયાનો ચાલે છે.

મને પોતાને રહેવાની ઉત્તમ સગવડ આપવા માટે હું મારા મિત્રનો આભારી બન્યો છું. પરંતુ દરેક જણને એવો સંબંધ કે એવી સગવડ હોવાનો સંભવ જ નથી. અલબત્ત, જાપાનમાં આવી વસેલા દરેક હિંદી વેપારી અને ખાસ કરી ગુજરાતી બંધુઓમાં એક મોટો ગુણ એ છે કે નવા આવેલા વેપારી કે પ્રવાસી જોડે સહેજ પિછાન થયા બાદ તેમનાથી બની શકે તે સગવડ અને સ્વાગત આપવામાં કદી પાછા પડતા નથી. પણ ટૂંક વખત માટે જાપાનમાં ધંધો કે અનુભવ લેવા કે નિરીક્ષણ કરવા આવેલા પ્રવાસીએ તો બીજાઓની પ્રવૃત્તિમાં પોતાની જાતથી બને તેટલી ખલેલ ન પડે એવાં જ વ્યવહાર અને કાર્યક્રમ યોજવાં જોઇએ. આ ધોરણ જાળવવા તેને માટે હૉટેલ સિવાય બીજો માર્ગ જ નથી. અને અનુભવ પછી તેને ખાત્રી થશે કે આથી તે ઘણાં સમય અને સગવડ મેળવી શકે છે, બહુ જલદી ઘણાની ઓળખાણ પિછાન કરી શકે છે તેમજ જાપાની લોકોના જીવનનું દર્શન કરી શકે છે.

આખા જાપાન ખાતે કોબેમાં હિંદીઓ માટે સરસમાં સરસ સગવડ ઇસ્ટર્ન હૉટેલમાં મળી શકે છે. એક પારસી ભાઈએ તે શરૂ કરી છે. ત્યાં રોજના પાંચ યેનમાં ખાવા-પીવાની ઉત્તમ સગવડ મળી શકે છે. આ ઉપરાંત ગરીબ વિદ્યાર્થી કે પ્રવાસી માટે કૉંગ્રેસ કમિટિના આશ્રયે મિ. સહાય અને બીજા કાર્યકર્તાઓએ એક ઇન્ડિયા લૉજ કરી છે તે પસંદ કરવા જેવી છે. ત્યાં ઘણે ભાગે મહિનાના ચાળીસ યેનમાં રહેવા તથા ખાવાની સોઈ મળી રહે છે. આ સ્થળ અનેકને મોટા આશીર્વાદ સમાન લાગ્યું છે અને તેની સંવૃદ્ધિ અર્થે બધા જ હિંદીવાનો એક સરખો પ્રયત્ન અને ભાવ રાખે છે.

જાપાનને કિનારે પગ મૂકો એટલે વ્યવહારની ભાષા જાપાની જ રહેવાની. અંગ્રેજીમાં એક બે શબ્દો પણ સમજનાર કોઇક જ મળવાનો એટલે પહેલે જ ઝપાટે નવા પ્રવાસીને મૂંઝવણનું વાતાવરણ ઘેરી વળવાનું જ. પણ એકાદ હિંદી સોબતી મેળવી કામચલાઉ શબ્દો અને થોડીક લેખિત નોંધ રસ્તો કરવામાં ઉપકારક થઇ પડે છે. પહેલા આઠ દસ દિવસમાં જાપાની શબ્દો કાન પર રણકતા થઇ જાય છે ત્યારે હવા મોકળી થતી લાગે છે. ટ્રામ, ટ્રેન, ટેલીફોન. દુકાન કે ઑફિસ, કોઇપણ જગ્યાએ તમે હિંદી મિત્ર કે અંગ્રેજી જાણનાર જાપાની ગાઇડ વિના ડગલું પણ આગળ ચાલી શકો નહિ. આ પરિસ્થિતિ ઘણી જ અગવડો ઊભી કરે છે, પણ મહેનત અને ધ્યાન રાખી ભાષા પકડનારને સરળતા કરતાં વાર લાગતી નથી. જાપાની ભાષા બોલવામાં એકંદર ઘણી સરળ ગણાવી જોઇએ કારણકે હિંદી સ્ત્રીઓ અને બાળકો પણ બહુ થોડા વખતમાં સહજ રીતે તેનો ઉપયોગ કરી જાણે છે. યુરોપીઅનોને તે અઘરી પડે છે, પણ પૌર્વાત્યોને સરળ લાગવાનું કારણ તો તેની



સૌ. કાશીબહેન કોટક અને શ્રીમાન ગીધુભાઇ કોટક

આ સંસ્કારી દંપતીએ જાપાનમાં મારી મહેમાની માત્ર ઉતારા પૂરતી જ કરી નથી; પણ શ્રી ગીધુભાઇએ જાપાનમાં વસતા સર્વ હિંદી ગૃહસ્થોનો મને પરિચય કરાવ્યો છે તેમજ શ્રીમતી કાશીબહેને તેમના ચિત્રકાર મિત્ર અને શિક્ષક શ્રીમતી નાકામુરા સાન મારફત મને કોબે અને કીયોટોના બેચાર અગ્રગણ્ય ચિત્રકારોનો સંબંધ શોધી આપી મારો જાપાનનો પ્રવાસ સફળ કરી આપ્યો છે.

●

વ્યાકરણ રચના છે. 'પાણી લાવો' કહેવું હોય તો અંગ્રેજીમાં ક્રમ ઉલટાવવો પડે: Bring water; પણ જાપાનમાં મીઝુ (પાણી) કુદાસાઇ (લાવો) એમ જ બરાબર ગણાય.

અમે સ્ટીમરમાં બહુ યે માથાફોડ કરીને જાપાની ભાષા તૈયાર કરવા માંડી હતી, પણ કિનારે ઊતરતાં જ બધા શબ્દો મગજમાંથી સરી ગયા હોય એમ લાગ્યું, કારણકે સમયોચિત શો જવાબ દેવો તેની સૂઝ પડે નહિ. છતાં કાનને પૂર્વ પરિચયનો ભાસ થતો ગયો ત્યારે લાગ્યું કે એવી યે મહેનત તદ્દન એળે નહોતી ગઇ. અમે એક વાકય બરાબર યાદ રાખેલું કે 'નિહોંનો કોતોબા (ભાષા) વાકારિમાસેન (જાણતો નથી)' 'જાપાની ભાષા હું જાણતો નથી.' પણ થોડા દિવસ તો આપણને દુભાષિયા વગર કંઇ ફાવવાનું જ નહિ. ઘરમાં નોકરો બધા જ જાપાનીઓ, એટલે તમારા યજમાનની જીભ ઉપર જ તમારી આપલે ચાલવાની. એક જ મોટો દિલાસો હતો કે તમારા અજ્ઞાન ઉપર કે અણઘડપણા ઉપર કોઇ હસવાનું કે કટાક્ષ કરવાનું નહિ. તમારા ઉચ્ચારણની ભૂલથી એકને બદલે બીજી ચીજ આવી જાય કે સમજવામાં વિલંબ થાય, પણ તમે ખસિયાણા પડી જાઓ એવી ચેષ્ટા કોઇ જ નહિ કરે. દરેક નવા પ્રવાસીએ પણ ધ્યાનમાં રાખી લેવું જોઇએ કે જાપાનમાં બધી ભૂલો દરગુજર થાય છે, પણ તે લોકો વિવેક અને શિષ્ટાચારની આશા દરેક સદ્‌ગૃહસ્થમાં જરૂર રાખે છે. એટલેકે નોકરને કંઇક કહેતી વખતે કે આપતી વખતે વર્તનમાં કે વાણીમાં જરા પણ તોછડાઇ ન દેખાય તેની ખાસ કાળજી રાખવી.

ગમે તેને બોલાવતી વખતે 'સાન' શબ્દ લગાડવો જ જોઇએ. બૉય–સાન, આમા–સાન, કૂક–સાન, ઓકયાક–સાન



ઓસાકા માઇનીચી દૈનિકપત્રના મુખ્ય તંત્રી મિ. શિંગેરો તાકેઇશી

(મહેમાન), ઓક–સાન (બાઇસાહેબ) વગેરે. નોકરો કે દુકાનદારો અથવા ઑફિસના ચપરાસીઓ તરફથી, ટ્રામટ્રેનના દરવાજે, બધે તમને સ્વાગત અને વિવેકના શબ્દો એટલી બધી વખત સાંભળવા પડે કે તેને ઘટતા પ્રતિશબ્દો વાપરવાનો કંટાળો આવે, છતાં યે એ શિષ્ટાચારમાં જરા પણ પ્રમાદ રાખનાર ગમાર કે અશિષ્ટ ગણાઇ જવાનો જ. મૃદુ વચનોથી વ્યવહારની કર્કશતા દૂર રાખવાનો જાપાનમાં એક સમર્થ પ્રયાસ થઇ રહ્યો છે તેમાં ભળી જવાનો સજ્જનોનો ધર્મ છે.

જાપાનની વિવિધ પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ જોવાનું પગરણ કેમ માંડવું તેનો સ્પષ્ટ ખ્યાલ અમે જરા યે બાંધી શકયા ન હતા, તેમજ આપણા વેપારી બંધુઓમાંથી કોઈએ તે દિશામાં જ્ઞાન કે અનુભવ મેળવ્યાં નહોતાં. પણ સૌના મોંએ મિ. સહાયનું નામ હતું. મિ. સહાયને મળ્યા પછી બધું નક્કી થઇ શકે એ આશાએ બેચાર દિવસો અમે વીતાવ્યા. દરમિયાન જાપાનનું એમ્પાયર પ્રદર્શન જોવાનું મળ્યું; પણ એની વાત પછી. ત્રીજે કે ચોથે દિવસે મિ. માવાણી ઍન્ડ કં.ના ઑફિસમાં અમે મિ. સહાયને મળવાનું ઠરાવ્યું ત્યારે મેં કોઇ ધંધામાં પાકા થએલા પ્રૌઢ ચહેરાના ગૃહસ્થને મળવાની આશા રાખેલી. પણ જ્યારે કાચનું સ્પ્રિંગબારણું હડસેલી વરસાદના છાંટા ચહેરા પરથી લૂછતા એક ગૌર વર્ણના પ્રસન્નવદન યુવાનને હસતે મોંએ ઘાસની હૅટ ઉતારી સૌને સલામ કરતા જોયા ત્યારે મારી જૂની કલ્પનાછબીની અંધારીએ બે ઘડી આ સહાય જ હોય એમ મનાવતાં વાર લગાડી. મારી પિછાન થઈ ત્યારે જાણે મને જાણતા જ હોય તેમ મીઠી હિંદી વાણીમાં બોલ્યા: ‘સારે દેશમેં મશહૂર નામકો કોન નહિ પિછાને ?’. મિ. સહાયનાં ભરાવદાર ભવાં નીચે તેજસ્વી કાળી આંખો, ઘડેલું ઉઠાવદાર નાક, મધુર આકર્ષણવાળા હોઠ અને સુગોળ મોં જાપાનમાં અનેરી જ છાપ પાડે છે.

આવતાં વેંત જ ટેલિફોન લઇ તેમણે તુરત ઓસાકા માઈનીચી (ઓસાકા દૈનિક)ની ઑફિસમાં સહતંત્રીને બોલાવ્યો. તેમની વાતચીત આટલી જ થઈ: મોશમોશી (એલાવ); જુઓને, હિંદુસ્તાનથી બેચાર આગેવાન ગૃહસ્થો અને વિદ્વાન તેમજ આર્ટિસ્ટ આવ્યા છે. તેમનો ઇન્ટરવ્યુ મુખ્ય અધિપતિ લેશે? તપાસ કરી કહો. જવાબ આવ્યો કે એક કલાક પછી અધિપતિ મહાશય તમારી મુલાકાતના ખંડમાં રાહ જોશે. ઓસાકા માઇનીચી એટલે રોજની ૨૨ લાખ નકલો છાપનારૂં પત્ર. તેમાં અમારો ઈન્ટરવ્યુ આવે એટલે જાપાન અને બૃહદ્ જાપાનમાં અમારી સર્વત્ર ખબર પહોંચી જાય. હું એ વખતે સાદા કોટપાટલુનના સૂટમાં હતો. માથે કાશ્મીરી ટોપી હતી. એ જોઇ મિ. સહાયે શુદ્ધ હિંદી ઢબના કૉંગ્રેસ સૂટમાં આવવા કહ્યું. બે કલાકનો વખત હતો, એટલે મુકામ પર જઇ કપડાં બદલી હું એમને કોબેના અંડરગ્રાઉન્ડ રેલવે સ્ટેશન ‘હાંક્યુ’ આગળ મળ્યો. ભોંયતળિયામાં રેલવે સ્ટેશન મેં તો પહેલી જ વાર અહીં જોયું. નીચે મોટી બજાર અને સ્ટેશનના પ્રવેશો તથા પ્લેટફૉર્મો મને તો સાવ નવા જ દેખાવો હતા. પણ તેની અજાયબી વધુ ટકી નહિ. અરધા કલાકમાં તો અમે ઓસાકાના સ્ટેશનમાંથી બહારની ટૅક્સીઓમાં દોડી ઓસાકા માઈનીચીની લિફ્ટમાં એક કાફલે ખડકાયા અને કેટલાક માળ પર અટકી રૂવાંટીવાળી જાજમ પર ચાલતા ઇન્ટરવ્યુ (મુલાકાત)ના ખંડમાં વિરાજમાન થયા. મદદનીશ તંત્રી રાહ જ જોતા હતા. મિ. સહાયની આ મંડળમાં ઘણી જ સારી છાપ અને લાગવગ જણાઇ. આવા મોટા પત્રના મુખ્ય તંત્રી ભાગ્યે જ કોઈની મુલાકાત માટે નવરા હોય; પણ મિ. સહાયનું નામ પડ્યું એટલે કંઇક વધુ રસ અને ધ્યાનથી અમારો સત્કાર થતો દેખાયો. દરમિયાન એકબે રીપોર્ટરો અમારા દરેક જણ સાથે જુદીજુદી વાતચિત કરવા લાગ્યા. દરેકના હાથમાં પેઇન્ટ ટપકાવવાની નોંધપોથીઓ તો હતી જ. થોડીવારે સહતંત્રી દાખલ થયા. તેની પાછળ ઊંચા સામુરાઇ બાંધાના મુખ્ય તંત્રી મિ. શિંગેરો તાકેઇશી દાખલ થયા. અમે બધા ઊભા થયા એટલે તેમણે તરત જ વિનયથી જાપાની રીતે નમન કર્યું અને દરેક જણને બેસવા કહ્યું. મિ. સહાયે બધાની વારાફરતી ઓળખાણ કરાવી, અને દરેક જણે પોતાના નામનાં કાર્ડ રજુ કર્યાં: એટલે તેમણે દરેકને સામું પોતાનું એકેક કાર્ડ બતાવ્યું. જાપાનમાં કાર્ડ અદલબદલ આપવાનો શિષ્ટાચાર બહુ જ પ્રચારમાં છે અને તે ત્યાં ઉપયોગી પણ લાગે છે. આખી દુનિયાની પ્રજા ત્યાં આવે ને જાય એ ટૂંકા પરિચયની યાદગીરી ત્યાં બીજી તે શી રીતે રહે? જાપાનમાં રોજ પાંચપંદર કાર્ડ આપવાનાં અને સામાનાં સંઘરવાનાં હોય જ. પણ અંગ્રેજી નામ કોઈ વાંચે નહિ. અમારે

અમારાં કાર્ડ પાછળ જાપાની તરજૂમા છપાવી લેવા પડ્યા હતા. માત્ર વર્તમાનપત્રોવાળા કે પરદેશ સાથે સંબંધ રાખનાર જાપાનીઓનાં કાર્ડ ઉપર જ અંગ્રેજી તરજૂમો હોય. નહિ તો આપણે કોઇને પૂછીને જાપાની ઉકેલાવી અંગ્રેજી નોંધ કરી લેવી પડે.

ઓસાકા માઇનીચીના મુખ્ય તંત્રીએ નાનાભાઇ જોડે પહેલાં વાત કરી તે દરમિયાન મેં તેમનો સ્કેચ કરી લીધો અને મારી જોડે વાત કરવાનો વખત આવ્યો તે વખતે એ સ્કેચ ઉપર સહી માગીને જ મેં મારો પરિચય આપ્યો. એની છાપ બહુ મજાની પડી. કળાની કરામતોમાં જાપાન બહુ જ રસ લે છે. એમણે સહી કરીને પહેલાં તો મારી સ્કેચબુક થોડીવાર માટે માગી ને તેમના બ્લૉકખાતામાં સ્કેચની નકલ કરી લેવા મોકલી દીધી અને બીજી થોડી વાત કરી એટલામાં એક ખૂણામાં ફ્લૅશ ફોટો લેનાર રીપોર્ટરે ધ્યાન ખેંચ્યું એટલે દરેક જણ એડીટરના સાથમાં જરા ઠીક થઇ ગોઠવાયા. એક ચમકારો—અને છબી પડી ગઇ! તંત્રીશ્રી આગળ અમે પ્રેસ જોવાની માગણી કરી એટલે પોતે બહુ કામમાં છે કહી રજા માગી, પણ સહતંત્રીને આખું પ્રેસ બતાવવા સાથે મોકલ્યા.

એ જ માળ ઉપર બ્લૉક તથા ફોટોગ્રાફીનું ખાતું હતું. તેમાં પણ ઘણા ભાગો હતા. એક તો ફિલ્મોનું જ ખાતું હતું. ઓસાકા માઇનીચી પત્રકારત્વ ઉપરાંત દેશની જે અનેકવિધ સેવા કરે છે તેમાં જ્ઞાન, પ્રવાસ અને ઉદ્યોગોની ફિલ્મો તૈયાર કરી પ્રજામાં જુદેજુદે ગામે બતાવનારૂં એક મોટું ખાતું છે. સેંકડો ફિલ્મો તેમના સંગ્રહમાં હતી, પણ અમને તેની વિગતમાં ઊતરવાને જરા યે વખત નહોતો. કોઇ મોટા રાજમહેલ જેટલા વિસ્તારવાળું એ મકાન ભૂલભુલામણીનો નમૂનો હતો. અમે તો ગલીઓ અને લિફ્ટોનો ઉપયોગ કરતાં કેટલાં યે યંત્રો, કેટલાં યે દફતરખાનાંમાં ફરી વળ્યા, પણ એક રેડિયો મેસેજનું અને રેડિયો ફોટોન્યુસનું ખાતું જોઈ અજબ થયા. રેડિયો મેસેજ તો ચક્કર પર આવ્યે જ જતા હતા. પણ રેડિયો ફોટોસર્વિસનું યંત્ર અજબ જોયું! ગમે એટલા દૂરના મુલકની છબીઓ જાપાન માત્ર વીસપચીસ મિનિટમાં એ યંત્ર મારફત મેળવી શકે છે અને યુરોપ કે અમેરિકાનાં ચિત્રો તે જ દિવસે પ્રકટ કરી શકે છે એ વર્તમાનપત્રની નવાઇ વાંચેલી પણ પ્રત્યક્ષ અહીં જોઇ. તંત્રીઓની ઑફિસો અને મુલાકાતના ઓરડાઓ એ બધું માત્ર નજર તળે પસાર કર્યું, પણ ભોંયતળિયે યંત્ર આગળ પહોંચ્યા ત્યારે થંભી ગયા. દોઢબે કલાકમાં બાવીસ લાખ પત્રો છાપી કાપી વાળી આપનાર યંત્ર એ મકાનનું આખું તળિયું રોકતું પથરાયુ હતું.

પ્રચારસંખ્યામાં દુનિયાનું બીજા નંબરનું આ છાપું પહેલાં અમેરિકન મશીન ઉપર છપાતું, પણ થોડા વખત પહેલાં તેમણે થોડો સુધારો કરી જાપાનમાં જ બીજું મશીન બનાવ્યું જે એટલી જ મુદતમાં દોઢી નકલો આપતું થયું છે. આ યંત્રો ચોપડીમાં જોયાં હોય તે નકામું જ છે. તેનાં માપ અને વિસ્તાર જંગી છે અને ઝડપ તો ફાસ્ટ ટ્રેનોને ભુલાવે તેવી છે. મશીનમાંથી પડતા છાપાના થોકડા મોટા ચાલતા પટા ઉપર બહાર જતા જુઓ ત્યારે જ્ઞાનગંગાનો પ્રચંડ ધોધ ચાલે છે એવી કલ્પના થાય. પોણા કલાક સુધી અમે પગે ચાલચાલ કરી નીચે આવ્યા, ત્યાં અમારી છબીઓના મોટા એન્લાર્જમેન્ટ જોયા. તેમ જ મારી સ્કેચ બુક પાછી મળી તેમાંથી નકલ કરેલો ફોટોસ્કેચ પણ જોયો.

બીજે દિવસે તો સવારમાં જાપાનને ખૂણેખૂણે અમારો ઈન્ટરવ્યુ અને છબીઓ જાપાનીઓના હાથમાં પહોંચી ગયાં. ઓસાકા માઈનીચીનું પત્રકારત્વ વિગતે જાણવાને તો બહાર પડેલી પુસ્તિકા વાંચવી જોઇએ, પણ આ પત્રની નકલો કોરીઆ મંચુરીઆ, હોકાઇડો, ફાર્મોસા વગેરે સ્થળે તાકીદે પહોંચાડવા માઇનીચીનાં જ વીસ એરોપ્લેનો ચારે દિશામાં છૂટે છે. એટલે જાપાનનો કોઈપણ પ્રદેશ દોઢ બે કલાકમાં તો માઇનીચીની અસરમાં ગરકાવ થયો જ સમજો. તેમની સમાચાર મેળવવાની તરકીબો પણ પાર વગરની છે. ઓસાકા અને ટોકીઓ વચ્ચે તો ફોટો-ટેલીફોન છે. સાધારણ માણસ પણ એક ચેનમાં પોતાના હસ્તાક્ષરો અને ફોટોવાળી ચિઠ્ઠી ઓસાકામાં ત્રણસો ચારસો માઇલ છેટે મોકલી શકે છે. પણ સ્ટીમરો, વહાણો અને ફરતા પ્રદેશોની છબીઓ અને ચિઠ્ઠીઓ માટે કાસદી કબૂતરોનો જબરો ઉપયોગ થાય છે. માઇનીચીની અગાશી પર તેમનું મુખ્ય મથક છે. સેંકડો કબૂતરો ન્યુસ રીપોર્ટને લાવેલાં હોય છે. એ કબૂતરોની બે પાંખ વચ્ચે પીઠ ઉપર એક ટ્યુબ રહે છે. તેમાં ચિઠ્ઠી કે ફોટોનૅગેટિવ ભરાવી, સીલ કરી કબૂતરને છોડ્યું કે તીર પેઠે સીધું મથકે પહોંચે છે અને થોડી મિનિટમાં તો એ નેગેટિવ પરથી એન્લાર્જ કરેલું ચિત્ર છાપામાં દેખાય છે! જાપાનના છાપાંઓની વિગતો હજી આગળ કહેવાની છે, પણ આ માઇનીચીમાં અમારી પ્રકટ થએલી મુલાકાતે કઇક મિત્રોને જલદી અમારા ખબર પહોંચાડ્યા અને નહિ ધારેલા મિત્રો અમને શોધતા આવ્યા ને મળી ગયા. આફ્રિકામાં રહેલા જાપાનીઓએ આપણા ગુજરાતી ભાઇઓને અમારા જાપાનમાં પહોંચ્યાના ખબર આપ્યા ત્યારે જ તેમને અમારા પ્રવાસની ખબર પડી!

(ચાલુ) —ર. મ. રા.

એણે સારી જુવાની બરબાદ કરી-એક ધ્યેયને ખાતર. અને પરિણામ? પોતાના માટે તો આથમતા જીવને જેલની કોટડી અને લાચારીભર્યું મોત; પણ પોતાના દેશને, કાચના વાસણોને મીનો ચડાવવાની મુશ્કેલ કલાની ભેટ



એક ધૂન પાછળ એ પાગલ બન્યો. ઘરના રાચરચીલાનો ભડકો કર્યો. ઘરનાં ને ગામનાં માણસોનું અપમાન વેઠ્યું. ને આખરે એ ધૂન સાર્થક બની ત્યારે ફ્રાન્સે એને જીવાડવામાં માત્ર ધર્મદૃષ્ટિએ પાપ જોયું !

જીવનસિદ્ધિ અર્થે સોળસોળ વર્ષની તનતોડ મહેનત, મુફલિસી અને લોકોના તિરસ્કાર એ બધાને ઘોળીને પી જઇ કામયાબ શહાદત વરનાર

બર્નાર્ડ પાલીઝી

માત્ર હિંમત અને ખંત—પર્વત જેવી અડગ હિંમત અને પળેપળ નીચોવી નાખનારી ખંત—હોય તો માણસ હરકોઇ સિદ્ધિને વરી શકે છે એનો જીવતોજાગતો પુરાવો રજુ કરતી આ કથા છે.

ઇંગ્લંડમાં ચોથા હેન્રીએ જ્યારે ચોથી ને પાંચમી સ્ત્રીથી શાદી કરી અને ટૉમસ ક્રૉમવેલનો વધ થયો એ ૧૪૪૦ની સાલમાં કાચ પર ચિત્રકામ કરી રોજી મેળવનાર એક ફ્રેન્ચ ચિતારાને એનામલનો એક પ્યાલો હાથ આવ્યો. એ મામૂલી પ્યાલાએ એ ખેહાલ રખડુની જિન્દગીમાં જબરદસ્ત ક્રાન્તિ આણી દીધી.

એ ફ્રેન્ચ ચિતારાનું નામ બર્નાર્ડ પાલીઝી. તેની જન્મતારીખ કે જન્મસ્થાન વિષે કશું ચોક્કસ જાણવામાં નથી આવ્યું, પણ ઇ.સ. ૧૫૦૯-૧૦માં ફ્રાન્સના પેરિગૉર્દ પરગણામાં તે જન્મ્યો હોવાનું મનાય છે.

એ કોઇ ખાનદાન કુટુંબમાં નહોતો ઉછર્યો. જન્મથી જ મુફલિસી વચ્ચે તેની જિંદગી શરૂ થઇ હતી. કાચ પર ચિત્રો આલેખવાનું કામ કોઇ એક જ સ્થળે પૂરૂંપાધરૂં મળી શકે એમ નહોતું, એટલે અઢારેક વર્ષનો થતાં જ ધંધાપૂરતી કામગીરી મેળવવા ખભે ખડિયો ભેરવી કુમાર પાલીઝી ચાલી નીકળ્યો.

કુદરતનો એ ખૂબ શોખીન હતો ને જ્યારેજ્યારે તે મુસાફરીએ નીકળતો ત્યારે ઝાડ, પાન, ફૂલ, પતંગિયાં વગેરેનું ખૂબ અભ્યાસપૂર્વક નિરીક્ષણ કરતો. એને ખબર પણ નહિ કે એને પરિણામે એ એના જમાનાનો પ્રખ્યાત નિસર્ગશાસ્ત્રી બનશે.

માત્ર ચીતરવાનું તેનું કામ ક્યાં યે તેને પૂરતી રોજી ન આપવા લાગ્યું એટલે જમીન માપવાનું, મકાનના નકશાઓ તૈયાર કરવાનું વગેરે જે જે કામ મળે તે બધું તે સાથેસાથ કરતો રહેતો. જ્ઞાન માટેની તેની ભૂખ અજબ જેવી હતી અને આખા યુરોપખંડમાં જે વેળા માત્ર જ્યોતિષની જ બોલબાલા હતી એવા સમયમાં તેણે સંપાદન કરેલું રસાયણનું જ્ઞાન કોઇને પણ આશ્ચર્ય ઉપજાવે એવું હતું.

દસબાર વર્ષ આમ રખડપાટમાં ગાળી, લોઅર શારેન્ટમાં આવેલા સેઇન્ટી ગામમાં તે ઠરીઠામ થયો. ત્યાં રહી કાચ રંગવાનું ને જમીન માપવાનું કામ તેણે કરવા માંડ્યું. ૨૯ વર્ષની વયે તે પરણ્યો. એને પરણનારી એ બાઇને, જે ભાવિ કસોટીઓમાંથી પસાર થવાનું હતું તેની ખબર હોત તો તેને પરણત કે નહિ એ પણ એક સવાલ છે.

એક મામૂલી પ્યાલું અને એક બેહાલ રખડુ એ બેના અકસ્માત ભેટાની કથા

હવે બે જણના નિર્વાહ પૂરતી રોજી મેળવવાની હતી. તેણે છબીઓ ચીતરવાનું શરૂ કર્યું. પણ ગુજરાનના બે છેડા તો સંધાયા જ નહિ. કુટુંબમાં પણ વધારો થવા લાગ્યો. બરાબર આ ગડમથલો અને ચિંતાઓના અરસામાં જ તેને પેલો એનામલનો પ્યાલો હાથ આવ્યો.

ફ્રાન્સમાં એ વખતે એનામલ બનાવી જાણનારી એકે વ્યક્તિ નહોતી. આખા યુરોપમાં થોડાક ઇટાલિયનો અને જર્મનો જ એ કસબ જાણતા અને તેઓ પણ તેની બનાવટ તો ગુપ્ત જ રાખતા. રાજાઓ કે અમીરોને યે પોતાના મહેલોના શણગાર વાસ્તે એનામેલનું રાચરચીલું ખરીદવા એ દેશોમાં જવું પડતું, એટલે પાલીઝીને લાગ્યું કે એ કસબ જો પોતે શીખી લે તો નસીબનું ચક્કર સમૂળગુ ફરી જાય.

બસ, તેને એ ધૂન જ લાગી. એનામલની શોધ સિવાયની બધી બાબતો તરફ તેણે આંખકાન બંધ કર્યાં. એનામલ કઇ વસ્તુઓથી બનતું હશે એ તો એ જાણતો નહોતો, એટલે બજારમાંથી અમુક વસ્તુઓ લાવી તે પર તે અખતરા કરવા લાગ્યો. જે પદાર્થોથી તે બનવાનો સંભવ જણાય તે બધાં તેણે ખાંડી નાખ્યાં. પછી સાદાં માટીનાં વાસણો લાવી ફોડી નાખી, તૈયાર કરેલાં મિશ્રણોનો તેમાંના દરેક કકડા પર લેપ કરીને પકવવા વાસ્તે ભઠ્ઠીમાં નાખ્યાં. કશું પરિણામ ન આવ્યું. વાસણો ફોડયાં, બળતણ બાળ્યું, રોગાનની ચીજો ગુમાવી ને વખત ખોયો અને એ બધું જ બરબાદ ગયું. પાલીઝીનું સદ્‌ભાગ્ય એ હતું કે તેની પત્ની તેના જેવી ઉત્સાહી નહોતી પણ ધીરજવાન તો હતી જ.

મહિનાઓ વીત્યા છતાં પાલીઝી તો પોતાના અખતરા કર્યે જ ગયો. પહેલી ભઠ્ઠી નિષ્ફળ જતાં તેણે બીજી ભઠ્ઠી ખૂણામાં બનાવી. પુષ્કળ લાકડાં તેણે બાળ્યાં ને ઘણાં દ્રવ્યો ખરાબ કર્યાં. કેટલાંયે વાસણોનો તેણે ખુરદો કર્યો પણ તેની ધારણા જરા પણ સફળ ન થઇ. નવાં વાસણો, નવી ભઠ્ઠીઓ ને નવાં મિશ્રણો દિવસેદિવસે તેને કંગાલિયત તરફ ધસડતાં ગયાં.

છતાં તે નાહિમત ન બન્યો. વરસો વીતવા છતાં તેનો નિરાશ શ્રમ ચાલુ જ રહ્યો. સાથેસાથ કુટુંબને રોટીના સાંસા પણ પડતા ગયા.

હવે તો એવો વખત આવ્યો કે ભઠ્ઠી માટે બળતણ લાવવા પૂરતા પૈસા પણ તેની પાસે ન નીકળ્યા. રહ્યા સહ્યા પૈસામાંથી યે બીજાં વાસણો લાવી, ફોડીને તેણે ઠીકરાં કર્યાં, રોગાન ચડાવ્યો ને સેઇન્ટીથી ત્રણ ગાઉ છેટે આવેલી નળિયાંના કારખાનાની એક સામાન્ય ભઠ્ઠીમાં તે પકવવા સારૂ લઇ ગયો. પકવાઇ ગયાનો વખત થતાં ઉત્સાહ સાથે તેણે એ ત્રણસોચારસો ઠીકરાં તપાસ્યાં, પણ કશા જ પરિણામ વગર શરમ ને નુકસાની સાથે તેને પાછા ફરવું પડયું.

આમ નાણાંની ખોટ ખેડીને પણ ઘણા સમય સુધી તેણે અખતરા ચાલુ રાખ્યા, પણ ઘરની સ્થિતિ કંગાલિયત તરફ વધુ ને વધુ ધસડાતી ચાલી. પાલીઝીને યે લાગ્યું કે પોતાની પહેલી ફરજ કુટુંબને પોષવાની હતી, એટલે વળી તરત પૂરતો એનામલનો વિચાર તેણે મુલતવી રાખ્યો ને ફરી પોતાનું ચિત્રકામ શરૂ કર્યું.

તેવામાં સેઇન્ટીની ખારવાળી જમીન, મહેસુલ ઉઘરાવવાના ઇરાદાથી માપવાની સરકારને જરૂર પડી અને એ માટે માપણી કરી યોગ્ય નકશો તૈયાર કરવા પાલીઝીને રોકવામાં આવ્યો. આ કામ બદલ તેને સારા જેવા પૈસા મળ્યા. પૈસા જોતાં જ એનામલનું ભૂત ફરી તેના મનમાં જાગી ઊઠયું ને ફરી તેના અખતરા પાછળ તે મંડી પડચો. આ વખતે તેનો ઉત્સાહ પહેલાંના કરતાં અનેકગણો વધી ગયો હતો.

ત્રણ ડઝન નવાં વાસણો તે લાવ્યો. બધાં ઉપર જુદાજુદા રોગાનો તેણે લગાવ્યા અને એ ખૂબ પકવવા સારૂ પાસેની એક કાચની ભઠ્ઠીમાં તે લઇ ગયો. તે પાકીને બહાર નીકળતાં તેના આનંદનો પાર ન રહ્યો. તે સફળ તો નહોતો જ થયો, પણ વાસણો પરનાં થોડાંક મિશ્રણો પીગળેલાં તેને જણાયાં. અનેક વર્ષોની તેની બરબાદ મહેનતમાં ફૂટી નીકળેલા આશાના એ એક જ કિરણે તેનો ઉત્સાહ અવિરત રાખ્યો.

બીજાં બે વર્ષ સુધી કંઇ પણ સંતોષકારક પરિણામ ન આવવા છતાં તે પ્રયોગો કર્યે જ ગયો. જમીનની માપણીની કમાણી લગભગ ખલાસ થવા આવી. કુટુંબ પણ વધ્યું હતું. કંટાળતી જતી પત્નીને ભાવિ સુખની લાલચો આપી તે શાંત રાખ્યે જતો હતો; પણ આખરે ઘરની કંગાલિયત ટોચે પહોંચી.



વાડીનો ઝાંપો ભાંગ્યો, ટેબલો ભાંગ્યાં, ખુરશીઓ ભાંગી ને છેવટે અભરાઇઓ પણ તોડીતોડીને અગ્નિ ચાલુ રાખવા તે ભઠ્ઠીમાં ઝીકવા લાગ્યો.

પાલીઝીને આ બધું છોડી દેવાની મરજી થઇ. ખોરાક ને કપડાં જેવી પ્રાથમિક જરૂરીઆતની ચીજો પણ એ કુટુંબને પૂરી નહોતી પાડી શકતો એ વાસ્તે એને શરમ ઉપજી. પણ જીવનની ઘરેડમાં ઘસડાવા પહેલાં ફરી એક વાર અને આખરી જ એક અખતરો કરી લેવાની તેને ઇચ્છા થઇ આવી.

કોઇપણ ઉપાયે તે થોડાંક નવાં વાસણો લાવ્યો અને ઓછામાં ઓછાં ત્રણસો નવાં મિશ્રણો બનાવ્યાં. દરેક કકડા પર જુદાજુદા મિશ્રણોનો રોગાન લગાવી, તે પર નિશાનીઓ કરી તેની એક સુચિ તેણે ઉતારી લીધી; કશું વિશેષ કરવાનું બાકી રહેતું નથી તેની પાકી ખાતરી કરી લઇને એ બધા કકડાની ફાંટ બાંધી પાસેની કાચની ભઠ્ઠી ભણી તે ઊપડ્યો.

ફરી ભઠ્ઠી ચડી. સાડત્રીસ વર્ષનો યુવાન હોવા છતાં જૈફીને કિનારે પહોંચેલો લાગતો પાલીઝી ભઠ્ઠીની બાજુના જ ઇંધણ પર ચડી બેસી બધી પ્રક્રિયા ઉત્સાહપૂર્વક જોવા લાગ્યો. ચાર કલાક તે ત્યાં બેઠો. એ ચારે કલાક તેની આંખો તો ભઠ્ઠીને તાકતી જ રહેલી. ચાર કલાકે ભઠ્ઠીનાં બારણાં ખુલ્યાં, કકડા ઠરવા માટે હવામાં મૂકવામાં આવ્યા અને પાલીઝી એ કકડા સામે જઇ ગોઠવાયો. ત્રણસો કકડામાંથી એક જ કકડાનો રોગાન પીગળ્યો હતો! પણ તે સૂકાય કયારે?

આશા અને નિરાશા વચ્ચે આશ્ચર્યચકિત આંખે પાલીઝી એ કકડાને ઠરતો જોઇ રહ્યો. કિસ્મત નવાજતી લાગી, કારણ જેમજેમ એ કકડો ઠરતો ગયો તેમતેમ તે સફેદ ને ચમકદાર થતો ગયો. છેવટ એક સફેદ ચળકતી સપાટીમાં તે મિશ્રણ જામી ગયું અને તે ખરેખરૂં એનામલ હતું. કંટાળાભરેલા પોતાના અવિરત શ્રમને અંતે એ કકડો તેને અસાધારણ સુંદર લાગે તેમાં નવાઇ ન હતી. હરખનો માર્યો એ કકડો લઈ પોતાની સ્ત્રીને દેખાડવા તે દોડ્યો. પોતાને નવો અવતાર મળ્યો હોય એમ જ તે માનવા લાગ્યો. આ થોડી શી ફતેહે તેને બીજા વધારે અખતરાઓ કરવા ને નિષ્ફળતાઓ અનુભવવા વધુ ને વધુ લલચાવ્યો. ખુદ પોતાની જાતમાંથી પણ શ્રદ્ધા ઓસરતી જતી હતી એવા વખતે પાલીઝીને મળેલી આ આવડીશી ફતેહ પણ અણીના વખતની જ કહેવાય.

પણ આ તો સિદ્ધિનું માર્ગદર્શન માત્ર હતું. લાંબો માર્ગ તો કાપવાનો હજુ બાકી હતો. હવે પાલીઝીને પોતાના અખતરાઓ ખાનગીમાં કરવા ઠીક લાગ્યા. તે માટે કાચગરાઓના જેવી ભઠ્ઠી જોઇએ. તેણે ભઠ્ઠી ઊભી કરવાનો નિશ્ચય કર્યો. પણ મજૂરી ખરચવાના પૈસા તો તેની પાસે હતા જ કયે દહાડે? એટલે ઈંટવાડેથી એક ઈંટારા પાસેથી થોડીક ઇંટો ઉછીનીઉધાર મેળવી પોતાની પીઠ પર જ તે ઉપાડી લાવ્યો ને પોતાને હાથે જ ભઠ્ઠી ચણવા માંડી.

સાત આઠ માસ વીત્યા ને ભઠ્ઠી ચણાઇ ઉપયોગ માટે તૈયાર બની. દરમિયાનમાં કુંભારનો ધંધો પણ તેણે શીખી લીધો હતો, એટલે પોતાના હાથે માટીનાં વાસણ બનાવી તે પકવી લેવા લાગ્યો. પકવેલાંમાંથી યોગ્ય લાગ્યાં એ વાસણો તેણે જુદાં કાઢ્યાં ને એક મહિનો તેણે બજારમાંથી લાવેલાં અનેક દ્રવ્યો ખાંડવામાં ગાળ્યો. દ્રવ્યો તૈયાર થતાં વાસણો પર તેનો રોગાન ચડાવી અસાધારણરીતે તપાવેલી ભઠ્ઠીની અંદર એ મૂકયાં.

આખો દિવસ તે ભઠ્ઠી પાસે ને પાસે જ બેઠો રહ્યો; રાત પણ તેમ જ ગઇ; પણ એનામલ પીગળ્યો નહિ. ભઠ્ઠીમાં બળતણ ઓરતો તે બેઠો જ રહ્યો. બીજો દિવસ ઊગ્યો પણ તે ખાવા સરખો યે ન ઊઠ્યો. તેની પત્ની તેને ખાવાનું પહોંચાડી ગઇ. બીજી રાત પણ

પસાર થઈ ને ત્રીજો દિવસ ઊગ્યો. હજુ એનામલ નહોતો પીગળ્યો ને હજુ પાલીઝી નહોતો ઊઠ્યો. ફિક્કો, લેવાઇ ગએલો, હજામત વધેલો, નિષ્ફળ થએલો છતાં અણનમ એવો પાલીઝી પોતાની ભઠ્ઠી પાસે મીનો પીગળવાની આતુરતાથી રાહ જોતો બેસી જ રહ્યો. ભૂખથી તેનાથી બોલી પણ નહોતું શકાતું, ને આંખમાં તો ગાઢું ઊંઘ ભરાએલી; છતાં તેમાંથી એકકે તેની ખંતને અટકાવી શકે એમ ન હતું. એમ ને એમ આશા સાથે યુદ્ધ આદરીને અજીત પાલીઝીએ છ દિવસ ને છ રાત વગર ઊંઘે ને વગર ખાધે ભઠ્ઠીસામે તાકતાં ગાળી, પણ મીનો ન પીગળ્યો તે ન જ પીગળ્યો. તેના પડોશીઓએ તેને ગાંડા તરીકે ફૂટી કાઢ્યો ને તેની બૈરીને પણ હવે તો એમ જ લાગવા માંડ્યું.

હવે પાલીઝીને લાગ્યું કે એનામલનાં દ્રવ્યોમાં અગર તો તેમના અનુક્રમમાં જ તેણે કંઇક ગલતી કરી હોવી જોઇએ. એટલે ભઠ્ઠીને જેમની તેમ ધખતી રાખી નવા પ્રયોગ સારૂ ફરીનવાં દ્રવ્યો લાવી તે દળવા ને મેળવવાના કામમાં એ મચ્યો. આમ કરતાં બીજાં બેત્રણ અઠવાડિયાં પસાર થઇ ગયાં. દ્રવ્યો તૈયાર થયાં પણ રોગાન લગાવવા વાસણો કયાંથી લાવવાં? પહેલાંના વાસણો તો ઘણો વખત સુધી તપ્યા કરવાથી પ્રયોગ વાસ્તે તદ્દન નકામાં બની ગયાં હતાં. નવાં ખરીદવા જેટલા પૈસા તેની પાસે ન હતા. પણ સદ્‌ભાગ્યે તેની શાખ સારી હતી. એક મિત્ર પાસેથી તેણે થોડાં વાસણ ઉછીનાં મેળવ્યાં અને નવી તૈયારી કરી. વાસણોને નવા મિશ્રણમાં રંગ્યાં, ભઠ્ઠીમાં મૂક્યાં ને ફરી ભઠ્ઠી ચાલુ કરી.

આ તેનો છેલ્લામાં છેલ્લો અને સાહસપૂર્ણ પ્રયોગ હતો. અગ્નિ ભભૂકયો, ગરમી અતિશય થઇ, પણ એનામલ ન પીગળ્યો ને બળતણ તો ખૂટવા લાગ્યું. આગને ચાલુ શી રીતે રાખવી? વાડીનો ઝાંપો લાકડાનો હતો. આ પ્રયોગ રદ થાય તે કરતાં તેને હોમી દેવો શો ખોટો? તેણે ઝાંપો ઉખેડી લીધો ને ભઠ્ઠીમાં હોમી દીધો. ભડભડ કરતો તે બળી ગયો, પણ રોગાન તો જેમનો તેમ જ રહ્યો. દસેક મિનિટ વધુ ગરમી અપાય તો કદાચ પીગળે એમ સમજી તેણે ઘરના રાચરચીલા પર હાથ નાખ્યો. ટેબલો ભાંગ્યાં, ખુરશીઓ ભાંગી ને છેવટે અભરાઇઓ પણ તે તોડવા મંડ્યો અને એ બધાં ભઠ્ઠીમાં ઝીકવા લાગ્યો. તેની સ્ત્રી અને બાળકોને પણ તેના આવા ઝનૂની વર્તનથી તેના મગજના સમતોલપણા માટે હવે શંકા થવા માંડી.

એ દિવસ માટે પાલીઝી લખે છે કે, 'શ્રમથી હું એવો તો અક્કડ બની ગએલો કે મારાથી બોલી પણ શકાતું નહિ. ભઠ્ઠી પાસેની સતત બેઠકથી હું લગભગ ભુંજાઇ ગયો હતો. મહિનો થયાં મારા ખમીસ પરથી પરસેવો કદી સુકાયો ન હતો. મારી બધી શાખ પર પાણી ફરી વળવા લાગ્યું હતું. કેટલાક કહેતા કે હું બનાવટી સિક્કા પાડવા મથું છું, જ્યારે કેટલાક કહેતા કે હું ગાંડો થઇ ગયો છું. મારા પર કરજ પણ વધ્યે જતું હતું, પણ મારા માટે દિલાસાનો એકે શબ્દ કોઇના મોંમાંથી નીકળતો ન હતો.'

પણ આ આખર અખતરો સફળ થઇ ગયો. હવે તો સારા દિવસો આવે ત્યારે પોતાની શોધને અમલમાં મૂકવાની તક માટે ધીરજથી રાહ જોવાની રહી.

થોડા વખત બાદ પોતાની મરજી મુજબનાં માટીનાં વાસણો તૈયાર કરવા પાલીઝીએ એક કુંભારને રોકયો. પણ માલ તૈયાર થાય ત્યાં સુધી કુટુંબનું ગુજરાન કેવી રીતે ચલાવવું? સદ્‌ભાગ્યે સેઇન્ટીમાં હજુ એક એવો માણસ રહેતો હતો જેને પાલીઝીના કાર્યમાં શ્રદ્ધા ન હોવા છતાં તેના પ્રમાણિકપણામાં પૂરતી શ્રદ્ધા હતી. તે હતો એક હૉટેલવાળો. પાલીઝીનું કામ ચાલે તે દરમિયાન છ મહિના સુધી તેના કુટુંબની ખોરાકી ને મકાનભાડાનું ખર્ચ તેણે વહોરી લીધું. પણ રોકેલા કુંભારને તો પગાર ચૂકવવો જોઇએ ને? અંતે તેણે પોતાનાં કપડાં આપી એ કુંભારની મજૂરી ચૂકવી!

ત્યાર પછી તેણે એક વધુ સારી ભઠ્ઠી ઊભી કરી. એક ઈંટના કકડાથી તેનો હાથ સખ્ત ચીરાયા છતાં તેણે મહેનત ચાલુ રાખી. આ વખતે મિશ્રણો સુધર્યાં હતાં એટલે ભઠ્ઠી પણ સારૂં પરિણામ બતાવવા લાગી, પણ કમનસીબ ફરી આગળ આવ્યું. ભઠ્ઠીની અંદરનો કેટલોક ભાગ તેણે ચકમકના પત્થરોથી બનાવેલો ને ભઠ્ઠીની ગરમી વધતાં એ બધા તડોતડ ફૂટી નીકળ્યા.

ગમે એવા ગુમ મગજનો માણસ હોય તે પણ આટલું થતાં તો પોતાના પ્રયત્નો છોડી જ દે; પણ ખંતના પૂતળા સમા પાલીઝીનો નિશ્ચય તો લેશ પણ

ન ડગ્યો. બગડેલાં વાસણો તે વેચત તો વેચાઇ જાત, પણ એવી રીતે પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાને નાખુશ પાલીઝીએ એ બધાં ભાંગી નાખ્યાં.

તે લખે છે કે 'આટલું છતાં પણ મેં હિંમતપૂર્વક આશાને ટકાવી રાખી. સૌથી ભારેમાં ભારે દુઃખ તો મને એ હતું કે મારા પોતાનાં ઘરનાં જ માણસો મને વગર સાધને કામ કરતો ધારીને મારી મશ્કરી કરતાં ને મને ત્રાસ આપતાં. વર્ષો સુધી મારી ભઠ્ઠીને છાપરા જેવું કંઇ રક્ષણ ન મળ્યું. કેટલી યે રાતો વાયરા ને વરસાદની દયા પર મારે રહેવું પડતું. એક બાજુ બિલાડાં ઝગડતાં, બીજી બાજુ કૂતરાં કકળતાં. ન મળે કોઇની મદદ કે શુભેચ્છા. વરસાદથી લદબદ થએલો, કાદવમાં રગદોળાએલો, દીવા વગરના અંધારા ઘરમાં, પીધેલો હોઉં એવે લથડતે ટાંટીએ હું આરામ લેવા પેસતો. મને અત્યારે નવાઇ લાગે છે કે આટલા બધા દુઃખજનક બનાવોથી પણ હું કંટાળ્યો કેમ ન હતો!'

મિશ્રણ તો તેને મળી ગયું હતું. ફક્ત વાસણો પર સુંદર રીતે તેનો રોગાન ચડાવવાનો જ બાકી હતો. પરંતુ એમાં પણ તેને બીજાં આઠ વરસ ગુમાવવા પડ્યાં. અનેક નિષ્ફળતાઓમાંથી નવાનવા પદાર્થપાઠ શીખતા જતા પાલીઝીને સોળસોળ વર્ષોના પરિશ્રમ બાદ છેવટ સિદ્ધિનાં દર્શન થયાં.

પાલીઝીની કીર્તિ હવે પ્રસરતી ગઇ અને ફ્રાન્સની રાણી કેથેરાઇન દ મેડિસીએ તોઇલરીનો પોતાનો મહેલ શણગારવા તેને આમંત્ર્યો. પાલીઝીને આથી જિંદગી-ભરની રોજી મળી ગઇ. હવે તેણે એક નાનુસરખું ખાનગી સંગ્રહસ્થાન પણ બનાવ્યું. માટી અને મીનાકારી ઉપર પુસ્તકો બહાર પાડ્યાં. કૃષિ, પ્રાકૃતિક વિજ્ઞાન અને ફિલસૂફી પર પણ તેણે ઘણું લખ્યું. તેનું છેલ્લું પુસ્તક તેની ૭૧ વર્ષની વયે બહાર પડ્યું.

પણ અભાગી પાલીઝીનું કમનસીબ ફરી ભભકી ઊઠ્યું. તેને આશ્રય આપનાર રાણી કેથેરાઇન મૃત્યુ પામી હતી ને ફ્રાન્સની ગાદી પર હેન્રી ત્રીજો આવ્યો હતો. ધર્માંતરનું ઝનૂન એ વખતે આખા યુરોપમાં ફેલેલું. ફ્રાન્સનો રાજવંશ કૅથલિક હતો ને પાલીઝી પ્રોટેસ્ટંટ હતો. વળી તેણે લખેલાં વિજ્ઞાનનાં પુસ્તકોથી પણ કૅથલિકો તેના પર ક્રોધે ભરાયા હતા. ધીમેધીમે પાલીઝી ભયંકર નાસ્તિક ગણાવા લાગ્યો. તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ. ન્યાયખાતાના અમલદારો તેના ઘરમાં ઘૂસ્યા, તેનાં વાસણોનો ભાંગી ભુક્કો કર્યો ને ૭૬ વર્ષના પાલીઝીને જીવતો બાળી મૂકવાની શિક્ષા કરી.

પણ હેન્રી ત્રીજાની કોર્ટમાંના કૉન્સ્તાબ્લ દ મૉંત મોરન્સી નામે અમીરને પાલીઝી સાથે સારો નાતો હતો. એ આ ખટલામાં વચ્ચે પડ્યો, રાજાને સમજાવ્યો ને પાલીઝીની સજા ઘટાડીને નજરકેદની કરવામાં આવી.

ઘણા દિવસ આમ નજરકેદમાં ગુજાર્યા બાદ એક દિવસ રાજા હેન્રી પાલીઝીને સમજાવવા ગયોઃ 'ભલા માણસ, રાજમાતાની ને મારી તેં અનેક વર્ષોથી નોકરી બજાવી છે અને એટલે જ આગ ને કત્લના વખતમાં પણ તારો ધર્મ મેં પાળવા દીધો છે. પરંતુ હવે તો લોકો મારા પર દબાણ લાવે છે. મને તારી દયા આવે છે, છતાં જો કાલ સુધી તું તારો ધર્મ નહિ છોડે તો મારે ન છૂટકે તને બાળી મૂકવાની સજા કરવી પડશે.'

પાલીઝીએ જવાબ આપ્યોઃ 'મહારાજ, તમે કહો છો કે તમને મારી દયા આવે છે, પણ ખરી રીતે તો તમારી જ મને દયા આવે છે. "ન છૂટકે" જેવા શબ્દો બોલી તમે તમારું રાજાપણું લજવો છો. ધર્માંતર હું કરવાનો જ નથી. મને મરતાં આવડે છે.'


આ શબ્દો સાંભળતાં રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે પાલીઝીને બાસ્તાઇલના કારાગારમાં પુરાવ્યો ને તરત તેના પર જીવતા બાળી મૂકવાની સજા ઠોકવા-માં આવી. પરંતુ એ સજાનો અમલ થાય તે પહેલાં તો ખખડી ગએલા પાલીઝીએ ૭૮ વર્ષની ઉમરે બાસ્તાઇલ-ના કારાગારમાં જ મોતની ગોદ સ્વીકારી લીધી.

અલબત્ત, પાલીઝી જો ધર્માંતર કરત તો ખૂબ સુખી થઇ શકત; પણ જેવો એ એનામલની શોધ પાછળ અડગ રહ્યો એવો જ પોતાના ધર્મ માટે પણ એ અડગ જ રહ્યો. જીવનભરના શ્રમના પરિપાકરૂપે તેણે જોએલું સુખ તો આગિયાની ચમક જેવું જ ગણાય. અને એની સિદ્ધિ પણ સસ્તી ન હતી. ઘણાંની બાબતમાં બને છે તેમ કોઇ ઓચિંતી પળે વણનોતરી કીર્તિ તેને આવી નહોતી વરી; તે પાછળ તો સોળસોળ વર્ષની તનતોડ મહેનત, મુફલિસી ને લોકોના તિરસ્કાર બધાંને ઘોળી પી જઇને પણ ધ્યેય-લક્ષી રહેવાની અબૂઝ ઝંખના ઊભેલી હતી.

ને એ જ તેની જીવનસિદ્ધિ. જીવનભરના એ મુફલિસના મૃત્યુ બાદ ફ્રાન્સે ઉપકૃત બની તેનું પૂતળું ઊભું કરી એ કામયાબ શહાદત અમર બનાવી છે.

અશોક હર્ષ

ગુર્જર કલાકાર શ્રી હરિહરલાલ મેઢ



ગુજરાતને ખોળે કલાકારો ન જ હોય એવી કિંવદન્તી પંદર વીસ વર્ષ પહેલાં સંભળાવનારાઓ આજે ગુજરાતનું મુખ ઉજ્જ્વળ કરી રહેલા યુવાન કલાધારીઓનું વૃન્દ જોઈ આશ્ચર્યમુગ્ધ થયા વિના રહ્યા નહિ જ હોય. કોઇ ગુજરાતી આજ નહિ કહી શકે કે ગુજરાતની કોડભરી કલા માત્ર સમયની ફૅશન છે. યુવાન કલાકારોમાં અભ્યાસ અને ઊર્મિએ જે સજીવ ઝરણાં વહેતાં કર્યાં છે તેનું પાન ગુજરાત અને હિંદની રસતૃષા છીપાવે એવું છે. ભાઇ હરિહરલાલ મેઢ ઠેઠ સુધી—કાશી લખનૌમાં રહીને પણ કલાકારોની એ નવી પેઢીની પ્રતિષ્ઠાની ગુજરાતને શાખ પૂરે છે.

ત્રણસો વર્ષથી એમના કુટુંબે ગુજરાતનું વડનગર તજ્યું. મુગલ સામ્રાજ્યમાં તેમના વડવાને રાજપદ અને ત્રણ ગામો પ્રાપ્ત થયાં અને કાશીમાં હવેલીઓ કરી છતાં ગણાયા તો ગુજરાતી જ;—માત્ર ગણાયા જ નહિ, તેઓ રહ્યા છે પણ ગુજરાતી જ. ઘરમાં ગુજરાતી ભાષા, ગુજરાતી પોશાક, વ્યવહાર સંબંધો પણ ગુજરાતના, એમ તેઓ સોળ આના ગુજરાતી જ છે, માત્ર તેમનો ઉછેર ત્યાંનો.

તેમના પિતાશ્રી પંડિત બિહારીલાલ મેઢ બાર-ઍટ-લૉ. કાશીના એક સમર્થ પુરુષ હતા. તેઓ ૧૯૧૯માં ગુજરી ગયા; પણ તેમનાં ફરજંદો-સાત પુત્રો અને ત્રણ પુત્રીઓ-એક સંસ્કારી કુટુંબજૂથ છે. હરિહરલાલના મોટા ભાઇ ગ્રૅજ્યુએટ થઇ બર્લિન ગયા અને બ્લૉક બનાવવાનું સંપૂર્ણ કામ શીખી ને થોડાજ સમયમાં ગુજરી ગયા, નહિ તો આજે તેમના હાથે વળી ભારતની કળાની અનેરી સેવા બજી હોત. બીજા ભાઇ હિન્દુ યુનિવર્સિટીમાં અંગ્રેજી ભાષાના પ્રોફેસર છે, ત્રીજા ભાઇ 'લીડરપત્ર'માં પત્રકારત્વ ચલાવે છે. ચોથો નંબર તેમનો પોતાનો છે. પાંચમા ભાઇ ગામડાંની જાગીરો સંભાળે છે, છઠ્ઠા B.Sc. નો અભ્યાસ કરે છે.

સૌથી નાનાં બેન B.A.માં છે. મોટાં બે બેન પરણ્યાં છે. હરિહરલાલનું ઘર ભારતેન્દુ હરિશ્ચંદ્ર હાઇસ્કૂલની સામે જ છે. તેમના પિતાશ્રીનો ઈરાદો તેમને ઍન્જિનિયર બનાવવાનો હતો, પણ તેમનો પોતાનો શૉખ પુરાણાં ચિત્રોની નકલો કરતાંકરતાં કલા તરફ ઢળ્યો. શ્રીમાન વિનાયક મહેતાએ તેમનો શૉખ જોઈ લખનૌ આર્ટસ્કૂલમાં જવાની તેમને ભલામણ કરી. વળી મહાવીરપ્રસાદ ઈશ્વરીપ્રસાદ તેમના મિત્ર અને લખનૌ આર્ટસ્કૂલના લૅકરવર્ક (લાખકામ)ના નિષ્ણાત હોઈ તેમણે પણ ત્યાં આકર્ષણ કર્યું એટલે કૉલેજ છોડી ૧૯૨૬માં ત્યાં ગયા. પહેલાં બે વર્ષ શ્રી વીરેશ્વર સેનના હાથ નીચે રહી રેખાંકન, પ્રકૃતિચિત્રણ, ડિઝાઇન (સુકલ્પન) વગેરે શીખ્યા પછી લાક્ષારસની કળામાં પ્રવેશ કર્યો. પાંચ વર્ષનો અભ્યાસ પૂરો કરતાં તેમને કાશીની ડિસ્ટ્રિક્ટ લોકલ બોર્ડની સ્કૉલરશિપ તેમજ બીજી ખાસ સ્કૉલરશિપ મળતાં બ્રહ્મદેશની પગાનની સરકારી લૅકર સ્કૂલમાં ખાસ ભલામણ લઈ શીખવા ગયા. ત્યાં દોઢ વર્ષ રહ્યા અને પોતાના હુન્નરની ઘણી નવી તરકીબો શીખ્યા. ત્યાંની થોડી ભાષા પણ શીખ્યા. આ અભ્યાસની સગવડ સાથે એવી શરત હતી કે પાછા લખનૌ આર્ટસ્કૂલમાં પાંચ વર્ષ સુધી એ કળાનું શિક્ષણ આપવું, એટલે હાલ તે લખનૌમાં જ એ કલાનું અધ્યાપન ચલાવે છે. એ કલાશાળાના પ્રિન્સિપાલ શ્રી અસીતકુમાર હલ્દારની તેમના પર કૃપા છે. ચિત્ર રંગવાની પાકી હથોટી તેમજ પોર્ટ્રેટ સ્કેચ દોરવાની સુંદર કળા તેમણે



શ્રી હરિહરલાલનો કરેલો એક સ્કેચ



શ્રી હરિહરલાલ મેઢના આલેખેલા સ્કેચ · મથાળે બે બર્મીઝ સ્ત્રીઓ

સુસાધ્ય કરી છે. આજે તેમની ઉંમર ભાગ્યે જ ૩૦ વર્ષની હશે. આ યુવાન કલાકારની સામે હવે વિશાળ ક્ષેત્ર પડ્યું છે, જેમાં તે અનેક કળાપિપાસુઓને અને વિદ્યાર્થીઓને પોતાનો અનુભવ, કૃતિ અને કળા સમર્પી દેશની અપાર સેવા કરી શકે એમ છે. ઈશ્વર તેમને દીર્ઘાયુ સાથે કીર્તિ અને કર્તવ્યના માર્ગે દોરે એવું અમે ઇચ્છીએ છીએ. —ર.મ.રા.



ઉત્તરધ્રુવનાં અંધારાંમાં

ઉત્તરધ્રુવના વર્તુલમાં આવેલી ગ્રીનલૅંડની કેનની ભૂશિર આગળ જમીનનો છેડો આવી ગએલો લેખાય છે. માણસની બૂ સરખી પણ ન આવે એવા ત્યાંનાં બરફનાં અફાટ મેદાનોમાં એ ધોળો રીંછ અમર્યાદ ઘૂમતો. તેના શરીરની લંબાઇ સહેજે નવ ફૂટ થવા જાય. અને તેની સુફેદી પણ બરફથી કમ ન હતી. ફક્ત તેનાં નસકોરાં સહેજ કાળાં હતાં. તેનું મોઢું બહુ લાંબુંપહોળું ન લેખાય. પણ ઊંચાઇ ચાર ફૂટની તો ખરી જ. પગની ગાદી નીચે દાતરડાં જેવા વળાંકભર્યાં તીણા નહોર સંતાએલા રહેતા છતાં કશા યે અવાજ વગર શાંતિના ઝડપી ઓળા જેવો તે બધે ફરી વળતો. તાજા માંસ ને ગરમ લોહી વાસ્તે તો જ્યાં પવન પણ બહાર થંભી જાય એવાં ઊંડાણો તે ખેડી વળતો.

દક્ષિણાયન ચાલતું હોવાથી સૂર્યનાં તો ત્યાં હવે છ મહિના સુધી દર્શન પણ નહોતાં થવાનાં. ભળભાંખળા જેવાં અજવાળાંમાં એક વાર તે શિકારે નીકળ્યો. દક્ષિણનાં જંગલોમાં સિંહ શિકારે નીકળે ને લોંકડી પાછળ પડે તેમ ધ્રુવપ્રદેશનું પહોળા ગોળ ચહેરાવાળું એક શિયાળ, તેના શરીરના જેવડી જ સફેદ ફુલેલી પૂછડી પટપટાવતો તેની પાછળ પડ્યો. ઘણી વખત તો એ તેની એટલો લગોલગ આવી જતો કે તેનાં ફણાં રીંછની ફેંવાટીને અડકી જતાં. રીંછ મનેકમને તે દરગુજર કરતો, કેમકે તે જાણતો હતો કે શિયાળવાને એકલી ઝડપથી પકડી પાડવું સહેલ નથી.

પ્રકાશના બદલાતા જતા લીલા, જાંબુડા, ગુલાબી રંગો વચ્ચે થઇ બંને એ એકાકી ભૂમિમાં આગળ વધી રહ્યા હતા. ત્યાં દૂરથી બરફનો એક ગઠ્ઠો ગબડતો લાગ્યો.

પણ એ તો હતું ધ્રુવપ્રદેશનું સસલું. આવતા દુશ્મનની ગંધ પારખી જતાં, કાન દબાવીને અને બરફ વચ્ચે લોચો વળી જઇને તે પડી રહ્યો. એના જેવાં નાનાં સરખાં પ્રાણીઓને તો ત્યાં જીવન નિભાવવું દોહ્યલું જ હોય છે; છતાં આવી ઠંડી તાકાતથી પાંચ મોસમ તો તે જીવી શક્યું હતું. અત્યારે પવન તેની જ દિશામાં હતો, એટલે એની સહેજ સરખી યે ગંધ પામ્યા સિવાય રીંછ ને શિયાળ ત્યાંથી આગળ નીકળી ગયાં.

ભય દૂર થયો જાણ્યું કે તરત સસલું ઊભું થયું. પણ તેના બે કાનને છેડે આવેલા બે કાળા ડાઘે કર્યુંકારવ્યું બધું ધૂળમાં મેળવ્યું. આકાશમાંથી બે ભૂરી આંખોએ એ ડાઘ પરથી એની જાત ઓળખી લીધી હતી. માથા ને પેટાળમાં હંસ જેવા જ સફેદ પણ કાબરચીતરી

પૂછડીવાળા નાપાક ઘુવડની એ આંખો હતી. ગાળેલા સોના જેવો પીળો પ્રકાશ તેમાંથી નીતરતો હતો. હવામાંથી સીધી તેણે એ અશંક સસલા પર ઝાપટ મારી. એક ચીસ પૂરી નીકળી ન નીકળી ત્યાં તો સસલાના હૃદય સોંસરવા તેના પંજા પરોવાઇ ગયા.

પણ આખા સસલાનો ભાર ઉપાડી ઘુવડ પાછું ઊડી શકે એમ ન હતું. સસલાના ઢીલમાંથી પોતાના પંજા પાછા ખેંચવા તે મથતું હતું. એટલામાં તો સસલાની ચીસથી ચોંકી ઊઠેલા રીંછ ને શિયાળ પણ ત્યાં આવી લાગ્યા. ખંધું શિયાળ બરાબર ઘુવડની પાછળ જઇ ઊભું રહ્યું; ને જેવું એ ઊડવા જાય છે ત્યાં તો પોતાનાં બે જડબાં વચ્ચે તેની ડોક દબાવી લીધી. ઘુવડને ચીસ સરખી પાડવાનો પણ અવકાશ ન મળ્યો.

જેવું શિયાળે જડબાંમાં પકડેલું ઘુવડ ઊંચું કર્યું કે તરત રીંછે તેના પંજામાંથી સસલાને ઝંઝેડીને ખેંચી લીધું. શિયાળનું જિગર તેમાં ભાગ પડાવવા ન ચાલ્યું એટલે ઘુવડને મોંમાં પકડી તે દૂર જઈ ઊભો. બંને પોતાના નાસ્તામાં પરોવાયા. રીંછે પોતાનું કાર્ય જલદી પતાવી લીધું ને શિયાળ તરફ એક કરડી નજર ફેંકતો ચાલતો થયો.

આગળ જતાં કરાડનો ઢાળ આવી પહોંચ્યો. ફરીવાર શિયાળ તરફ તિરસ્કારની નજર ફેંકતો રીંછ એ ચળકતા લીસા ઢાળની કોરાણ પર નમ્યો ને પાછલા પગે ધક્કો લઇને સર્‌ર્‌ર્ કરતો નીચે સરી પડ્યો.

અહીં બરફ કંઇક પોચો હતો. એ વચ્ચે નિરાંત મને રીંછે આગળ વધવા માંડ્યું. પણ થોડીવારે અચાનક પાછળ નજર જતાં જ તેણે પાછો પેલા શિયાળને લાગુ પડેલો જોયો. શિયાળે રીંછની માફક એ કરાડ પરથી લપસી ન પડતાં ચકરાવો ખાધો હતો અને એટલે જ એને આવી પહોંચતા થોડીવાર લાગેલી.

કાળા આકાશમાંથી એક પછી એક તારાઓ અદૃશ્ય થવા લાગ્યા ત્યારે રીંછને લાગ્યું કે હવે આગળ વધવું નકામું હતું. એ જ વખતે એણે પોતાના પાછલા પગો કામે લગાડ્યા. થોડીવારમાં તો પોતા માટે બોડ પણ બનાવી કાઢી ને હળવેક રહી એ એમાં લપકી ગયો.

એને બોડમાં પેસતો જોઇ ઘડીભર તો શિયાળને લાગ્યું કે તેનાં લીસાં ઘાટાં રૂવાં વચ્ચે પોતાને ભરાવાનું મળે તો કેવી હૂંફ મળે! પણ બીજી જ પળે તેને શાણપણ આવ્યું. બોડની અંદર પેસવું જેટલું સહેલું હતું એટલું બહાર નીકળવું સહેલું ન હતું એ એને સમજાઇ ગયું, એટલે જાતે જ તકલિફ લઇ રીંછની બોડથી સારૂં જેવું અંતર રાખી તેણે પોતાની સગવડ કરી લીધી.

દસ મિનિટ પણ વીતી નહિ હોય ત્યાં તો બોડમાંથી રીંછનું મોઢું બહાર ડોકાયું. હળવે કહી તે આખો યે બહાર નીકળી આવ્યો ને બરફમાં સંતાઈ રહેતા લેમિંગ ઊંદરોના શિકારે નીકળ્યો. માંડ થોડોક આગળ ગયો હશે ત્યાં તો દૂર દૂર કશાક ઓળા તેણે નાસતા જોયા. વધુ આગળ જતાં જણાયું કે કેટલાક વરૂઓએ એક કારીબુનો પીછો પકડયો હતો. રીંછે પણ એ દિશામાં ઝંપલાવ્યું. આ બાજુ જેમ વરૂઓની કીકીઆરીઓ વધતી જતી હતી તેમ મશીનગનની છૂટતી ગોળીઓ જેમ બરફ પર ખરીઓની ધમધમાટી બોલાવતા કારીબુની ઝડપ પણ વધતી જતી હતી. બીજી બાજુ શિકાર ને શિકારી બંનેને અજાણ રીંછ આગળ ને આગળ વધી રહ્યો હતો. તેની આંખોમાંથી સંતોષ નીતરી રહ્યો હતો.

બરફના એક ટેકરાના વચગાળે છાજલી જેવી કોરાણ બની ગઇ હતી. કારીબુને બચાવની એ છેલ્લી તક હતી ને તેણે એનો ઉપયોગ કર્યો. પણ ઉગારનો હજુ દમ લે તે પહેલાં તો વરૂઓનું આખું યે ટોળું ટેકરાનીચે જ આવી જમા થઇ ગયું; નેસાથે એ બધાંથી ઉપર ટેકરાની છેક ટોચે રીંછ પણ આવી લાગ્યો.

જડબાં કકડાવતા વરૂઓ એક પછી એક અસહાય કારીબુ પર કૂદતા ગયા, પણ લીસા બરફ પર અથડાઇ બધા પાછા સરીને નીચે જ પડતા. કારીબુ પોતાની ધીર નજરે આ બધા ધમપછાડા જોઇ રહ્યું હતું.

આખરે ટોળાનો નાયક મોખરે આવ્યો. નસકોરાંથી પૂછડીના છેડા સુધીની તેની લંબાઈ બરાબર છ ફૂટ ઊતરે. પરાળના રંગની તેની આંખો અગ્નિની ઓલવાતી શિખાઓ જેમ ઝબકી રહી હતી. એ પટ્ઠો શિકારી હતો ને કૂદ્યો તેવા જ તેના પંજા બસબર છાજલી પર અટકયા. કારીબુએ સમય બરાબર ઓળખ્યો. વરૂ વધુ કંઇ પ્રયાસ કરવા જાય તે પહેલાં તો એક જોસભરી ઢીક તેને ચખાડી. ચપટી જાડી શાખા પ્રશાખાઓમાં વહેંચાઇ ગએલાં તેનાં શીંગડાંમાંથી એક શીંગડુ વરૂના નસકોરામાં પેસી ગયું. બંનેની એકાદ પળ તો સ્તબ્ધતામાં વીતી ગઇ. પણ પછી

તરત કારીબુને ભાન આવ્યું કે પોતાનાં નમાવેલાં શીંગડાંથી તો વરૂને ઉપર ચડી આવવાની વધુ સગવડ થઇ પડશે. જોરથી તેણે શીંગડાં પાછાં ખેંચી લીધાં ને એ સાથે ફાટેલે નસકોરે લોહીની રંગોળી પૂરતો ટોળાનો નાયક નીચે જઇ અફળાયો.

વરૂની જાતમાં હદ ઉપરાંતની ખુન્નસ હોય છે. જેમ તે વધુ ઘવાય તેમ વધુ વિફરે છે. વરૂનો નાયક ફરી કારીબુ પર કૂદ્યો. કારીબુ યે હોય છે તો સાબરની જાતનું જ, પણ જીવનવિગ્રહના વિકટ સ્થાન શા ધ્રુવના પ્રદેશમાં તેને રહેવાનું હોવાથી એણે પણ હિંમત ને ધીરજ હદ ઉપરાંતની કેળવેલી હોય છે.

વરૂ આ વખતે કારીબુના ગળા પર ટાંપ્યો હતો ને કારીબુ યે તેથી વાકેફ હતું. જાણીજોઇને પોતાનું ડોકું જમીન તરફ નમાવી દઇને પોતાની માંસલ ગરદન તેણે પહોળી કરી દીધી. તરત વરૂ તે પર કૂદી પડચો. પણ એ માંસલ ગરદન ચીરવાનો તેને મોકો મળે તે પહેલાં તો કારીબુનું માથું જમીન પરથી ઉંચકાઇ સીધું જોશભેર પાછળ વીંઝાયું. અણીદાર સીંગડાં બરાબર વરૂના શરીરમાં પેસી ગયાં. શીંગડે અટવાએલી લોહીના ધોધ છોડતી તેની લાશને બીજી જ પળે કારીબુએ નીચે ફગાવી.

મરતા નાયકની ચીસે આખા ટોળામાં ઝનૂન આણી દીધું. એકે એક જણે હવે તો મારવા યા મરવાનો જ નિશ્ચય કરી લીધો. તે હતું આખું ટોળું; જ્યારે કારીબુ એકલું જ હતું. વળી ચાર કલાકથી તે ભૂખ્યે પેટે સતત દોડતું જ રહેલું. છતાં યે બે વરૂઓને તો તેણે પૂરા કર્યા; પણ હવે તેના હોશ હટવા લાગ્યા હતા. નીચેથી આવતા દરેક હલ્લા વખતે તેના પગો ધ્રૂજી ઊઠતા હતા.

ટેકરાની ટોચે રહી આ બધો તમાશો જોઇ રહેલા રીંછે કારીબુની આ વ્યાકુળતા પિછાની લીધી. દા' આવ્યો જાણી તરત તે ઉપલી કોરાણેથી લપસ્યો, પણ ઘણા પ્રયત્નો છતાં યે કારીબુ વાળી કપ્પર આગળ તે ન જ અટકી શકયો ને સીધો વરૂઓના ટોળા વચ્ચે જઈ પટકાયો.

ધ્રુવના વરૂઓ ભયંકરમાં ભયંકર પ્રાણીઓ લેખાય છે. વાઘ જેવા ક્રૂર સફેદ રીંછ પણ તેમનો સામનો નછુટકે કરે છે. આ રીંછને પણ તેમનો સામનો કરવાની ઇચ્છા ન હતી. તેના પડવાના ભારથી એક વરૂની તો કમર જ ભાંગી ગઇ હતી. બીજા તેની પછાડનો ધુબાકો થતાંજ દૂર ખસી ગયા હતા, પણ એની સિકલ જોતાં પાછા એટલી જ ઝડપે બધા તેને ઘેરી વળ્યા ને સફેદ મોજાં ઉછળે તેમ એક એક પછી તેઓ રીંછ પર કૂદતા ગયા.

રીંછ પણ તેમનાથી જરાયે ખાધો જાય એવો ન હતો. બે વરૂઓને તો તેણે અદ્ધરોઅદ્ધર હવામાં જ ચીરી નાખ્યા! હુમલાનો જોશ વધ્યો એટલે તે પાછલા પગ પર બેઠો થઇ ગયો. તેના આગલા શેખંડી પંજાનો સૌથી સરસ ઉપયોગ થઇ શકયો. તેના ડીલપરનાં છ ઇંચ લાંબાં રૂંવાં વરૂઓનાં ખૂન તરસ્યાં જડબાંને કશી અસર કરવા દે એમ ન હતું. અને તેના નખ અને દાંત તો પ્રત્યક્ષ ફરજ બજાવી જ રહ્યાં હતાં.

વરૂઓની ચીસાચીસ ને ફીકીઆરીઓ વધતી ગઇ. રીંછની લડત તદ્દન શાંત હતી, પણ ઝનૂનથી તો તેનું રોમેરોમ સળગી રહ્યું હતું. છેવટ એક વરૂને લોહીમાંસનો લોચો બનાવી મૂકી તે બે પગે ઊભો થઇ ગયો. બાકી રહેલા ચાર વરૂ તો એ બે પગે થતાં જ કશો સામનો કરવાનું માંડી વાળી નાસી છૂટચાં.

'હાશ!' જેવો પુત્કાર કરતાં રીંછે તરત જ આશાભરી આંખે ઉપર નજર કરી. પણ ત્યાં કશું ન હતું. કારીબુ?! એ તો આ હોંસાતોંસીમાં પોતાને મોકો મળેલો જોઇ નગ્ન બરફના વિસ્તારમાં કયાંયે ગુમ થઇ ગયું હતું!

નિસાસો નાખતાં રીંછે નસીબની યારીએ મેળવી આપેલા ખોરાક તરફ નજર નાખી. આઠ વરૂઓની લાશો લોહીતરબોળ ત્યાં પડી હતી. સૌથી પહેલે મોતને ભેટેલા ટોળાના નાયકની લાશ પર તેની નજર ગઈ ને ગળું પકડી ઢગલામાંથી તે બહાર ખેંચી કાઢી. એ હૃષ્ટપુષ્ટ શરીરનાં અંગ એક પછી એક તેના પેટમાં અદૃશ્ય થતાં ગયાં. કેટલા યે દિવસે આજે જ રીંછે પેટભરીને ખાધું, ફક્ત હાડકાંનું માળખું જ બાકી મૂકયું.

બરાબર ધરવ થતાં થોડીવાર તો એણે આરામ લીધો; પછી એ ટેકરાના મૂળમાંજ એક બોડ તેણે કોતરી કાઢી ને મૂએલાં ઢોરને ઘસડતા ચમારો પેઠે એક પછી એક બધાં વરૂને તેમાં ઘસડી જઇ શીઆળાના બાકી રહેલા દિવસો માટેનો પૂરતો ખોરાક બનેલી એ લાશોની ગાદી પર તેણે ગૌરવથી લંબાવી દીધું.

(અંગ્રેજી પરથી) **અશોક હર્ષ**

સંસારના આપણી નજરે સમાચાર

ત્રીજું અખિલ હિંદ બાલક સંમેલન હૈદ્રાબાદ (સિંધ) મુકામે તા. ૮ થી ૧૦ નવેમ્બરના દિવસોમાં ભરાવાનું છે.

ઇંડિયન સાયન્સ કૉંગ્રેસની આવતી બેઠક ઇ. ૧૯૩૮માં બ્રિટિશ એસોસીએશનના સંયુક્તપણા નીચે હિંદુસ્તાનમાં ભરાશે. તેના પ્રમુખ તરીકે ઇંગ્લંડના વિખ્યાત વિજ્ઞાની લૉર્ડ રધરફૉર્ડ રહેશે.

'સાગર' નામે પ્રસિદ્ધ કલાપીભક્ત અને સુફી કવિ શ્રી જગન્નાથ દામોદર ત્રિપાઠીનું ચિત્રાલ ખાતે અવસાન થયું છે.

આવતા મહાયુદ્ધની પૂર્વતૈયારી રૂપે અમેરિકાએ રોજનાં બે વિમાનો બનાવવા માંડ્યાં છે. જર્મનીએ કામચલાઉ સૈનિકોની સંખ્યા બે વર્ષ માટે કાયમ કરી છે ને ઇંગ્લંડની પ્રજાને ગૅસના મારાથી બચાવવા ત્યાંની સરકારે બુરખા માટે બે કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે.

પોલંડમાંના હિંદીઓએ ત્યાંના વાસીઓને હિંદની સાચી પરિસ્થિતિથી વાકેફ કરવા ભારતમિત્ર પરિષદ(Towarzystwo Przyjacio Indji)ની સ્થાપના કરી છે. વૉરસૉમાં એક હિંદી સંગ્રહાલય પણ સ્થાપવામાં આવ્યું છે. પોલંડ કે હિંદનો કોઇ પણ વાસી તેનો સભ્ય થઇ શકે છે.

હિંદની ખરી વસ્તુસ્થિતિથી જગતને વાકેફ કરવા ટોકિયો, પારીસ, ન્યૂ યૉર્ક, મૉસ્કો ને અંકારા ખાતે પાંચ સાંસ્કૃતિક કેન્દ્રો સ્થાપવાની અગત્ય હોવાનું શ્રી જવાહરલાલ નહેરૂએ જાહેર કર્યું છે.

મશહૂર હિંદી નવલકથાકાર શ્રી પ્રેમચંદજીનું તા. ૮મી ઑકટોબરના રોજ બનારસ ખાતે અવસાન થયું છે. એકલા હિંદી સાહિત્યમાં જ નહિ પણ ટૂંકી વાર્તાઓ અને નવલકથાઓથી ગુજરાતી, બંગાળી વગેરેમાં પણ પ્રતિષ્ઠાપન્ન, હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખ અને ભારતીય સાહિત્ય પરિષદના મુખપત્ર 'હંસ'ના તંત્રી, એમના જેવા સફળ સાહિત્યકારની આથી હિંદને મોટી ખોટ પડી છે.

હિમાલયના ૨૫,૬૬૦ ફૂટ ઊંચા નંદાદેવીના શિખર પર આખરે બ્રિટિશ-અમેરિકન ગિ. ગ્રેહામ બ્રાઉનની સરદારી નીચે સંયુક્ત ટુકડીએ સફળ ચઢાણ કરી વિજય મેળવ્યો છે.

કલકત્તા યુનિવર્સિટીએ લશ્કરી શિક્ષણ દાખલ કરવાનો ખરડો ઘડયો છે.

હસ્તરેખા, સામુદ્રિક અને જ્યોતિષ વિદ્યાઓના જગમશહૂર નિષ્ણાત શીરોનું અવસાન થયું છે.



ઓલિંપિકનૃત્યવિભાગમાં પંદર દેશના હરીફો વચ્ચે હિંદના પ્રતિનિધિતરીકેગએલાંશ્રીમતીમેનકાએ ત્રણ પારિતોષિકો મેળવ્યાંછે.




હિંદી કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્ત, જેમની સુવર્ણ જન્મજયંતી હિંદી સાહિત્યકારોએ હાલે જ ઊજવી.




ચિત્રકાર·બંસીલાલ (ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)

આરોગ્યનાં અમૃત



ડિસ્કોબોલસ



હર્ક્યુલિસ

ખાંડ ઓછી ખાઓ



આ પણા ખોરાકમાં આપણે એક કરતાં વધારે પ્રકારની ખાંડોનો જાણ્યેઅજાણ્યે ઉપયોગ કરીએ છીએ. એમાંથી થોડીકનાં નામ જોઇએ:

સુક્રોસ (શેરડી અથવા બીટમાંથી બનતી ખાંડ); ડૅકસ્ટ્રોસ (અનાજમાંથી બનતી ખાંડ); લૅક્ટોસ (દૂધમાંની ખાંડ); ગ્લુકોસ (દ્રાક્ષમાંની ખાંડ) અને લૅવ્યુલોસ (ફળોમાંની ખાંડ).

આમાંથી આપણે હમેશના ઉપયોગ માટે સુક્રોસ વાપરીએ છીએ અને માંદગીમાં કેટલીક જગ્યાએ ડૉકટરો ગ્લુકોસનો ઉપયોગ ફરમાવે છે. બાકીની ખાંડો છુટા રૂપમાં પ્રયોગશાળા સિવાય બીજે વપરાતી નથી.

સૅકેરીનની સ્તુતિ કરતી જાહેરખબરો છાપાંઓમાં અવારનવાર જોવામાં આવે છે. પણ એ, ડામરની બનાવટ અને સલ્ફ્યુરિક ઍસિડમાંથી બનતો રાસાયણિક પદાર્થ છે. ખાંડથી એ ચારસોગણો ગળ્યો છે. એ ખોરાક નથી. શરીરયંત્રમાં એને માટે સ્થાન નથી. ઘણાં રાજ્યોમાં એના વપરાશ વિરુદ્ધ કાયદા પણ થયા છે.

અઢારમી સદીના અંત સુધી તો ખાંડ એ શ્રીમંતનો શોખ અને ગરીબની દવા હતી. જ્યારે આજે? એ સૌકોઇની અનિવાર્ય જરૂરિયાત થઇ ગઇ છે.

હિંદના ઉદ્યોગોમાં ખાંડનો ઉદ્યોગ આજે બીજે નંબરે છે. ટૂંક સમયમાં આપણને જોઇતી ખાંડ આપણે ઉત્પન્ન કરતા થઈ જઇશું. પણ ખાંડના વધતા જતા વપરાશથી અર્થશાસ્ત્રીને જેટલો આનંદ થાય છે, એટલી જ આરોગ્યશાસ્ત્રીને દિલગીરી થાય છે!

આહારશાસ્ત્રનો વિકાસ વીસમી સદીમાં જેટલો થયો છે એટલો પૂર્વે કોઇપણ સૈકામાં થયો નહોતો. એટલે જૂના જમાનાના આહારવિષયક અજ્ઞાન અને અર્ધજ્ઞાનને અંગે, કેટલાક નાલાયક ખોરાકોએ ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. શેરડીમાંથી થતી ખાંડ એ એવો જ એક ખોરાક છે. આજે જે રીતે અને જે પ્રમાણમાં ખાંડનો ઉપયોગ થઇ રહ્યો છે, એની સામે આરોગ્યની દૃષ્ટિએ કેટલાક દેખીતા વાંધા છે.

આપણે જે ખાંડ ખાઇએ છીએ, એમાં ક્ષારો અને પ્રજીવકો જેવાં ખોરાકનાં કીમતી તત્ત્વોનો સદંતર અભાવ હોય છે. એમાં આંતરડાંને ગતિ આપનાર કૂચો બીલકુલ નથી. શરીરને માટે એ સુગ્રાહ્ય નથી. વધુ પ્રમાણમાં લેવામાં આવે તો એ હૉજરીમાં બળતરા ઉત્પન્ન કરે છે, અને કોઠામાં કબજીઆત ઊભી કરે છે.

એ ગંઠેલો ખોરાક છે. પાશેર ખાંડ તૈયાર કરવા વીસ ફુટનો સાંઠો પીલી નાખવો પડે છે. એટલે આવા ખોરાકો માત્રાસર લેવાય તો જ માફક આવે. દૂધ ફાવે એટલું અને ભાવે એટલું ખુશીની સાથે ખાઇ શકાય, પણ ઘી તો ચમચા કે પળી પૂર જ વપરાય; એ જ રીતે શેરડીનો રસ મરજી મુજબ પી શકાય, પણ ખાંડ મન મૂકીને ખાતાં પહેલાં વિચાર કરવો પડે!

વળી એ ભુલાવું ન જોઇએ કે પેટની ખોરાક સમાવવાની શક્તિ મર્યાદિત છે, એટલે ખરાબ ખોરાકો જેટલા વધુ પ્રમાણમાં ખવાય, એટલે અંશે સારા ખોરાકો ઓછા પ્રમાણમાં લેવાય.

જો ખાંડ શરીરની જરૂરિયાત કરતાં અતિશય પ્રમાણમાં લેવામાં આવે તો એ શરીરમાં જઇ કારબૉનિક ઍસિડ અને ઑક્ઝેલિક ઍસિડ નામના બે ઍસિડો ઉત્પન્ન કરે છે આમાં ઑક્ઝેલિક ઍસિડ એ એક કાતિલ ઝેર છે. આ ઝેર શરીરને નુકસાન ન પહોંચાડે એટલા

તમને ભાવતી ખાંડ

ક્ષારો અને પ્રજીવકો જેવું ખોરાકનું એકે કીમતી તત્ત્વ ધરાવતી નથી. ઉલટું એનામાં રહેલું ઑક્ઝૅલિક ઍસિડ એક કાતિલમાં કાતિલ ઝેરનું કામ કરે છે.

ખસ, દાદર, ખરજવું અને ગડગુમડ જેવાં ચામડીનાં દર્દો સર્વવ્યાપી બનાવનાર પણ એ જ છે. એનો વધુ વપરાશ હાડકાં ખરાબ કરે છે, દાંત સડાવે છે, કબજિયાત ઊભી કરે છે ને હોજરીમાં બળતરા પેદા કરે છે.

સંસ્કૃતિના વિકાસ સાથે જેમ એનો ઉપયોગ વધતો ચાલ્યો છે, તેમ સાથોસાથ પાયોરીઆ, અસ્થિશોષ (rickets), મધુમેહ ને કૅન્સર જેવાં દર્દો પણ વધ્યાં છે.

અને એ જાણ્યા પછી પણ એક બાજુ ખાંડ, સાકર, મિષ્ટાન્ન ખાતા જઇ બીજી બાજુ દાંત, હાડકાં, જ્ઞાનતંતુઓ, તંદુરસ્તી ને અક્કલ ખોતા જવાનું તમે પસંદ કરશો ખરા?

માટે કુદરત હાડકાં અને દાંતમાં સંઘરાએલો ચૂનો ખેંચી લઇ એની સાથે ભેળવી દઇ, એને નિર્દોષ કેલ્શ્યમ ઑક્સેલેટના ગાંગડાના રૂપમાં ફેરવી નાખી, પેશાબ વાટે શરીરની બહાર કાઢી નાખે છે.

આ કારણથી જ અતિશય ખાંડ ખાનારનાં હાડકાં ખરાબ થાય છે અને દાંત સડી જાય છે. ખસ, દાદર, ખરજવું અને ગડગુમડ જેવાં ચામડીનાં દર્દો આ જમાનામાં સર્વવ્યાપી થવાનાં ઘણાં કારણો છે, પણ તેમાં સૌથી મોટું કારણ તો ખાંડ અને એનાથી બનતી મિઠાઇઓનો વધારેપડતો વપરાશ જ છે.

વધુ પ્રમાણમાં ખાંડ ખાવાથી અપચો, હોજરીમાં બળતરા અને કલેજાંના દર્દો થાય છે. શરીરની જરૂરિયાત કરતાં અંદર વધે તે ખાંડ કલેજું સંઘરે છે. પણ જ્યારે કલેજા અને સ્નાયુઓમાં પણ વધુ ખાંડ સમાઇ શકે એમ નથી હોતું, ત્યારે એ ચરબીના રૂપમાં ફેરવાઇ જાય છે, અને જાડા માણસોનો મોટો ભાગ મધુપ્રમેહથી મરે છે. એક સાદી દેખાતી કુટેવનાં કેટલાં કારમાં પરિણામો!

સંસ્કૃતિના વિકાસ સાથે સફેદ ખાંડનો ઉપયોગ વધતો ચાલ્યો છે. અને સાથોસાથ પાયોરીઆ, અસ્થિશોષ (rickets), મધુપ્રમેહ, અને કૅન્સર જેવાં કારમાં દર્દો બિહામણી ઝડપથી ફેલાતાં જાય છે!

આપણે એક બાજુ ખાંડ, સાકર, મિઠાઇઓ અને મિષ્ટાન્નો ખાતા જઇએ છીએ, અને બીજી બાજુ દાંત, હાડકાં, જ્ઞાનતંતુઓ, તંદુરસ્તી અને અક્કલ ખોતા જઇએ છીએ!

ખાંડનું અતિશય પ્રમાણ નાનામોટા સૌકોઇને નુકસાનકારક છે. પણ બાળકો માટે તો એ પ્રાણઘાતક છે. છતાં યે આપણા સમાજમાં ચોતરફ નજર નાખીએ તો જણાશે કે અજ્ઞાન માતાઓ સાકર અને પતાંસાં 'ઠંડાં' છે એમ માની બાળકના ખોરાકમાં એમનો છુટ્ટે હાથે ઉપયોગ કરી રહી છે.

હમણાં જ ઇંગ્લંડનાં સંખ્યાબંધ છાત્રાલયોમાં થએલા અખતરાઓને પરિણામે એ વસ્તુ સિદ્ધ થઇ છે કે કિશોરો અને કુમારોના ખોરાકમાં ખાંડનું પ્રમાણ વધારતાં ચોરીઆ અને ઍડિનૉઇડસ સૂજે છે, અને આંખ, નાક તથા ગળામાં કફનું પ્રમાણ વધી જાય છે. ખાંડનું પ્રમાણ ઘટાડતાં ઉપરનાં દર્દો નાબૂદ થાય છે. ચોરીઆના હઠીલામાં હઠીલા કેસો માત્ર ખોરાકના ફેરફારથી મટચા છે. હદમાં રહી ઉપયોગ કરવામાં આવે તો સફેદ ખાંડ એ ક્ષમ્ય ખોરાક છે. પણ હદબહાર એ લગભગ ઝેર બરાબર છે.

ખાંડને વાપરવાના લોકમાન્ય રસ્તા ત્રણ છે:

(૧) ચા, કૉફી, કોકો, અને શરબત જેવાં પીણાં

(૨) મિઠાઇઓ અને મિષ્ટાન્નો

(૩) દરરોજની રસોઇ

ઘણાંખરાં લોકપ્રિય પીણાંમાં, નાણાંનો અને તંદુરસ્તીનો વ્યર્થ ખર્ચ છે.

મિઠાઇઓનો ઉપયોગ ઘટાડી શકાય, મિષ્ટાન્નોમાં ખાંડને બદલે ગોળ સુખેથી વાપરી શકાય. શીરો, લાડુ, વેઢમી અને બીજી અનેક ગળી ચીજો ખાંડને બદલે ગોળની બનાવવાથી સ્વાદ અને શરીર બંને સુધરશે. દૂધપાક, શીખંડ વગેરેમાં પીળી ખાંડ વાપરવી સારી.

એ જ મુજબ ચાલુ રસોઇમાં, દાળ, શાક, કઢી વગેરેમાં ગળપણ માટે ગોળનો ઉપયોગ થઇ શકે. 'ખાંડ ઠંડી છે અને ગોળ ગરમ છે', એ એક વજૂદ વિનાનો ભ્રમ છે. ખાંડ કરતાં ગોળ દરેક રીતે વધુ ઇચ્છવાયોગ્ય છે. છતાં ય જો ગોળનો પણ મર્યાદા મૂકીને ઉપયોગ થાય તો માઠાં પરિણામો ખસૂસ આવે.

અનાજની ખાંડ (Dextrose) ચાલુ ખાંડ કરતાં અનેકગણી ચડિયાતી છે અને પાણીના જેટલી સહેલાઇથી એ હોજરીમાંથી ચુસાઇ જતી હોવાથી એને પચાવવા પાછળ શરીરની શક્તિનો બીલકુલ દુર્વ્યય કરવો પડતો નથી. જો કોઈ સાહસિક પૂંજીપતિ આ ક્ષેત્ર તરફ નજર દોડાવે તો, અનાજની ખાંડ ઘણી જ સોંઘી વેચી શકાય, પ્રજાનું આરોગ્ય સુધરે અને દેશમાં નવા ધંધાઓ ખીલે.

ખાંડની વિરુદ્ધની દલીલો જાણ્યા પછી ઘણાને પ્રશ્ન થશે કે ત્યારે હવે એને બદલે વાપરવું શું?

ત્રણ ચીજોની ભલામણ કરી શકાય: મધ, સુક્કાં ફળ અને ગોળ. ખાંડમાંથી જીભને મળતો સ્વાદ, શરીરને મળતી ચરબી, ગરમી અને શક્તિ આ ત્રણે પદાર્થો સંતોષકારક રીતે પૂરાં પાડી શકશે.

બાળકોના ખોરાકમાંથી તો ખાંડને પદભ્રષ્ટ કરી એનું સ્થાન મધને જ આપવું જોઇએ.

ખજૂર, દ્રાક્ષ, અંજીર અને આલુ જેવાં સુક્કાં

ફળો કુદરતી ખાંડ, ક્ષારો અને પ્રજીવકો પુરાં પાડે છે. ગોળમાં પ્રજીવકોનું પ્રમાણ નજીવું છે પણ ક્ષારોનું અને એમાં યે ખાસ કરીને ચૂનો, લોહ અને ત્રાંબાનું પ્રમાણ સારૂં છે. એમાં સમાએલા લોહ અને ત્રાંબાને લઇને એ પાણ્ડુરોગીઓ માટે ઉત્તમ ખોરાક મનાય છે.

શેરડીના રસનું મહત્ત્વ હજી આપણી પ્રજા બરાબર સમજી નથી. આજે આપણાં નાનાંમોટાં શહેરોમા ચા, કૉફી, શરબત અને સોડાલેમન જેવાં આરોગ્ય-ઘાતક પીણાં પૂરાં પાડતી હૉટેલોનો ટોટો નથી; છતાં નવી અને જૂના ઢબ ઉપર ચાલતી અનેક હૉટેલોમાં એવી એક પણ હૉટેલ ભાગ્યે જ મળી આવશે કે જે શેરડીનો રસ, સ્વાદિષ્ટ ટમાટાં, વિવિધ જાતના પૌષ્ટિક સૂપ, મગનું ઓસામણ, કિસમિસની ચા, ખજૂરનાં શરબત, તાજી છાશ, નારિયેળનું પાણી અને દૂધ, ફળ તથા લીલોતરીમાંથી બની શકતાં અનેકવિધ, મધુર, પથ્ય અને પોષક પીણાં પૂરાં પાડતી હોય.

શેરડીનો રસ ગોળ કરતાં આરોગ્યની દૃષ્ટિએ ચડિયાતો તો છે જ, પણ શેરડી ચૂસવાની ટેવ સૌથી સારી છે. ઉત્તર હિંદુસ્તાનનો ગંડેરીનો શૉખ હજી ગુજરાતે કેળવ્યો નથી. એ શૉખ જ્યારે કેળવાશે ત્યારે એનાથી બેકાર અને મુડદાલ દાંતોને રોજી અને શક્તિ મળશે અને શરીરમાં જોઇએ એથી વધુ ગળપણ જવાનો બીલકુલ સંભવ નહિ રહે.

આપણા દેશમાં શેરડી તો સર્વત્ર મળે છે. એનો થાય છે, એથી ઘણો વધુ ઉપયોગ ઇચ્છવાયોગ્ય છે. જો શેરડીનો રસ પીઓ, તો તે તાજો અને સાદો જ વાપરજો. મસાલા મેળવીને એનો કુદરતી સ્વાદ અને તમારાં જીભ તથા શરીર બગાડશો નહિ. **રમણલાલ એન્જીનિયર**

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ચિત્તનું રંજન કરી શકે તે ચિત્ર; એટલેકે મનુષ્યના મગજમાં ઊર્મિઓ કે વિચાર ઉત્પન્ન કરી સ્મૃતિ કે પ્રેરણા કે ઉલ્લાસ જગાડે તેવાં ચિત્રો લેવાં હોય તો પોતાનાં સાધનો અને તેની મર્યાદાનો હિસાબ કરી લેવો જોઇએ. તેથી બહારના વિષયો પર હાથ અજમાવવા જતાં મોટે ભાગે નિરાશા જ મળે છે. આથી ફોટોગ્રાફીના ઉપાસકમાં સચોટ દૃષ્ટિ અને ત્વરિત નિશ્ચય કરવાની બુદ્ધિ અવશ્ય જોઇએ વિષયના અમુક ભાગનાં આકર્ષક તત્ત્વોથી અંજાઈ જતાં તેની છબી ઉતારવાની ઉતાવળમાં, વિષયની આજુબાજુની અસંબંદ્ધ વસ્તુઓ ચિત્ર-મર્યાદામાં આવી ચિત્રનું વસ્તુ બગાડે છે તેનું શિખાઉને ઘણી વાર ધ્યાન રહેતું નથી. પહેલું ઇનામ જીતનાર મણિલાલ મિસ્ત્રી (વડોદરા)નું ફોટો-ચિત્ર 'નર્મદાને તીરેતીરે' ઉપરના દૃષ્ટિબિંદુથી વિચારો. ચોમાસાનાં પૂર ઉલટતાં પહેલાંની નર્મદાનાં નીરની શાંતિ સૂચવતાં વહેતાં પાણી અને તે શાંતિને તોફાનમાં ફેરવવાની આગાહી આપતાં વાદળાંથી ભરપૂર વાતાવરણવાળું સૃષ્ટિસૌન્દર્ય ઝડપતી વેળા ફોટોગ્રાફર, ચિત્રમાં ઉપરથી ડોકિયાં કરતાં ઝાડનાં ડાળાંનું અસ્તિત્વ વિસરી ગયા છે. ઝાડના થડ વગર ફક્ત એકલી ડાળીઓ ચિત્રમાં જમણી ડાબી બાજુથી કે ઉપરથી અંદર આવતી કોઇ સુભગ અપવાદ સિવાય કદિ ન પાડશો. તેવી વસ્તુઓનું આક્રમણ ચિત્રમાં અમુક પ્રકારની અસ્થિરતા ઉપજાવે છે. ભાઈ મિસ્ત્રીએ નજીક અને દૂરની વસ્તુઓનો વર્ણભેદ તેમના ચિત્રમાં ઠીક જમાવ્યો છે. સાચો વર્ણભેદ મેળવવા અને ખાસ કરીને ભૂરા આકાશમાં ઉલટતાં ધોળાં વાદળાં ઉતારવા હમેશાં પેન્ક્રૉમેટિક રોલ ફિલ્મ કે પ્લેટ વાપરવી


ભાઇ એમ.એસ. પથરાવાળા (અમદાવાદ)ના ફોટોચિત્ર 'પ્રફુલ્લિત વદને'ને બીજું ઈનામ મળે છે. અનુકૂળ મૃદુ છાયા-પ્રકાશ પૂરતા પ્રમાણમાં છે. પણ મુખ્ય પાત્ર કરતાં ચોપાનિયાનો પ્રદેશ વધુ જગ્યા રોકી લે છે અને પાત્રનો ચહેરો અજુગતી રીતે ઢાંકી દે છે.

'જુઓ એની રૂધિરભરેલી ગજગજ પહોળી છાતી' નામના ફોટોચિત્ર માટે ભાઇ એન.એસ.મહેતા(લંડન)ત્રીજું ઇનામ મેળવે છે. ચિત્રનું નામકરણ સાવ બેહૂદું છે. એના અંગ્રેજી નામ Proud Motherનો અનુવાદ 'મલકાતી માતા' ઠીક ગણાય. ચિત્રનો વિષય આકર્ષક છે. ચિત્રને ચારે બાજુથી સારી રીતે, છાપ્યા મુજબ કાપવાથી જ બતક અને બચ્ચાં ચિત્રનું કેન્દ્ર બને છે.

ભાઈ કનુ રાવત (અમદાવાદ)નું 'નદી ઉપર બંધાતો પૂલ', ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)નાં 'ઘેટાં' તથા 'મીઠી જિંદગી', ભાઈ દ્વારકાદાસ બારાઇ (ખંભાલીઆ)નું 'સતી બુર્જ -મથુરા', અને ભાઇ જી. એ. નુરાનીનું 'બાળ વૈજ્ઞાનિક' ફોટો-ચિત્રો નોંધપાત્ર ઠર્યાં છે. ઉપરનાં બધાં ચિત્રોમાં વિષયની પસંદગી તેના પાડનારનું વ્યક્તિત્વ સૂચવે છે, પરંતુ વિષયને પૂરતો ન્યાય કોઇ આપી શક્યું નથી. ભાઇ રાવતના ચિત્રમાં સંયોજન સારૂં છે, ત્યારે વિષયનું ફોકસિંગ બરાબર જણાતું નથી ભાઇ પટેલનાં બંને ચિત્રોમાં સંયોજન બરોબર નથી; ટેકનિક ઠીક ગણાય. 'સતી–બુર્જ' જરાક દૂરથી લેવાયો ન હોત તો વધારે સારૂં ચિત્ર ગનત. ચિત્ર લગભગ મધ્યાહ્ન સમયે લેવાયું હોય તેમ લાગે છે. આવી જગ્યાના ફોટોગ્રાફો રસપ્રદ અને રંજક કરવા આસપાસ અનુકૂળ સ્થાનિક પાત્રોની યોજના મેળવવાની જરૂર રહે છે. યમુના તીર પરનું આ સ્થાન હોય તો નદી પાસે છે તે સૂચવનાર તત્ત્વો લેવાં જોઇએ. **બલવન્ત ભટ્ટ**

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ



[અનુસંધાન અષાડ અંકના પૃ. ૩૭૨થી]

પ્રકરણ ૩ જું: ઉપસર્ગો–પ્રત્યયો

નોંધ:

¶ લઘુલિપિની પ્રાથમિક શ્રેણી પૂરી કરવા માટે જરૂરનું બાકીનું બધું વસ્તુ આ પ્રકરણના 'ચાર દિવસો'માં સમાઇ જાય છે; અને એ સિવાય બીજી એક રીતે પણ આ ચારે દિવસોમાંના વસ્તુને પરસ્પર ઘનિષ્ટ સંબંધ છે. ગુજરાતી ભાષાના શબ્દોની લંબાઇનું સરાસરી માપ ત્રણ પદનું (સ્વર સહિતના વ્યંજનોનું) છે. એથી લાંબા શબ્દો, બબ્બે પદના સમૂહના ન થયા હોય તો, મોટે ભાગે ઉપસર્ગ અથવા પ્રત્યયની મદદથી લાંબા થયા હોય છે. શબ્દોને આવી રીતે લાગનારા પ્રત્યયો, જે નામ કે વિશેષણને લાગી શબ્દના અર્થમાં ફેરફાર કરે છે, (ઉ. ગુણ+વાન) તે તદ્ધિત પ્રત્યયો કહેવાય છે. આ બન્ને ઉપયોગી અંગો: 'ઉપસર્ગ' અને 'તદ્ધિત પ્રત્યયો', અનુક્રમે ૭ અને ૮ મા દિવસમાં ચર્ચ્યાં છે. ¶ પણ આ ઉપરાંત એક બીજી જાતના પણ પ્રત્યયો છે, જે શબ્દના અર્થમાં ફેરફાર નહિ કરતાં માત્ર તે શબ્દને જુદા સંબંધે રજુ કરે છે. આ પ્રત્યયો તે નામ તથા ક્રિયાપદનાં રૂપાખ્યાનમાં આવતા કૃત્ પ્રત્યયો. એને અનુક્રમે ૯ અને ૧૦મા 'દિવસ'માં ચર્ચ્યાં છે. ¶ આમ જુદીજુદી રીતે ઉપયોગમાં આવતા પ્રત્યયોની ચર્ચા ત્રણ જુદાજુદા 'દિવસો' નીચે કરવી પડી હોવા છતાં એ બધાનાં 'પ્રત્યય' તરીકે તો અમુક વિશિષ્ટ સ્થાનો જ છે; અને કાં તો જુદા અક્ષરથી, અથવા તો એકના એક અક્ષરનું પુનરાવર્તન આવશ્યક બન્યું હોય ત્યાં લખવાની જુદી રીતથી પ્રત્યયો એકબીજાથી જુદા ઓળખી શકાય તેમ છે. જેમકે 'ત,ન,મ,ય,લ,વ,શ' એ અક્ષરો તદ્ધિત્ અને કૃત્ એ બન્ને શ્રેણીમાં દેખા દે છે. અને જો કે આવી રીતે લિપિના એકના એક અંગ માટે અક્ષરો પુનરાવર્તન ન પામતા હોત તો વધુમાં વધુ ઇષ્ટ થાત. પણ અમુક જ માનીતા અક્ષરોની આસપાસ કેન્દ્રિત થતા ભાષાના બંધારણની વિચિત્ર ખાસીઅતે આવું પુનરાવર્તન અનિવાર્ય બનાવ્યું છે. છતાં એ અક્ષરો તદ્ધિત તરીકે શબ્દના અંગથી જુદા લખાય છે અને કૃત્ તરીકે જોડીને લખાય છે. એટલે એકંદર 'પ્રત્યય' તરીકે એકેએક સંજ્ઞાનો સ્વતંત્ર અર્થ છે. અને તેથી પ્રત્યયની જાત પરથી જ તે પ્રત્યય જેને લાગ્યો હોય તે શબ્દની જાતનું પણ સૂચન મેળવવાનું શકય બને છે. આ વસ્તુ વાચન વખતે બહુ જ ઉપયોગી નીવડશે. એ વખતે આ નાની સૂચના યાદ રાખવાથી ઘણી ફોકટ જતી તકલીફ બચશે. ¶ આ પ્રકરણ પૂરૂં થવા સાથે લઘુલિપિની પ્રાથમિક શ્રેણી પૂરી થાય છે. કેમકે સાધારણ રીતે ધીમાં ભાષણોની નોંધ ઉતારવા માટે જેટલી ઝડપ જોઇએ એટલી ઝડપ કેળવવા માટેની જરૂરી સામગ્રી આ ત્રણ પ્રકરણોમાં અપાઇ ચૂકી છે. અને હવે પછીનાં પ્રકરણોમાં એ ઝડપને હજુ પણ કેમ વધારવી એ જ પ્રશ્નનો વિચાર કરવાનો રહેશે. પણ એ આગામી પ્રકરણોના જ્ઞાનથી કાંઇ સંગીન લાભ થઇ શકે તે પહેલાં આ પ્રકરણથી આવી શકતી ઝડપની સંપૂર્ણ શકયતા પર કાબુ આવી જવો જોઇએ. માટે ધીમી ગતિએ અપાતાં ભાષણો કે સામાન્ય વ્યવહારની થતી વાતચીત ઉતારવાની શકિત મેળવતાં સુધી શીખનાર આ પ્રકરણથી આગળ ન વધે એ ઇચ્છવા યોગ્ય છે. અને એ સિવાય પણ અગાઉનાં તથા હવે પછીનાં પ્રકરણો કરતાં આ પ્રકરણ—ખાસ કરીને 'દિવસ' ૯–૧૦–વિશેષ અઘરૂં હોવાથી તે વધારે કાળજીપૂર્વક શીખવાની જરૂર છે. ¶ આ પ્રકરણને અંતે લિપિ પત્રકારત્વના વ્યવહારૂ ક્ષેત્રમાં પ્રવેશ કરતી હોવાથી આ પ્રકરણના મનોયત્નને અંતેના લઘુલેખનમાં એવો જ એક હસ્તલિખિત નમૂનો આપ્યો છે જે ચાલતા ભાષણની લેવાએલી નોંધ કેવી હોય તેનું ઉદાહરણ પૂરૂં પાડશે.

ઉપસર્ગો-પ્રત્યયો

ઉપસર્ગોઃ [બધા શબ્દના અંગથી જુદા ઉપર લખવાના]

- અણ, અન, અપ
- અંતઃ, આંતર્
- આત્મ, આત્ર, આવિસ્
- અધિ, અભિ, [અભ્ય્]
- ઉત્, ઉદ્, ઉન્, ઉપ
- અનુ
- કમ, કુ
- ખુશ, ખૂબ
- ગુલ, ગેર
- અતિ
- દુઃ, દુર્, દુસ્, (દેશ, ધર્મ)
- પરિ, અપિ, (પંડિત)
- પ્રતિ, [પ્રત્ય્]
- બદ, બિન, બે
- નિ, નિઃ, નિર્, નિસ્
- મન, મહા, (મહાત્મા વ.)
- પર, પરા
- પુનર્
- લઘુ
- અવ, અવિ
- સં, સુ
- સદ્, સર
- સર્વ, સ્વ, સ્વી
- સહ

તદ્ધિત પ્રત્યયોઃ

(ક) અંગ સાથે જોડીને લખાતા

- કર, કાર, કારક, કારી, કર્તા
- ખાન, ખાનું
- ગર, ગાર, ગીર, ગીરી
- જનક
- આટ, આવટ, વટ, વટી વ૦
- આડ, આવડ, વાડ વ૦
- દર, દાર, દાસ
- આપ, પટ્ટી, પણું, પૂર્ણ
- બાજ, ભર્યું
- આણ, ણુક
- રીતે
- રહિત, વાર, વારી
- (સિંહ

(ખ) અંગથી જુદા લખાતા

- તર, તમ, તા, તિ
- નાર, નાથ
- માન, મંત, મય, મણ, મણું
- તવ્ય, અનીય, ય
- આળ (લાલ)
- વાળો, વાન, વંત, વતી, આવ
- આશ, (શાસ્ત્ર, શક્તિ)

કૃત પ્રત્યયો

(ક) વિભક્તિના પ્રત્યયો

- એ, આએ
- ને (ખૂણો પાડી લખવો)
- થી, નાથી, માંથી (સદર)
- નો, ની, નું, ના
- માં, નામાં

(ખ) કૃદંતના પ્રત્યયો

- ઈ, ઈને
- જે, જો
- તો, તી, તું, તાં
- લો, એલો, વ૦
- વા, વાને
- શો, શું, શે, વ૦
- યો,યું(જોડાક્ષરમાં આ પ્રત્યય આવતો હોય ત્યારે તો નિયમ મુજબ જોડાક્ષર જ લખવો)

- સામાન્ય કૃદંતના અંત્ય 'વું'નો હમેશાં લોપ થાય છે.
- ધાતુને કૃદંત વ૦ ના પ્રત્યયો લગાડતાં 'વું'ની પૂર્વના **ર, ડ, લ, ળ, વ** લોપાય છે.
- સંકેતાર્થનાં 'ય', 'એ', 'ઓ' અંતવાળાં રૂપોમાં સામાન્ય કૃદંત જ લખાય છે.

ઉદાહરણોઃ



આત્મસંતોષ દુરાગ્રહ ગુલામગીરી અસ્પૃશ્યતા અધિકાર લોકોને લખેલું હતું મળવાને

ઉપરની વિગતો પર સંપૂર્ણ કાબૂ મળતાં મિનિટે એક સો પાંચ શબ્દ સુધીની ઝડપે કાંઈ પણ લખી શકાશે

સાતમો દિવસ : ઉપસર્ગો

નિયમો

[૪૧] બધા મહત્ત્વના ઉપસર્ગો તથા ઉપસર્ગને સ્થાને વપરાતા કેટલાક રૂઢ શબ્દો સાથેના નકશામાં આપ્યા છે.

[૪૨] ઉપસર્ગવાળા શબ્દ લખતી વખતે પ્રથમ ઉપસર્ગ લખી પછી શબ્દનો બાકીનો ભાગ એનાથી જુદો અને એની નીચે લખાય છે.

[૪૩] ઉપરના નિયમ મુજબ ઉપસર્ગની નીચે લખાતો શબ્દનો ભાગ જુદો લખાતો હોવાથી તે ભાગના પ્રથમાક્ષરને શબ્દની શરૂઆતના સ્વરવ્યંજનાદિને લાગતા સ્વરસંયોજન વગેરેના સામાન્ય નિયમો લાગુ પડે છે.

[૪૪] નકશામાં આપેલાં ઉપસર્ગોનાં સાદાં રૂપોમાં ઉપસર્ગોના અંત્ય સ્વર કે વ્યંજનમાં વખતે વખતે થતા સંધિના ફેરફારોનો પણ સમાવેશ થઇ જાય છે. અને તેથી ઉપસર્ગ પછીનો શબ્દનો ભાગ એ સંધિના ફેરફાર થયા પૂર્વે જેવો હોય એવો લખાય છે.

[૪૫] જરૂર પડતાં એકી સાથે બે ઉપસર્ગો જોડીને લખી શકાય છે.

સૂચનાઓ

(૪૧) નકશામાં જોતાં જણાશે કે વર્ણમાળાના અમુક થોડાએક જ અક્ષરો બાદ કરતાં બાકીના બધા ઉપસર્ગ તરીકે કામ લાગી ગયા છે. અને એમાંના ઘણાખરાને બબ્બે ત્રણત્રણ ઉપસર્ગનું પ્રતિનિધિત્વ સાચવવાનું છે. પ્રથમ દૃષ્ટિએ આ વસ્તુ કદાચ મૂંઝવશે. પરંતુ વધુ તપાસ કરતાં જણાશે કે ઉપસર્ગોનાં કેટલાંક વૈકલ્પિક રૂપો તો એક જ ઉપસર્ગનાં સંધિના નિયમોએ ઉપજાવેલાં પુનરાવર્તન માત્ર છે; જેવાં કે: 'ઉત્, ઉદ્, ઉન્'; 'નિઃ, નિર્, નિસ્', વગેરે. બાકીના વિકલ્પોમાં પણ કોઈ આકસ્મિક અપવાદો બાદ કરતાં ઉપસર્ગ અને તેના પછીનું શબ્દનું અંગ થોડા પરિચયે જ એકબીજા સાથે બંધબેસતાં થઈ શકે તેમ છે. જેમકે, 'અ..ધિ/ભિ..કાર', 'અ..ન/ણ/પ/..સમજ' એ શબ્દોમાં અનુક્રમે 'અધિ' અને 'અણ' એ ઉપસર્ગો શોધવા બહુ ઊંડી તપાસ કરવી પડતી નથી. આમ જ બાકીના ઉપસર્ગની સંસ્કૃત કે ફારસી વ. જોડીઓ માટે પણ સમજવું.

આ ઉપરાંત કેટલાક શબ્દ પોતે ઉપસર્ગ ન હોવા છતાં બીજા શબ્દોની શરૂઆતમાં આવી તેની સાથે સમાસ કે બીજા કોઇ સંબંધથી જોડાઇ જાય છે. એવા શબ્દોને ઉપસર્ગના લિસ્ટમાં ( ) કૌંસમાં બતાવ્યા છે; જેમકે, (પંડિત) વગેરે. વિશેષનામ સાથે પરિચય આપવા આવા ઘણા ય શબ્દો સામાન્યરીતે વપરાય છે, અને એ બધાનો આ લિસ્ટમાં સમાવેશ એટલા માટે નથી કર્યો કે, એક સામાન્ય નિયમ તરીકે, ગમે ત્યારે એવા શબ્દના પ્રથમાક્ષરનો સંકેત બનાવી લઇ તેનો ઉપસર્ગ તરીકે સહીસલામતીથી પ્રયોગ થઇ શકે. કેમકે વિશેષનામ સૂચવનારાં અવતરણ ચિહ્નો નિયમ ૨૭ મુજબ સાથે મૂકવાનાં હોય છે જ, તે આખો શબ્દ સ્પષ્ટ કરી દે છે.

(૪૨) ઉપસર્ગ પ્રથમ અને શબ્દના બાકીના ભાગની ઉપર લખાતો હોવાથી લખવાની લીટી સાથે નિયમ ૫ મુજબ ઉપસર્ગને જ લખવો પડે એ દેખીતું છે. તેમ છતાં ઉપસર્ગ જ લીટી ઉપર લખાય તેમ નિયમથી મર્યાદિત નથી કર્યું, એનું કારણ એ કે હવે પછીનાં પ્રકરણોમાં એ સંબંધે વધુ નિયમો આવવાના છે. અને એમાંના કોઇકોઈ નિયમ મુજબ ઉપસર્ગનું સ્થાન ખસેડવાની જરૂર પડશે.

(૪૩) શબ્દના પ્રથમાક્ષરને લાગુ પડનારા નિયમોમાં (નિયમ ૫ ને બાદ કરતાં) અત્યાર સુધીમાં આદ્ય સ્વરના જોડાણ સંબંધેના નિયમો તથા 'ર' અને 'લ' લખવા સંબંધેના નિયમો આવી ગયા છે. અને એ નિયમોનું પાલન તો કદાચ અનાયાસે જ થઇ શકત. એ દૃષ્ટિએ આ નવા નિયમની જરૂર ન હતી, પણ હવે પછી ઉપરના નિયમ ૪૨ સાથે આ નિયમનો પ્રયોગ પણ આવશ્યક થઇ પડે એવા પ્રસંગો સંબંધે ચર્ચા આવશે. એ વખતે આ બંને નિયમો યાદ કરી જવા પડશે.

(૪૪) નકશામાં આપેલા ઉપસર્ગોના લિસ્ટમાં ઉપસર્ગના અંત્યાક્ષરમાં થતા ફેરફારને અંગે તૈયાર થએલાં રૂપ પણ આપ્યાં છે. એમાં વિસર્ગ અને વ્યંજનસંધિના ફેરફારો ખાસ ધ્યાન ખેંચે એવા નથી. પણ સ્વરસંધિનાં જે રૂપોમાં વિશેષ ખ્યાલ રાખવાની જરૂર

છે તે [ ] કૌંસમાં બતાવ્યાં છે. આવી જાતના શબ્દોમાં 'પ્રત્યેક' એમ લખવું હોય તો 'પ્રતિ' ઉપસર્ગથી બનાવાતો હોવાથી બાકી 'એક' લખવાનું જ રહે છે. આ રીતે 'ઇ' કે 'ઉ' ના પરવ્યંજન સાથે જોડાવાથી થતી સંધિ છૂટી પાડવામાં સ્વરવ્યંજના નૈસર્ગિક રીતે જ રજુ થતી હોવાથી લખતી વખતે વિચારશક્તિ ઉપર ખાસ કાંઇ બોજો નથી આવતો.

(૪૫) બધા ઉપસર્ગો એકએક રેખાના જ બનેલા હોવાથી સાથે જોડાએલા ઉપસર્ગો વાંચવામાં સંકેતોની માફક ખાસ આવડતની જરૂર પડતી નથી. ખ્યાલમાં રહે કે આ નિયમ સાથે ઉપરનામાંથી એક અથવા વધુ નિયમો પણ લાગુ પડતા હોય છે જ.


ઉદાહરણો

[નિ. ૪૧-૪૩: ઉપસર્ગોવાળા શબ્દો] અણસમજુ, અતિશયોક્તિ, અનુકંપ, અનુચર, અનુતાપ, અનુસર, અનુલક્ષી, અપરાધ, અભિમાન, અવગુણ, અવદશા, અવશેષ, અવસર, અવસ્થા, અંતઃપુર——આંતરમન, આંતરરાષ્ટ્રીય આંતરવ્યવસ્થા, ઉત્ક્રાન્તિ, ઉત્પન્ન, ઉપજીવી, ઉપયોગ, કમજોર, કમનસીબ, કુચાલ, કુટેવ, કુરિવાજ, ખુશખબર, ખુશબો, ખુબસુરત——ગેરઇન્સાફ, ગેરલાભ, ગેરવ્યાજબી, ગેરસમજ, દુર્જન, દુર્દૈવ, દુર્બળ, દુર્ભાગ્ય, દુષ્કર્મ, દેશદાઝ, ધર્મયુદ્ધ, નિર્દોષ, નિર્બળ, નિવારણ — નિષેધ, નિષ્કલંક, નિષ્ફળ, નિસ્તેજ, પરગણું, પરદેશ, પરમાર્થ, પરવાનગી, પરાજય, પરામર્શ, પરિચય, પરિપૂર્ણ, પરિશ્રમ, પરિષદ, પરિસીમા, પરીક્ષા——પુનર્લગ્ન, પ્રતિધ્વનિ, પ્રતિપાદન, પ્રતિભા, પ્રતિષ્ઠિત, બદમાશ, બદસુરત, બેવકૂફ, મહાપુરુષ, મહાયુદ્ધ, મહારાજા, મહાત્મા ગાંધી, લઘુલિપિ, સદ્‌ગુણ, સદ્‌ગૃહસ્થ——સરમુખત્યાર, સર્વત્ર, સર્વદેશીય, સર્વસ્વ, સહવાસ, સંકલ્પ, સંબંધ, સંસદ્, સંસાર, સુવ્યવસ્થા, સુવાચ્ય, સુગંધ, સ્વતંત્ર.

(૨) **[નિ. ૪૪: સંધિ પામેલા ઉપસર્ગના અંત્યાક્ષર] અ**નાદર, અનાશ્રય, અભ્યાસ, ઉત્તેજન, ઉપાય, ઉપાસના, દુરાગ્રહ, પ્રત્યેક, સર્વોપરી.

(૩) **[નિ. ૪૫: બે ઉપસર્ગનો સાથે પ્રયોગ] આ**ત્મસંતોષ, દુરુપયોગ, નિરુપયોગી, પરોપજીવી.

ઉદાહરણોનું લઘુલેખન



આઠમો દિવસ: તદ્ધિત પ્રત્યયો

નિયમો

[૪૬] નામ, વિશેષણ વગેરેને છેડે આવી શબ્દના અર્થમાં ફેરફાર કરનારા મુખ્ય તદ્ધિત પ્રત્યયો નકશામાં આપ્યા છે.

[૪૭] 'ત,ન,મ,ચ,લ,વ,શ' એ સાત સિવાયના બધા તદ્ધિત પ્રત્યયો શબ્દના અંગને જોડીને જ લખાય છે.

[૪૮] 'ત,ન,મ,ચ,લ,વ,શ' એ તદ્ધિત પ્રત્યયો શબ્દના અંગથી જુદા અને તેની નીચે લખાય છે.

[૪૯] કોઇ શબ્દ માત્ર ઉપસર્ગ અને પ્રત્યયનો જ બનેલો હોય ત્યારે પણ ઉપસર્ગ સાથે પ્રત્યય ન જોડાતાં કોઈપણ પ્રત્યય ઉપસર્ગથી જુદો અને નીચે લખાય છે.

સૂચનાઓ

(૪૬) ઉપસર્ગો સંબંધે કરેલી ઘણી સૂચનાઓ અહીં પ્રત્યયોને પણ લાગુ પડે છે. ઉપસર્ગની માફક પ્રત્યયો પણ એકેક સંજ્ઞાના જ બનેલા છે. પ્રત્યયોમાં પણ એક જ અક્ષર એક કરતાં વધારે છતાં વ્યાકરણની દૃષ્ટિએ અમુક ચોક્કસ જાતનો સંબંધ ધરાવતા પ્રત્યયો માટે વાપરી શકાય છે, અને ઉપસર્ગના કરતાં પણ વધુ ચોક્કસાઇથી પ્રત્યયોના વિકલ્પોમાંથી સાચી પસંદગી શકય છે. જેમકે 'રહિત' અને 'વાર' એ બંને પ્રત્યયો માટે એક જ સંજ્ઞા હોવા છતાં એની પહેલાંનો શબ્દ 'દયા' કે 'જમણ' હોય ત્યારે તેને કયો પ્રત્યય અનુકૂળ હોઇ શકે એ સહેજે સમજાઇ શકે એવું છે.

(૪૭–૪૮) સામાન્ય રીતે તદ્ધિત કે કૃત્ બધા જ પ્રત્યયો શબ્દ સાથે જોડીને લખવાના હોવા જોઇએ. અને વસ્તુતઃ લિપિની ઉત્તીર્ણ શ્રેણીમાં ૪૮ મા નિયમ સાથે છૂટ લઇ વખતેવખતે બધા પ્રત્યયોને એક જ કક્ષામાં લાવી દેવાય છે. જેમકે લઘુલેખનમાં 'અસ્પૃશ્યતા' શબ્દ એવી છૂટ લઇને લખેલો છે. પણ શબ્દોનાં અંગ સાથે નિકટનો પરિચય ન કેળવાયો હોય ત્યાંસુધી જુદાજુદા બે જાતના પ્રત્યયો માટે ઉપયોગમાં આવતી આ સાત સંજ્ઞાઓઃ 'ત,ન,મ,ય,લ,વ,શ' બે જુદીજુદી રીતે ઉપયોગમાં લેવાવી જોઇએ. અને તદ્ધિત તરીકેનું તેનું સ્થાન કૃત્‌ના કરતાં ઓછું મહત્ત્વનું હોવાથી એ જરૂરી ફેરફાર તદ્ધિત શ્રેણીમાં જ સમાવી દેવામાં આવ્યો છે. આ સાત સંજ્ઞાઓ કૃત્ પ્રત્યયો તરીકે શબ્દના અંગ સાથે જોડાઇને લખાય ત્યારે તેના શા શા અર્થ થાય છે તે પણ નકશામાં આપ્યા છે. એ બધાની તુલના કરીને યાદ રાખી લેવા. એ કૃત્ પ્રત્યયોની ચર્ચા હવે પછીના 'દિવસો'માં આવે છે.

(૪૯) ઉપસર્ગ અને પ્રત્યયના જ બનેલા શબ્દમાં ઉપસર્ગને શબ્દના અંગથી જુદો લખવો કે પ્રત્યયને જોડીને લખવો, એ બેમાંથી એક જ નિયમની પસંદગી કરવાનો અવકાશ રહેતો હોવાથી સ્પષ્ટતાને ખાતર ઉપસર્ગને જુદો લખવાના નિયમને વધુ મહત્ત્વ આપવું પડે છે. એક કરતાં વધુ ઉપસર્ગો કે પ્રત્યયો હોય તો પણ આ જ નિયમ લાગુ પડે.


ઉદાહરણો

(૧) **[નિ. ૪૬–૪૭: પ્રત્યયાંત શબ્દો]** અંધકાર, કારખાનું, ગુનેગાર, ગુલામગીરી, ઘૃણાજનક, ચળકાટ, જગતકર્તા, જવાબદાર, જાદુગર, જોખમદાર, ઝીણવટ, દયાજનક, દુશ્મનાવટ, નરસિંહ, નાશકારક——નીમણુક, પૈસાદાર, પ્રકાર, બનાવટ, બળાત્કાર, ભયંકર, ભાવપૂર્ણ, મીલાવટ, યોગ્ય રીતે, રણકાર ભર્યું, લખાવટ, વઢવાડ, સંતોષકારક, સાક્ષાત્કાર, સુખાકારી, સ્નેહભર્યું.

(૨) **[નિ. ૪૮: જુદા લખાતા પ્રત્યય]** અસ્પૃશ્યતા, ઉન્નતિ, ખટાશ, જોનાર, દૃઢતા, ધનવાન, ધૃષ્ટતા, પંડિત ઓમકારનાથ, પ્રકૃતિ, પ્રગતિ, પ્રવૃત્તિ, બળવાન, બુદ્ધિમાન, માનસશાસ્ત્ર, મિઠાશ, મૂર્તિમંત, શક્તિમાન, શિખામણ, શ્રીમંત, સન્મતિ, સફળતા, સંપત્તિ, સંસ્કૃતિ, સ્વાધીનતા.

(૩) **[નિ. ૪૯: ઉપસર્ગ અને પ્રત્યયના બનેલા શબ્દો]** અધિકાર, અપકાર, અપમાન, અવતાર, આવિષ્કાર, આંતરશકિત, ઉત્તમ, ઉપકાર, પરોપકાર, પ્રતિકાર, બેકાર, બેદરકાર, સરકાર, સહચાર, સંકર, સ્વાભિમાન, સ્વીકાર.

ઉદાહરણોનું લઘુલેખન



[ચાલુ]

ઉત્તરાપથની યાત્રા

ઉત્તર-પશ્ચિમ હિંદમાં હિમાલયની તળેટીએ આવેલો ગઢવાલી પ્રદેશ હિંદુ માનસમાં અનેક દેવતાઓના સ્વર્ગ અને કથાવર્ણનોથી અંકિત છે. આ માન્યતા કરોડો હિંદુઓના મનમાં દૃઢ થઇ હોવાથી વર્ષોવર્ષ હજારોનાં જૂથ જીવનમાં તક મેળવી આ બાજુ એક યા બીજા યાત્રાધામનાં દર્શન કરવા નીકળી પડે છે. આ યાત્રાધામોનું આકર્ષણ અતિ પ્રાચીન કાળથી છે. કેટલાંક દેવાલયો તો આઠમા સૈકાનાં છે. રેલવે થયા પછી તો અહીં આવનારા યાત્રિકોની સંખ્યા વધતી જ જાય છે. હિંદુસ્તાનના બધા ભાગોમાંથી બધી કોમનાં પુરુષો અને સ્ત્રીઓ, કલકત્તા, મુંબાઈ ને મદ્રાસના શ્રીમંતો, વેપારીઓ અને ગરીબ ગામડિયાનો એ સંખ્યામાં સમાવેશ થઇ જાય છે.

ગઢવાલ પ્રાંતનાં અનેક દેવાલયતીર્થોની યાત્રાએ નીકળેલાંઓ સૌ પહેલાં તો હરદ્વારમાં જ એકઠાં થાય છે. હરદ્વાર એટલે ગંગાદ્વાર. ગંગામૈયા ત્યાંથી જ હિમાચલની પર્વતમાળાની દૂંક તજી વિશાળ મેદાની પ્રદેશમાં વેગભર્યો પટ પ્રસારી રહે છે. કોઇને આખી લાંબી યાત્રા પૂરી કરવાનાં નાણાં કે વખતની જોગવાઈ ન હોય તો તે હરદ્વારનાં દર્શન કરીને યે કૃતાર્થતા માની લે છે. આપણે તો વધારે દૂર અને વધારે પવિત્ર સ્થાનો તરફ ગતિ કરતા યાત્રિકોના સાથમાં આગળ જઇશું; પણ તે પહેલાં આ પ્રદેશ કેવો છે તેનો ખ્યાલ કરી લઇએ.


ઇ.સ. ૧૮૧૪–૧૫માં નેપાળનો વિગ્રહ થયો ત્યાર પછીથી ગઢવાલ અને કુમાઉં પ્રાંતો બ્રિટિશને તાબે છે. એ પહેલાં ત્યાં દેશી રાજ્યો હતાં અને તે ગુરખાઓની તાબેદારીમાં હોવાથી તેમાં થઇ તેઓ વારંવાર હુમલા લઇ આવતા. આ જ કારણથી વિગ્રહ થએલો. તેને પરિણામે નેપાળ અને ગઢવાલની હાલની સરહદોની અંદર તેમને વારી લીધા અને છેવટની આ પશ્ચિમ પાંખ બ્રિટિશ હિંદમાં જોડી દેવામાં આવી.

આ પ્રદેશ આશરે પૂર્વપશ્ચિમ ૧૦૦ માઇલ થાય અને ઉત્તર દક્ષિણે પણ એટલો જ થાય. ઉત્તરમાં બરાબર આડી ધારે હિમાલયની ગિરિમાળા પડી છે અને આ પ્રદેશ તેના જ દક્ષિણ ઢાળનો અને તળેટીનો છે. એ ઊંચી ગિરિમાળાની ઉત્તરે જળસંચય અને તિબેટના સપાટ પ્રદેશો ૧૫,૦૦૦ ફૂટ પર છે. ગઢવાલમાં આવેલાં કેટલાં યે હિમશિખરો ૨૦,૦૦૦ ફૂટ જેટલાં છે. નંદાદેવી અને કામટ તો વળી ૨૫,૦૦૦ ઉપર થાય છે.

ગઢવાલ વીંધીને જે રસ્તો તિબેટમાં પહોંચે છે તે ચાર મોટી નદીઓની ખીણોમાં પડ્યો છે. આ ચારે નદીઓ ગંગાની જ શાખાઓ છે અને એમાંની બે તો બહુ પવિત્ર મનાય છે. કેટલીક ખીણો તો અતિ ઊંડી છે અને કઇક જગ્યાએ ૪૦૦૦ ફૂટની ઊંચાઇએ હોવાથી ગરમ પ્રદેશની વનસ્પતિ ધરાવે છે. ખૂબી એ છે કે ત્યાંથી પાછાં દસ જ માઇલ દૂર ૨૦,૦૦૦ ફીટની ઊંચાઇએ હિમાચ્છાદિત શિખરો છે!

ગઢવાલી ખેડુ પહાડી તોખમનો અસલ માનવી લાગે છે. કદે ટૂંકો પણ ચપળ અને કકડધસ છતાં નીચેના મેદાની કરતાં રૂપાળો. કેટલાક તો માંજરી આંખો અને લાલચટાક સુરખીવાળા ગાલથી આબાદ યૂરોપિયન લાગે.

ફ્લૅન્ડર્સ અને મેસોપોટેમિયામાં ગઢવાલી લશ્કરે જે નામ કર્યું હતું તેની પ્રતીતિ અહીંનાં રૂપાળાં અને મહેનતુ સ્ત્રી-પુરુષોને જોતાં તરત થાય છે. ખેતરનું કામ કે દળવા કરવાનું કાંઇ ન હોય ત્યારે અહીંની સ્ત્રીઓ ઘરના આંગણામાં નાનીનાની અસલી શાળો પર તેમના મરદોએ કાંતેલા ઊનનું કાપડ વણતી નજરે પડે છે. એકેએક મરદ પાસે ઊનનો લચ્છો અને ફિરકી હોય છે અને બકરાં ચરાવતાં કે માર્ગ કાપતાં તેનું એ ફેરકણું ફરતું જ હોય છે. દરેકે દરેકનું કાપડ ઘરકંતાઇ અને ઘરવણાટનું હોય છે. પણ આ કાંતવા વણવાની અનંત ક્રિયા ચાલુ છતાં એકે જણ એવો ન મળ્યો કે જેણે પૂરાંપાધરાં કપડાં પહેર્યાં હોય અથવા થીગડાંની જરૂર ન હોય. કાં તો કપડું બહુ થોડું વણાય છે એટલે આખી જિંદગી સુધી એકનું એક પહોંચાડવું પડે છે; અથવા તો જથ્થો થાય તે વેચી નાખવામાં આવતો હોય. તિબેટની સરહદ તરફ આ ખીણના મુખ આગળ ભૂતિયા જાતિ વસે છે. તેઓ સહેજ જુદી ભાતના



બરફ પીગળવાથી બે કાંઠામાં આવેલાં ધમધમાટ કરતા આવાં ગંગાનાં પાણી યાત્રાળુને અનેકવાર ઓળગવાં પડે છે (F. S. Smythe)



હિંદુ પુરાણ કથા પ્રમાણે તો ગંગા (એટલે કે અલકનંદા)નું મૂળ ઊંચેથી સુંદર રીતે પડતા ગંગોત્રી ધોધમાં છે. પણ વસ્તુતઃ તો તે ત્રણ હિમગિરિઓના મુખમાંથી નીકળે છે એ ફપલા ચિત્રમાં બતાવ્યું છે. (F. S. Smythe)

છે. તેમની રહેણી તો આ લોકોને લગભગ મળતી છે તેઓ તિબેટીઓ સાથે ખાયપીએ છે તે પરથી હિંદુ જેવા ચુસ્ત નથી એ સ્પષ્ટ છે. પણ આ છૂટછાટને લીધે તેઓએ તિબેટી વેપારમાં એકહથ્થુ ઇજારો કરી લીધો છે.

આ વેપારના વહેવારના માર્ગ ઊંચી કદણો વચ્ચેથી નીકળે છે અને ત્યાં ઘેટાં અને બકરાં ઉપર જ ભાર જાય આવે છે. તેમાં ઘઉં, કાપડ વગેરે લઇ જાય અને ટંકણખાર અને યાકની પૂછડીઓ વગેરે લાવે. નીચા-માં નીચી કદણ ૧૬,૦૦૦ ફૂટ પર છે. શિયાળામાં બધો વેપાર બંધ થાય છે. મોટીમોટી બજારો ઉનાળે ઊઘડે. ભુતિયાઓ ગજબના મજબૂત હોય છે.

વસ્તી થોડી છતાં જમીનનું ખેડાણ આશ્ચર્યકારક છે. ઢાળપડતી ટેકરીઓ પર પગથીઓ કોતરીને તેઓ પાક-ની જે ગોઠવણ કરે છે તેમાં ઉદ્યોગ ને અક્કલ દેખાઇ આવે છે.

ગાય, ભેંસ, ઘેટાં, બકરાં બધું તેઓ પાળે છે. તેમાંથી દૂધ અને ઘી ઉપરાંત કાપડનું ઊન અને ખેતીની મદદ પણ મળે છે. ઢોર વાહન માટે યે કામ લાગે છે અને તેમનું ખાતર પણ કામ લાગે છે. પાકમાં ચોખા, ઘઉં, જવ, બટાટા અને જુદીજુદી દાળો ખૂબ થાય છે. આ બધાની ખપત કાયમના યાત્રાળુઓના પ્રવાહમાં જ થઇ જાય છે. એ બધા હરદ્વાર આગળ જમા થાય છે. હવે આપણે પણ ત્યાં પહોંચી જઇએ.

હરદ્વાર એટલે પુરાણકાળથી જ્યાં દેવોનો વાસ મનાયો છે એવી ભૂમિનું દ્વાર. એ ભૂમિનો લગભગ એકેએક પર્વત, નદી, નાનું સરોવર કે શિખર કોઇ ને કોઇ પુરાણ દેવતાનું ધામ ગણાય છે. હરદ્વાર સુધી તો રેલવેનું સાધન છે, પણ પછીના પ્રવાસ માટે દરેક યાત્રિકે બે માસની પદક્રમણની તૈયારી કરીને જ આગળ વધવાનું હોય છે,—પછી ગંગોત્રી, કેદારનાથ કે બદરીનાથ ગમે ત્યાં જવું હોય. આ ત્રણ યાત્રાધામો જ ખરેખરાં દર્શનીય ગણાય છે. પછી કોઇને એકથી વધારે કરી લેવા ઇચ્છા હોય તો થઇ શકે, પણ દરેક એક જ કેન્દ્રથી સો સો માઇલની ત્રિજ્યા પરના વર્તુલ ઉપર આવેલાં છે. વળી એકએકની વચમાં બરફ અને પહાડની ભીષણ આડો તો પડેલી જ છે. એ વટાવવા પ્રવાસીએ કેટલા યે દિવસ માટે પીછે કદમ અગર આસ્તે કદમ કરવી પડે છે.

રંક અને સશક્ત લોકો તો ચાલીને જ યાત્રા કરે છે. એવાઓ સાથે સામાનમાં કશું ભારરૂપ રાખતા નથી; પાસે એક જળપાત્ર, છત્રી ને પહાડી લાકડી જ હોય છે. અશક્ત અને વૃદ્ધ લોકો (તે પણ બધાં નહિ) ડાંડી કે ટોપલીમાં બેસી યાત્રા કરે છે. ડાંડી ચાર પહાડીઓ ઊચકી લે છે, અને વચમાં ઝૂલતી બેઠકમાં યાત્રાળુ બેસે છે. ટોપલી કે કરંડિયો ઊભા ડબા જેવો હોય છે અને એક જ મજૂર તે ઊચકી જાય છે. આ પહાડી મજૂરો ગઢવાલની પશ્ચિમે આવેલા તિહરીના રાજ્યના વતની હોય છે અને મજૂરીનો રોજનો એક રૂપિયો રળી જાય છે. તેમના કામની મોસમ પણ ટૂંકી હોય છે. મે માસ પૂરો થયા પહેલાં કોઇક જ પ્રવાસે નીકળે છે અને ઑગસ્ટના અંતમાં તો કોઇ જ મળતું નથી; એટલે આ મજૂરો માત્ર બે પૂરા ફેરા જ કરી શકે છે.

એવી વાતો પણ ઊડે છે કે આમ ટૂંકા વખતમાં પૈસા આગળથી લઇને કેટલાક મજૂરો યાત્રિકોને પહેલી ભેખડથી આગળ જ વહેતી નદીમાં ફંગોળી દઇને પાછા બીજું ભાડું મેળવવા આવી ઊભા રહે છે. તેઓ મનમાં સંતોષ લે છે કે યાત્રિકનું તીર્થધામમાં મૃત્યુ થવાથી તેને મોક્ષ અપાવ્યા મુજબ થયું!

આ માર્ગો પર પૈડાંવાળું વાહન તો નજરે પડવાનું જ નહિ; પણ ટટ્ટુઓનું જૂથ જઇ શકે છે. કેટલે ય સ્થળે બહુ જ ખરાબાવાળા તેમજ સીધાણ અને કઢંગી ધાર પરના રસ્તા છે; પણ તે બહુ સાચવણવાળા છે અને કેટલાક પૂલો પણ ઠીક બાંધ્યા છે. જેમને સુખસગવડથી જવુંઆવવું હોય તેઓ બેસવાને તેમ જ ભાર વહેવાને ટટ્ટુઓ ભાડે મેળવી શકે છે. છતાં ઘણાખરા સાધન-સંપન્ન લોકો પણ યાત્રાનું પુન્ય લેવા પગપાળા જ જાય છે. આના દૃષ્ટાંત તરીકે અમે બદરીનાથથી પાછા ફરતા હતા તે વખતે નેપાળના રાજકુમાર અને રાજમાતા બંને પગે ચાલતાં અમને સામાં મળ્યાં હતાં.


રોજની મજલ નવ માઇલની થાય છે અને તે પૂરી થતાં યાત્રિકોને ઉતારો કરવા જેવી સાદી જગ્યા અને જેવીતેવી સગવડ પણ મળી રહે છે. ઉતારો એટલે રસ્તાને કાંઠે જ બાંધેલી ઓસરીઓ અને સાધનમાં ઘાસની ચટાઇઓ જ. આ ઉતારાના માલિકોની દુકાન પણ હોય છે. ત્યાંથી યાત્રી સીધુંપાણી ખરીદે તે સાથે એક રાતનો વાસો કરવાની સગવડનો હક પણ



વિષ્ણુનું મંદિર (બદરીનાથ?) (F S. Smythe)



ઉત્તરાપથની યાત્રામાં ઠેરઠેર મળતો આવો ગઢવાલનિવાસી તમને કદિ આળસુ તો જણાશે જ નહિ. જરાક નવરો પડ્યો કે પોતાની તકલી ઉપર ઊન કાંતવા માંડવાનો (H. W. Tilman)



ગઢવાલના ઉચ્ચતર પ્રદેશના વાસી ભૂતિયા લોકો. (યાકના છાણ ભરેલો હોકો પીતા) (H. W. Tilman)

મેળવે છે. દરેક પરસાળમાં દસબાર માટીના ચૂલા હોય છે. રાત પડતાં દરેક ચૂલા આગળ એક એક ટોળું જામી પડે છે. ખાવાનું રંધાતું હોય, વાતો ચાલતી હોય અને રસ્તા પર નવા યાત્રિકો, ખચ્ચરો, ટટ્ટુઓ અને ડાંડીઓની ભરતી થતી જ હોય, ત્યારે સ્થળ બહુ જીવતું બની રહે છે.

આવી મજલ કોઇ જરા મોટા ગામડા કે ગામ આગળ પૂરી થાય ત્યારે ત્યાંના રહીશો પાસેથી તેમનાં ઘરોમાં વધુ સગવડવાળા ઉતારા ભાડે મળી શકે છે. ઘર પથ્થરનાં ચણેલાં બે માળનાં હોય છે. નીચેનો ભાગ દુકાન, તબેલા કે વખાર તરીકે વપરાય છે અને ઉપર ઘરનાં વસે છે. ઘરને એક અટારી પણ હોય છે.

રસ્તાનું સમારકામ હિંદી સરકારના પબ્લિક વર્કસ ડીપાર્ટમેન્ટને હસ્તક છે અને મેડિકલ ખાતાના ઇન્સ્પેકટરો પણ આરોગ્યના જરૂરી કાનૂનો પળાવવાનો અમલ કરવા ફરતા નજરે પડે છે. કોગળિયું, ઝાડા, તાવ દરેક રોગથી ચેતતા રહેવું પડે છે; કારણકે ચેપ ફાટી નીકળે તો પ્રવાસથી થાકેલા અને હવાથી નહિ ટેવાએલા માણસો રોગના હુમલા સામે ટકવા અશક્ત હોય છે. કેટલાંક મરણ તો નબળાઇ અને ભૂખમરાના કારણે જ થાય છે. કેટલાક તો યાત્રાની એવી ઝંખનાવાળા હોય છે કે કશું જ સાધન ન હોય તો એ ચાલી નીકળે છે. તેમનો આશરો સાથના યાત્રિકો અથવા દુકાનદારો માત્ર હોય છે.


ગંગોત્રીની યાત્રાએ નીકળેલો માણસ હરદ્વાર છોડીને ઉત્તર તરફ ગંગાના મુખ્ય પ્રવાહ ભાગીરથીને કાંઠેકાંઠે આગળ ચાલે છે. ગંગોત્રીના મુખ્ય મંદિરમાં ગંગા અને ભાગીરથીની જ મૂર્તિઓ છે. મંદિરની નીચેના ભાગમાં નદીમાં ત્રણ કુંડો છે. તેમાં યાત્રિકો સ્નાન કરી પવિત્ર થાય છે. એક કુંડ બ્રહ્માનો બીજો વિષ્ણુનો ને ત્રીજો શિવનો છે. ત્યાંનું જળ પવિત્ર મનાય છે અને ગોરમહારાજને જમાડી દક્ષિણા આપવાથી તે સીલબંધ ઘડો તૈયાર ભરી આપે છે. આ ગંગાજળનું આખા હિંદુસ્તાનમાં ઘેરેઘેર જે મહત્ત્વ છે તે તો જાણીતું છે.

પણ ખરેખરી પવિત્ર જગ્યા તો ગંગોત્રી શિખરોના મિનારા આગળ આકરા પંદર માઇલની ઊંચાઇએ ગંગાનું ખરેખરૂં મૂળ છે. એ ગંગોત્રી શિખર એટલે ગઢવાલનું ઊંચામાં ઊંચું શિખર. એ જગ્યા ગૌમુખ તરીકે જાણીતી છે અને ત્યાં કોઇક જ જાય છે. પણ ભાવિકોમાં તો તેની પવિત્રતા એટલી બધી મનાય છે કે ત્યાં ભવભવનાં પાપ નાશ પામે છે અને મુક્તિનું પુણ્ય મળે છે.

શિવભક્તોનું આકર્ષણ કેદારનાથની યાત્રા હોય છે. ત્યાં જવાને અલકનંદાને કાંઠેકાંઠે રસ્તો જાય છે, તે ઠેઠ ઉત્તરમાંથી આવતી મંદાકિનીનો તેને સંગમ થાય છે ત્યાં સુધી. સંગમ આગળ રૂદ્રપ્રયાગ છે અને ત્યાંથી મંદાકિનીને કાંઠે ઉત્તર તરફ તેના મૂળ આગળ જ જરા

થોડે દૂર કેદારનાથનું ધામ છે. આ સંગમ આગળથી જતા રસ્તા ઉપર ચાર પૌરાણિક સ્થળો છે: દેવપ્રયાગ, રૂદ્રપ્રયાગ, કર્ણપ્રયાગ અને વિષ્ણુપ્રયાગ.

શિવે કેદારનાથને પોતાનું ધામ કેમ બનાવ્યું તેની જે કથા પ્રચલિત છે તેનો વૃત્તાંત શિવના રૂદ્રસ્વરુપ તત્ત્વની જોડે કેવી રીતે મેળ લે છે તે સમજાતું નથી. પોતાના શત્રુઓથી ભાગનાં સલામતી શોધતા શિવે પાડાનું સ્વરુપ ધારણ કરી પાતાળમાં માથું મારી ઊતરી જવા ધાર્યું, પણ પાછલી પૂછ બહાર રહી ગઇ. કેદારનાથ આગળ એક પહાડ છે તેને આ પીઠના સ્વરુપ જેવો માની ઘણા ભક્તજનો નમસ્કાર કરે છે. આસપાસમાં નાનાંનાનાં થોડાં દેવસ્થાનો છે. ખાસ કરી એ જ ખીણમાં ઉપર જતાં મદમહેશ્વરનું સ્થળ છે, પણ જે ધોધમાર વરસાદ ને ખરાબ રસ્તો વેઠી શકે તે જ ત્યાં જાય છે.



રસ્તાની બાજુએ બેઠેલા યાત્રાળુઓ. ગમે તેવા ધનિક પણ પગે જ સફર કરવાના. એમાં જ પુણ્ય છે. (F. S. Smiythe)

બદરીનાથ જવાનો રસ્તો વિષ્ણુપ્રયાગ આગળ જ્યાં અલકનંદા જોડે ધૌલી નદી મળે છે ત્યાંથી એકદમ ઉત્તરે વળે છે. વિષ્ણુપ્રયાગમાં તો એક દેવાલય અને થોડાં ઝૂંપડાં જ છે, પણ તેની નજીક એક જોષીમઠ છે. ત્યાંનું મંદિર આ તીર્થોમાં જૂનામાં જૂનું—એટલે કે લગભગ આઠમા સૈકાનું મનાય છે. જોષીમઠ પહેલેથી જ કુમાઉંના રાજવંશનું પાટનગર હતું. તેના છેવટના વારસની એક રસિક કહાણી છે. તે રાજાનો અમલ એટલો આકરો ને જુલ્મી હતો કે તેને પોતાને કાયમ પોતાનું ખૂન થવાનો ભય રહેતો. અને તેની સામે જાતજાતની સાવચેતીઓ તે લેતો. એમાં એક તો એવી હતી કે જે પરથી તે દેશની કારમી ઊભી કરાડો અને ભયંકર ખીણોનો ખ્યાલ આવશે. તેની ડાંડી ઊપાડનાર નોકરોના ખભામાં લોખંડની જંજીરો જડી દઇ તેનાં કડાંમાં ડાંડીની વળીઓ ભરાવવામાં આવતી કે જેથી તેઓ કદી ડાંડી સાથે તેને નદીમાં કે ખીણમાં ફગાવી શકે નહિ. પણ આમ છતાં યે તેની બધી જ સાવચેતી એળે ગઇ કારણકે તેના



અને બૈરાંઓ પણ ઓછાં કામઠાં નથી. બીજાં કામકાજમાંથી નવરાં પડયાં કે મરદોએ કાંતી રાખેલી ઊન વણવા શાળ પર બેસી જવાનાં
(H. W. Tilman)



નવમી સદીમાં બંધાએલા આ જોષીમઠની લગોલગ થઇને જ બદરીનાથનો રસ્તો જાય છે. શિયાળો બેસતાં જ બદરીનાથની બધી વસતી અહીં જોષીમઠમાં આવતી રહે છે. (H. W. Tilman)

જુલમને વધુ વખત સહન કરવા અશક્ત બનેલી પ્રજામાંથી ચાર મરણિયાઓએ રાજાના ડોળા સુદ્ધાં પોતાની જાતને પણ ખીણમાં ઝુકાવી દીધા અને એ રીતે તેનો અંત આણ્યો.

વિષ્ણુપ્રયાગ આગળથી અલકનંદાને કાંઠેકાંઠે જતો છતાં તે જ રસ્તો ઉત્તરે વળે છે અને બદરીનાથ અઢાર માઇલ છેટું રહે છે તેટલામાં ચાર વખત નદી ઓળંગે છે. આમ ન કરે તો કેટલીયે અશક્ય ધારો વટાવી ન શકાય.

બદરીનાથ જેમ પાસે આવતું જાય તેમ વધુ પહાડી ને વનસ્પતિશૂન્ય દેખાવ નજરે પડે છે. વૃક્ષનું તો નામ મળે નહિ. ગામ આવે ત્યારે ખેતીની નજીવી નિશાની હોય. હિંદુઓનું આ મહાતીર્થ નજરે પડે છે ત્યારે પહેલી નજરે જે આઘાત થાય છે તેની શી વાત કરવી? એકેએક ઘર ઉપર પતરાનું છાપરૂં જડેલું હોય છે જેથી દેખાવ ભમરાળો લાગે છે. નદી અને ઘરોની વચ્ચેથી ડોકિયાં કરતું મંદિર પણ આ છાપ ઉડાવી શકતું નથી.

નદીને સામે કાંઠેથી નીરખતાં એ મંદિર તેના પથ્થરના કમાનદાર પ્રવેશદ્વાર અને ચળકતા ઘુમટથી કંઇક ભવ્ય લાગે છે. બરાબર તેની નીચેને પડથારે નદીને કાંઠે નાનો સ્નાનકુંડ છે. તેમાં એક ગરમ ઝરાનું પાણી આવે છે અને ત્યાંથી થોડાં પગથિયાં ઊતરતાં નદીનો ઠંડાગાર જળનો ઘૂઘવતો પ્રવાહ છે. વિધિપુરઃસર યાત્રા કરનારાઓ તેમાં લોખંડનાં કડાં ઝાલી સ્નાન કરે છે.

બદરીનારાયણ એ વિષ્ણુ ભગવાનની જ મૂર્તિ છે. વિષ્ણુ ભગવાન એટલે સુંદર મંગલ સ્વરૂપ. બીજા કેટલાક સંપ્રદાયોમાં સાધારણરીતે જે આવેશમય અને અપવિત્ર ધર્મવિધિઓ હોય છે તેનાથી બચવા ઇચ્છતા ભક્તો વિષ્ણુનું શરણ લે છે. આ સ્થાનમાં વિષ્ણુ ભગવાનની પૂજા કરવાથી ગૌહત્યા કે બ્રહ્મહત્યા સુધીનાં સર્વ પાતકો નાશ પામે છે.

બ્રાહ્મણો વર્ણમાત્રના ગુરુ ગણાય, પણ બધા બ્રાહ્મણો ગુરુપદે નથી હોતા. કેદારનાથ અને આવાં બીજાં ધામોમાં મંદિરના આચાર્ય કે મુખ્ય પંડયા બ્રાહ્મણો જ હોય છે, પણ બદરીનાથના પંડયા જે 'રાવળ' સંબોધનથી ઓળખાય છે તે ખાસ કરી દક્ષિણ ભારતના જ હોય છે. આનું કારણ શંકરાચાર્યે જ્યારે બૌદ્ધ ધર્મનો



બદરીનાથ (F.S. Smythe)

પરાભવ કરી તેને હિંદ બહાર કાઢ્યો તે વેળા પોતાના પ્રતિનિધિ માટે આવી ગોઠવણ કરી હોવાનું મનાય છે અને આજે તેની પરંપરા સચવાય છે. એ રીતે એમણે વૈદિક દેવતાઓની પુનઃ સ્થાપના કરી અને આ યાત્રાનું માહાત્મ્ય વધારી દીધું. તેથી ગઢવાલમાં પ્રાચીન ધર્મની પુનઃ પ્રતિષ્ઠા અને શ્રદ્ધા વધી.

નવેમ્બરથી મે માસ સુધી બદરીનારાયણનું મંદિર બંધ જ રહે છે અને તમામ વસ્તી શિયાળો ગાળવા જોષીમઠ જઇને રહે છે. બદરીનારાયણ સમુદ્રથી ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઇએ છે તે ઉપરથી જ ત્યાંનો શિયાળો કેવો આકરો હશે તેનો ખ્યાલ કરી લેવો.

યાત્રાની મોસમમાં રસ્તા ઉપર જ એક અમલદાર બેસે છે. તે દરેક યાત્રાળુની સંખ્યા નોંધે છે અને દરેકની વિગત રજિસ્ટરમાં લખે છે. હમણાંનાં વર્ષોમાં દર સાલ સરેરાશ સિત્તેર હજારની સંખ્યા થાય છે. ૧૯૩૪માં તે નોંધ પ્રમાણે માત્ર ત્રીસ મરણ થયાં હતાં. ત્યાંની હવાની વિષમતા, યાત્રાળુઓની અશક્તિ, અવસ્થા વગેરે વિચારતાં એ પ્રમાણ નજીવું ગણાય. તેમાં કેટલાક તો ભૂખની નબળાઇથી જ મરી જાય છે. ભિક્ષુકો માગીને પૂરૂં પેટ ભરી શકતા હશે, પણ યાત્રા ખાતર ભિક્ષુ બનેલાને તો પેલા રીઢા થઇ ગએલા ઉસ્તાદસૈન્ય વચ્ચે સમાસ કરવો મુશ્કેલ પડે. મંદિરના અધિકારીઓને આ વાત સમજાઇ હોવાથી તેમણે દરરોજ અન્નદાનની વ્યવસ્થા રાખી છે. બપોરે બાર વાગ્યે મંદિરના દરવાજા બહાર રસ્તા પર ભાતનો મોટો ચરુ લાવવામાં આવે છે અને તેમાંથી અનાથ કે નિરાશ્રિતને ખોરાક મળી રહે છે.

બદરીનાથમાં અમને વળી એક નવી જ વાત મળી. એરોપ્લેનમાં અહીંની યાત્રા કરાવવાનો નવો ધંધો ખીલવનાર એક મળ્યો. એ ભાઈ અહીં જમીન ઉપર વિમાન ઉતારવાની સગવડો કેવી છે તેની તપાસ કરવા આવ્યા હતા. હરદ્વારથી અરધા પંથ સુધીની હવાઇ મુસાફરી તો ચાલુ થઇ ગઇ છે. જેમને વખત આગળ પૈસાનો હિસાબ નથી એમને આ વાત ગમી જશે. બીજી બાજુ ચાર મજૂર અને ડાંડીનો ખર્ચ પણ એટલો જ થતો જાય છે. પણ આ નવી યોજનાથી પંડાઓનું

શું થશે? અને કષ્ટ વેઠી યાત્રા કરનાર જેટલું એ હવાઇ યાત્રાનું પુણ્ય ગણાશે ખરૂં? એથી યે જો યાત્રાએ આવનારા વધશે તો કદાચ પુણ્યનો મહિમા ઓછો નહિ થાય?

બદરીનારાયણથી ત્રણ માઇલ ઊંચે 'માન' નામે ભૂતિયાનું ગામ છે. માન ખીણ ઉપર તિબેટનું વસ્તીવાળું આ છેવાડાનું ગામ છે. સેંકડો ફૂટ ઊંડી નેળના મથાળે પત્થરે છાએલાં ઘરોનો તે એક નાનો નેસ જ છે. એ ખીણની ખાંચ એટલી તો સાંકડી છે કે કોઇકોઇ ઠેકાણે પ્રચંડ પત્થરોના ગડદાથી સામસામી જોડાઇ ગઇ છે. એ પથ્થરો બાજુના પર્વતો પરથી ગબડી આવેલા અને ખીણની નેળમાં સલવાઇ સજ્જડ થઇ ગએલા.

અલકનંદાનો મૂળ પ્રવાહ આમાંથી વહે છે, પણ અસલ તો ત્રણ માઇલ ઊંચે આવેલા ભગતખડક અને સતપંથનાં હિમશિખરોના ખોળામાંથી છૂટે છે. સતપંથના મથાળે અલકનંદા અને મંદાકિનીના જળથારો છે. અમે એ ૨૦,૦૦૦ ફૂટ ઊંચી કઠણ ધાર પાર કરી પાછળ કેદારનાથ પહોંચ્યા. આમ કરવાનો હેતુ એવો પણ હતો કે લોકોમાં વાતો ચાલતી હતી કે કેદારનાથ તેમ જ બદરીનાથનો એક જ પંડ્યો છે અને તે એક જ દિવસે બંને ઠેકાણે પૂજા-આરતી કરે છે. એટલું સાચું કે એ બંને સ્થાન વચ્ચે સીધું અંતર વીસ માઇલનું છે, પણ એટલો પ્રવાસ કરતાં અમને તો સોળ દિવસ થયા.

ભૂગોળને હિસાબે અલકનંદાનું એટલે કે ગંગાનું મૂળ ઉગમસ્થાન ભગતખડક—સંતપંથનાં હિમશિખરોના ખોળે છે, પણ હિંદુ કથામાં તેનો સંબંધ બરફના એવા રૂક્ષ પથરાળ નેળિયા કરતાં વધારે સુયોગ્ય જગ્યા સાથે ગણ્યો છે. 'માન' ગામ અને આ પર્વતોની વચ્ચે, ખીણની ઉત્તરાદિ ઊભી કરાડ ઉપર દૂરથી પાણીનો એક સીધો ધારોડો કાળમીંઢ ખડકની દીવાલ પર પાતળી રૂપેરી પટી જેવો દેખાય છે. નીચે પડતાં જ તે જલસીકર બની વેરાઇ જતો લાગે છે. તેને પડખે લીલાછમ બેટ ઉપર એક જેવીતેવી દેરડી છે. તે પાણીના ધોધની એટલી પાસે છે કે ત્યાં પૂજા કરવા જનાર તેના પવિત્ર સ્રોતથી છંટકાઇ રહે છે. વિષ્ણુ ભગવાનના પગમાંથી કમળની નાજુક દાંડી પેઠે વહેતો આ ગંગાસ્રોત 'ભાસદૂરા' જેવા સુંદર નામથી જાણીતો છે.

અનેક તીર્થોની પુરાણપવિત્રતાથી અને જે દશ્યોની વચ્ચે તે નિર્માયાં છે તેની ભવ્યતાથી રસાએલો યાત્રિક ઉપરના સ્થળે તેના અનુભવોની સર્વોચ્ચ સ્થિતિ અનુભવે છે. શ્રદ્ધાળુ જનને અહીં લાગ્યા વિના રહે જ નહિ કે ભૂતકાળના પાપપુંજથી તે મુક્ત બન્યો છે ને ભાવિનો ભવ ટળ્યો છે. અરે, નાસ્તિક હોય તે પણ કહે કે એ ગિરિશિખરો ખરેખર ભક્તિભોજ્ય મંદિરો છે!

(Geographical Magazine (July 1935) માંના H.W. Tilmanના લેખ તથા તે સાથેનાં ચિત્રો ઉપરથી)



બદરીનાથમાંથી ચાંદનીમાં દેખાતું નીલકંઠનું શિખર (F.S. Smythe)

અખાડો


શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ

આ વખતે

સુન્દર શરીરનો આદર્શ

આગળ ચર્ચે છે

નિરીક્ષક : શ્રી હરિનારાયણ આચાર્ય



મનુષ્યના સર્વાંગ સંપૂર્ણ સુન્દર દેહની કલાકારોની કલ્પેલી આદર્શમૂર્તિ

સુન્દર થવું કોને નથી ગમતું ? સુન્દરતાની ભૂખ તૃપ્ત કરવા મનુષ્યજાતે યુગેયુગે અનેક રીતે વલખાં માર્યાં છે. કેશસંસ્કાર, ધૂપરાગ, અંજન વિલેપન, વસ્ત્રાભૂષણ વગેરે પ્રસાધન સામગ્રીથી દેહને અલંકૃત કરવાના પ્રયત્નો કર્યાં છે. આ બધાની પાછળ સૌન્દર્યતત્ત્વના પરમોપભોગની વૃત્તિ કરતાં, શરીરને 'આકર્ષક' બનાવવાની મનોવૃત્તિ પ્રધાન હોવાથી, આવા પ્રયત્નો ઘણેભાગે કેવળ વ્યંડળલીલા જેવા ઉપહાસપાત્ર તથા બીભત્સદર્શન ને સુરુચિનો ભંગ કરનાર નીવડે છે. કારણ પ્રાણિમાત્રની યથાર્થ સુન્દરતા તો પ્રકૃતિએ ઘડેલા એમના અંગઉપાંગોના સંભારમાં તથા હાડચામ ને વાળપીંછાં વગેરેથી મઢેલા એની કાયાને લીધે છે. જે કાયા સ્વાભાવિક જ સુન્દર નથી અર્થાત્ જે તે પ્રાણીને યોગ્ય વિકાસ રહિત, અપૂર્ણ ને વિકૃત છે તેના પર ગમે તેટલો ઉપકરણસંસ્કાર થાય તોયે એની સુન્દરતા આવવાની નથી. ટોળે વળીને ફરતાં હરણ જૂઓ; કબૂતર, મોર, લેલાં—કોઇ પણ પંખી લ્યો; એને કદીયે બાહ્ય અલંકાર સજતાં જોયાં છે? હરણના ગળામાં હાર અને નેકલેસ, પગમાં બંગડીઓ અને ઊંચી એડીનાં બૂટ, સિંહની 'બૉબ્ડ' કરેલી કેશવાળી—આ જાતની કલ્પનામાત્ર ઉપહાસપાત્ર ગણાશે. તો પછી કેવળ વિવેકવૃત્તિને લીધે જ આ બધાંથી ભિન્ન મનાતા મનુષ્યના દેહને આવાં અલંકરણ શોભાસ્પદ કેમ નીવડે ? છતાં આવાં અલંકરણ જ આજે તો 'સુન્દરતા' મનાય છે, વસ્ત્રાભૂષણ અને કેશસંસ્કાર જ 'સભ્યતા'નું ચિહ્ન લેખાય છે, એ ઓછું શોકાસ્પદ છે? જે દિવસથી મનુષ્યે પ્રાકૃતિક જીવન છોડ્યું, પ્રાણીઓની નગ્ન રહેવાની નૈસર્ગિક રીત છોડીને વસ્ત્રાવલંબન કર્યું તે દિવસથી અખંડ દેહની સુન્દરતા ગૌણ બનતી ગઇ અને ચહેરાની શોભા તથા અંગોને શણગારવાની ટાપટીપ જ સૌન્દર્યસાર ગણાવા લાગી. આજે તો દરજી અને વાળંદ જ આપણી સુન્દરતાના વિધાતા બની બેઠા છે!

આ દશા છે ત્યાં શરીરને કેળવવાની, વ્યાયામ અને નૈસર્ગિક જીવનપ્રણાલિકાથી મનુષ્યશરીરની સ્વાભાવિક સુન્દરતા પ્રાપ્ત કરવાની વાતે કોણ સાંભળે ? આવી સુન્દરતા મેળવવાનો અભિલાષી રડ્યોખડ્યો કોઇ વ્યાયામપ્રેમી નીકળ્યો તો એ બીચારો પ્રેરણા પણ ક્યાંથી મેળવે? એની આસપાસ તો જાડાં કુલ્લાં જેવાં, ફાંદવાળાં કે સૂકા વરખડાનાં ઝાંખરાં જેવાં દૂબળાં વિકૃત અંગવાળાં મનુષ્યપશુઓ મરવાની આળસે

જીવતાં નજરે પડે છે. એટલે જીવંત આદર્શના અભાવે એને પાષાણમાં ઉતારેલા પ્રાચીન કલાકારોનાં વીનસ, એપોલો કે મર્ક્યુરી, હર્ક્યુલિસ, ડિસ્કોબોલસ કે રેસલર્સ—વગેરેમાંથી પ્રેરણા મેળવવી રહી. સર્જનનો સ્પષ્ટ માર્ગ દર્શાવતી આ પ્રતિમાઓ સેંકડો વર્ષોથી વ્યાયામપ્રેમીઓને અને કલાકારોને પ્રેરતી આવી છે.

પણ આવી પ્રતિમાઓ ઠેરઠેર વેરાએલી પડી નથી. શરીરના અને પત્થરના શિલ્પીઓ દૂરદૂર દેશથી આવીને આ પ્રતિમાઓ અવલોકી પ્રેરણા મેળવી જાય એ સર્વાંશે અનુકૂળ નથી હોતું. વળી યુગેયુગે સર્જાએલાં અનન્યસાધારણ શિલ્પ, વિવિધ કલાકારોના કલ્પનાવિકાસનાં ફળ હોવાથી પ્રત્યેકમાં સૌન્દર્યનો અંશ નીરાળો હોય છે. આ વિસંવાદી સ્થિતિમાં કયું સર્વોત્કૃષ્ટ અને ગ્રાહ્ય એ નક્કી કરવું દુષ્કર થઇ પડે છે.

કલાના ક્ષેત્રમાં આવી મૂંઝવણ વિનાશક નીવડે એ ભય લક્ષમાં રાખી, પ્રાચીન કાળથી કલાકારોએ મનુષ્યદેહની એક કાલ્પનિક મૂર્તિ સરજી છે: એવા હેતુથી કે આ કલ્પનામૂર્તિને આધારે શિલ્પવિધાયક પ્રતિમાઓ ઘડી શકે.

આ આદર્શમૂર્તિમાં પ્રધાન માપ મનુષ્યના માથાને ગણ્યું છે. માથું એટલે ખોપરીના ઊંચામાં ઊંચા ભાગ અને દાઢીના છેડા વચ્ચેનું અંતર. આ હિસાબે આદર્શ સ્ત્રીપુરુષની ઊંચાઇ ૭ાા માથાં હોવી જોઇએ.

મનુષ્ય ટટાર ઊભો હોય ત્યારે હાથનાં ટેરવાં સાથળની વચ્ચોવચ અડકવાં જોઇએ.

એનું પગલું ૧ માથાથી સહેજ મોટું હોય.

શરીરની મધ્યરેખા: બે પગથી બનતા ત્રિકોણના શિરોબિન્દુ (સીવની) ઉપર જ પુરુષદેહની અને એથી સહજ ઉપર સ્ત્રી શરીરની.

સ્તનાગ્ર અને દાઢી વચ્ચેનું અંતર=૧ માથું.

,, ,, દૂંટી ,, ,, = ,,

સ્ત્રીશરીરમાં પહોળામાં પહોળો ભાગ: શ્રોણિનાં હાડકાં (એટલે કે ૨ માથાં)ની પહોળાઇ જેટલો.

બે ખભા વચ્ચેનું અંતર=૧ાા માથું.

ઢીંચણની ઢાંકણીથી મધ્યરેખા વચ્ચેનું અંતર

= ,, ,, પગના તળિયા સુધીનું ,,

= મનુષ્યની ૦ા ઊંચાઇ.

માથાની મધ્યરેખા=આંખની સમાન્તર રેખા.

નાકની અધોરેખા=આંખથી દાઢી સુધીના અરધા માથાની મધ્યરેખા.

ભ્રમરથી દાઢી=નાસાગ્રથી કર્ણવિવર=ચહેરાની પહોળાઇ.

આંખ વચ્ચેથી આડી રેખા દોરતાં, એ રેખા પર આખા ચહેરાના પાંચ ભાગ=પાંચ આંખો.

નાકની કમાન=૧ આંખ

આંખના છેડેથી વાળ સુધી, બે બાજુનો દરેક ભાગ=૧ આંખ

બંને નસકોરાં ભેગાં=૧ આંખ

મોં—ઓઠની લંબાઈ=૧ાા આંખ

નાકની કમાનથી નાસાગ્ર વચ્ચેની લંબાઇ=૦ા માથું

કાનની લંબાઇ=૦ા માથું

ખભાથી આંગળાંના મૂળ સુધીના ભાગનું મધ્યબિન્દુ=કોણીનો છેડો

પંજો—આંગળાંનાં ટેરવાંથી કાંડા વચ્ચેનો ભાગ= ૧ માથું.

પ્રતિમાવિધાયકોનો આ આદર્શ, દેહનો વિકાસ કરવા ઇચ્છનારને પ્રેરક નહિ નીવડે; કારણ એક તો એનાં ધોરણ બધાં ય હાડકાંની લંબાઇ પર જ નિર્ણીત થએલાં હોવાથી અને હાડકાંની લંબાઇ ઓછીવત્તી કરવાનું મનુષ્યશક્તિથી પર હોવાથી વ્યાયામપ્રેમીને એ નિરુપયોગી છે. વળી આ આદર્શના સંપૂર્ણ પ્રતિબિમ્બ જેવો મનુષ્ય હજુ ઉત્પન્ન થયો નથી, એટલું જ નહિ પણ હજારોમાંથી એકાદ પણ મનુષ્ય એકાદ અંશે પણ આ આદર્શને ભાગ્યે જ પહોંચી શકશે. એટલે આવાં આકાશકુસુમની પાછળ શ્રમ કરવો મિથ્યા છે.

વ્યાયામના ક્ષેત્રની વાત જુદી છે. વિવિધ પ્રતિમાઓનાં વિસંવાદી રૂપલક્ષણ કલાકારોને ભલે મૂંઝવનારાં નીવડે, પણ વ્યાયામપ્રેમીને તો એ વિસંવાદ જ પરમોપકારક છે. કારણ પરસ્પર ભિન્ન સ્વરૂપ દર્શાવનારી, એપોલો, હર્ક્યુલિસ, ડિસ્કોબોલસ, મર્ક્યુરી, થીસીઅસ વગેરેની વિવિધ પ્રતિમાઓમાંથી દરેક મનુષ્ય પોતાના શરીરના બંધારણને અનુકૂળ આદર્શ અવશ્ય મેળવી શકે છે. કોઇ પણ બે મનુષ્યનાં શરીરના અસ્થિમંડપ એક જ જાતનાં નથી હોતાં એટલે જ બધા મનુષ્યો માટે 'એક' જ આદર્શ સૂચવવો એ અજ્ઞાનતા છે.

દૃષ્ટાન્ત તરીકે એપોલો બેલ્વેડીઅરની વિશાળકાય

છતાં માર્દવયુક્ત પ્રતિમાનો અંગવિન્યાસ નીચે દર્શાવ્યો છે: એને પડખે 'એપોલો' જેવી જ શરીરરચના (અર્થાત્ પાતળાં હાડકાં) વાળા જીવંત મનુષ્યનાં માપ આપ્યાં છે:

अ

	એપોલોની પ્રતિમા	એપોલો જેવો પુરુષદેહ
ઊંચાઇ	૭′	૬′
ગરદન	૧૮ાા″	૧૬″
છાતી	૪૫″	૩૮ાા″
દંડ સીધો	૧૫ાાા″	૧૩ાા″
કાંડું	૯ાા″	૮૧/૨″
કેડ	૩૬″	૩૧″
ફૂલા	૪૨″	૩૬″
સાથળ	૨૭″	૨૩″
પીંડલી	૧૮″	૧૫ાા″
ઘૂંટી	૧૧″	૯ાા″

આને પડખે, હર્ક્યુલિસની ભીષણકાય પ્રતિમાના આદર્શ પર ઘડાએલો, ભારે કલેવર (જાડાં હાડકાં)વાળો વિરાટ પુરુષદેહ મૂકો:

आ

દંડ, પીંડલી: ઊંચાઇના ૨૭%થી ૩૦%.
ગરદન: ઉપરથી સહેજ મોટી
સાથળ: ૩૫%થી ૪૦%.
છાતી: ૭૦%. (૬′ ની ૫૦.૪″!)

બંને સરખાવો. એપોલોની પ્રતિમામાં માર્દવ, પ્રતિભા, સુરેખતા અને લાવણ્ય છે, પણ એની છાતી ઊંચાઇના પ્રમાણમાં નાની હોવાથી એનામાં સહજ સ્ત્રૈણભાવ–'પાતળિયાપણા'-નો અંશ દેખાય છે. જ્યારે હર્ક્યુલિસમાં તો શરીરનો વિકાસ કેટલો શક્ય છે એ પરાકાષ્ઠા દેખાડવાનો જ પ્રયત્ન સ્પષ્ટ છે.

આ બંને મર્યાદાની વચ્ચે સર્વગુણસંપન્ન, સર્વાંશે આકર્ષક અને નખશિખ સંપૂર્ણ મર્દાનગીભરેલો દેહ થીસીઅસની પ્રતિમાનો છે. એપોલોના માર્દવ અને હર્ક્યુલિસના દુર્ઘર્ષ તેજનો સુન્દર સમન્વય એમાં કરેલો છે. સર્વ અંગોની 'સુસંહતિ' balance એ મુદ્રાની છાપ એમાં દેખાય છે. આપણા 'સિંહસ્કન્ધ-કટિ-ગ્રીવા'નો આદર્શ એમાં પ્રતિબિમ્બિત છે. આ આદર્શથી ઘડાએલો મનુષ્યદેહ આવો હોય:

इ

છાતી: ઊંચાઇના ૬૩%.
દંડ: પ્રકોષ્ઠ કરતાં ૨૦%. વધારે
,, આકર્ષિત: છાતીનો ૧/૨
પ્રકોષ્ઠ: કાંડાનો ૧ ૧/૨
કેડ: છાતીથી ૮″ કે ૯″ ઓછી
સાથળ: ઊંચાઇના ૩૫%. અગર ફૂલાનો ૩/૪
પીંડલી: સાથળથી ૭″ કે ૮″ ઓછી અગર સાથળનો ૨/૩

ભિન્ન ભિન્ન શરીરરચનાને લીધે, વાસ્તવિક તો એ છે કે દરેક મનુષ્ય પોતે જ પોતાનો આદર્શ હોવો જોઇએ. આદર્શનો અર્થ એટલો જ કે શરીર કેળવનાર વ્યક્તિ, શ્રમ કરતાંકરતાં આગળ વધે, વધતાંવધતાં આદર્શ 'જેવી' સ્થિતિએ પહોંચે: એટલેકે એનો દેહ સર્વાંગ સપ્રમાણ વિકસિત અને સુન્દર બની ગયો હોય અને પછી એને વિશેષ મહેનત કરવાની ન રહે. પરંતુ આવો આદર્શ જાતે નક્કી કરવામાં આરંભે જ પ્રત્યક્ષશારીર—ઍનૅટામી અને અંગઉપાંગોના હલન-ચલનનાં શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ તથા શોધક બુદ્ધિ જોઇએ છે. શરીર ઘડનારામાંના મોટા ભાગને આવા અભ્યાસનો અવકાશ જ નથી હોતો, એને લીધે એમના માટે પોતાનો આદર્શ જાતે 'ઉત્પન્ન' કરવાનું સુલભ નથી બનતું. માટે શરીર કેળવનારને એપોલો વગેરેના આદર્શને જ અવલંબવાનું સરળ અને હિતાવહ છે. આ ઉપરાંત સૅન્ડો, એપોલૉન, હૅકૅન્સમીટ, સ્ટીનબૉર્ન, ક્લીન, આર્કો, મૅટીસેક વગેરે જેવા નરવરોનાં શરીર—માપનો અભ્યાસ પણ આદર્શ નક્કી કરવામાં આવશ્યક છે. એ અભ્યાસથી આવા આદર્શ નક્કી કરી શકાય:

ई

ઊંચાઈ	૫′ ૪″	૫′ ૬″	૫′ ૮″
વજન	૧૪૫ રતલ	૧૬૦ રતલ	૧૭૫ રતલ
ગરદન	૧૫ાા″	૧૬″	૧૬ાા
છાતી	૩૯″	૪૧″	૪૩″
કટિ	૨૯″	૩૧″	૩૨″
દંડ	૧૪ાા″	૧૫″	૧૬″
પ્રકોષ્ઠ	૧૨″	૧૨ાાા″	૧૩″
કાંડું	૭″	૭ા″	૭ાા″
ફૂલા	૩૩″	૩૪″	૩૬″

સાથળ	૨૨"	૨૩"	૨૪"
પીંડલી	૧૪"	૧૪ાા"	૧૫ાા"

શરીરના વિકાસનો મુખ્ય આધાર હાડકાંની લંબાઇ અને જાડાઇ ઉપર છે. ખાસ કરીને હાંસડી અને કૂલાનાં હાડકાં આવા વિકાસ પર ભારે અસર કરે છે. આ સંબંધમાં એક વાત ધ્યાનમાં લેવા જેવી છે. શરીરના આકર્ષણ અને પ્રતિભાની દૃષ્ટિએ તો ઠીંગણા કરતાં ઊંચા માણસનો વિકાસ વધારે સરળ અને આંખને ઠારનારો નીવડે છે. છતાં આથી 'તાડના ત્રીજા ભાગ' જેવા લંબુસોએ ખુશ થવાનું નથી. અહીં જેને 'ઊંચા' કહ્યા છે તે ૫'૮" થી ૫'૧૦"ના ગાળાના. સદ્ભાગ્યે (!) આપણા ગુજરાતમાં ઊંચા-નીચાઓ વચ્ચે આવી સ્પર્ધાનો અવકાશ જ નથી! કારણ હવે આપણે ત્યાં 'ઊંચા' જન્મે છે જ ક્યાં? આજે તો બધે 'વેંતિયાં' નજરે પડે છે. આ વેંતિયાંને પણ એક ફાયદો છે. વિકાસ અર્થે એમને ઊંચાઓ જેટલો શ્રમ કરવો પડતો નથી અને અલ્પ શ્રમે વહેલી ફળપ્રાપ્તિ થાય છે! વળી કેવળ છબી જોતાં ઊંચાનીચાનો ભેદ દેખાતો નથી. માત્ર આપણા સમાજની કલુષિત આંખે જ કેવળ ઊંચાઓ સૌન્દર્યપાત્ર ગણાયા છે. એમાં વાંક ઠીંગણાઓના વિકાસનો નથી, પણ એમના કદનો છે. બળપ્રાપ્તિમાં તો બંનેને સરખો જ અવકાશ છે. ૫'૬"ના પ્રો. રામમૂર્તિની તોલે ભલભલા ૬', ૬'-૬" ઊંચાઇ વાળા પણ આવી શક્યા નથી.

એક વખત એવો હતો કે જ્યારે હું શરીરનાં માપ પર ગાંડો થઇ જતો. દુનિયાના ગમે તે પ્રસિદ્ધ પહેલવાનોનાં માપ ધાણી ફૂટે એમ હું કડકડાટ બોલી શકતો. શરીરની દર્શનીયતા કે બલવત્તાનું ધોરણ મારા હિસાબે મોટાં માપ એટલે ભારે સ્નાયુઓ જ હતાં. એને ઘણાં વરસ થયાં. આજ એ મોહ અને એવી તલ્લીનતા નથી રહી. એટલે સુધી કે હવે મને મારાં પોતાનાં માપનું પણ પૂરૂં ભાન નથી. અભ્યાસ અને અનુભવને યોગે મારા વિચાર બદલાયા છે. શરીરની સુન્દરતા કેવળ માપને બદલે સર્વાંગ સંપૂર્ણ વિકાસ-જન્ય રમણીયતામાં જ છે અને એની કસોટી આપણી 'આંખ' છે એમ માનતો હું થયો છું. ફૂટપટ્ટીની રજ પણ મદદ નથી લેતો, છતાં કોઇ પણ વ્યક્તિના કેવળ બેચાર જાતના ફોટો જોઇ મને એના શરીરના વિકાસની ઊણપો તરત ધ્યાનમાં આવી જાય છે.

આનો અર્થ એવો નથી કે હું માપમાં માનતો જ નથી. આમ કરૂં તો મારા જેવો અંધ કે મૂર્ખ બીજો કોઇ ન ગણાય. મારા કહેવાનો આશય એટલો જ છે કે માપ પ્રત્યે મને પહેલાંના જેવી તાલાવેલી નથી રહી. એનું કારણ એ કે 'શરીરની સર્વાંગ દર્શ-નીયતા એ જ વિકાસની પરાકાષ્ઠા' એમ હું દૃઢપણે સ્વીકારૂં છું. એટલે જ મને standard measurementsનો પણ મોહ નથી. શરૂઆત પૂરતાં એ બધાં સ્વીકાર્ય—અનિવાર્ય છે, પણ એ જ અંતિમ ધ્યેય ન હોવું જોઇએ એ કહેવાનું તાત્પર્ય છે.

આ લેખમાં માપનાં જે ધોરણ આપ્યાં છે તે માત્ર માર્ગદર્શન કરાવવા પૂરતાં જ. 'પોતે જ પોતાનો આદર્શ હોવો જોઇએ' એમ કહેવામાં મારો હેતુ એ હતો; અર્થાત્, આ 'ધોરણ' નજર આગળ રાખી ને શરીરવિકાસ માટે પુરુષાર્થ કરવાથી કદાચ એ 'ધોરણ'ને તો પહોંચી શકાયઃ પરંતુ એથી શરીર સાંગોપાંગ સુરેખ અને સુન્દર બન્યું જ હોય, એ ચોક્કસ કહેવાય નહિ. આનો અર્થ એટલો જ કે વિકાસના ક્રમની અમુક હદ ઓળંગ્યા પછી, આદર્શ મૂર્તિની કેવળ 'દર્શ-નીયતા'ને જ નજર આગળ રાખી અવશિષ્ટ વિકાસ સાધવો પડે છે. વિચારવાન વ્યાયામવિશારદ આટલે દરજ્જે પહોંચે કે એને પોતાના શરીરને—શરીરના બાંધાને અનુકૂળ આદર્શ મૂર્તિ કલ્પતાં વાર નહિ લાગે.

ઉપર આપેલાં કોષ્ટકોમાં મને પોતાને 'इ' ધોરણ પૂર્ણરૂપે સ્વીકાર્ય છે, પણ એની અંધ ઉપાસના હું કરતો નથી અને કોઇ ન કરે એમ હું ઇચ્છું છું.

મનુષ્ય 'પશુ'ના પૂર્ણવિકસિત અનાવૃત્ત દેહની નિર્મળ સુન્દરતાનો સ્વયંભૂ રસ જેણે ચાખ્યો છે એને તો આવાં માપની પરવા નથી રહેતી. એની તો 'આંખ' જ આદર્શને માપી શકે છે. આવી આંખ કેળવવાનું અઘરૂં નથી. થોડા અભ્યાસ અને અનેકવિધ અનુભવથી–અવલોકનથી રૂપરેખાઙ્કિત ચિત્રો, શિલ્પ કે સ્થાપત્યનો રસાસ્વાદ જેમ ભોગવી શકાય છે, અધમ ઉત્તમ ચિત્રાદિનો વિવેક સહેજે કરી શકાય છે, તે જ પ્રમાણે આદર્શરૂપ મનાએલા જીવંત પુરુષદેહના અનેકવિધ ફોટોગ્રાફ તથા પાષાણ પ્રતિમાઓના સતત અવલોકનથી, એમનાં અંગોના વિકાસના પરસ્પર

સાદૃશ્ય અને ભેદના વિવેચનથી તથા સ્નાયુઓ અને પેશીઓના પરસ્પર સંબંધ અને આકુંચન-પ્રસારણ-જન્ય ગતિ વગેરે ધર્મોના અભ્યાસથી માનવી સુન્દરતા ભોગવવાની નજર કેળવાય છે. આવા જ્ઞાન અને અનુભવ-સામગ્રીથી આદર્શ શરીરની સુલભ કલ્પના કરી શકાય છે.

આવી 'આંખ' કેળવતાં જ, સંસ્કૃત અને સભ્ય મનાતા જનો આજે મનુષ્યના નગ્ન દેહના અવલોકનમાં જે બીભત્સતા, ઘૃણાસ્પદ વિકારદૃષ્ટિ અને વાસના-લોલુપ મલીન બુભુક્ષા જુએ છે, એને સ્થાને પ્રકૃતિને ખોળે નિઃશંક નિર્બંધ વિહરતા, પૂર્ણ વિકાસવાળા, લિંગભેદ રહિત મનુષ્યદેહની અદ્‌ભુત સુન્દરતાનો અમાપ આનંદ મેળવી શકાય છે: જેવો આનંદ સ્વચ્છંદ વિચરતી હરિણપંક્તિ કે મદોન્મત્ત સિંહવ્યાઘ્ર અથવા સ્વયંવૃત્તિ ગજરાજને જોતાં થાય છે.

આવા અપૂર્વ આનંદ ખાતર જ જે શરીર નથી કેળવાતું, જે વિકાસનો હેતુ કેવળ પ્રતિપક્ષીને ડરાવવાનો કે નિર્દોષોને, નિર્બળોને પીડનારી ગુંડાબાજી કેળવવા પૂરતો જ છે, શરીરની વાસનાહીન સુન્દરતાને ભોગવવાને સ્થાને, જે બળ અને સુન્દરતાનો ઉપયોગ કે હેતુ માત્ર વિષયતૃપ્તિ વધારવા કે વાસનાના રંગરાગ બહલાવવા અર્થે જ છે, એવો વિકાસ કદી ય ગૌરવદાયક નથી. આજે મુડદાં જેવાં નમાલાં મનુષ્યો પણ વાસના-તૃપ્તિ ક્યાં નથી કરતાં? એવું જ જો હોય તો પછી બીભત્સ મુડદાલ શરીર અને પ્રચંડ શક્તિશાળી પૂર્ણ વિકસિત દેહ વચ્ચે ભેદ જ ક્યાં રહ્યો?

એટલે જ મારો આગ્રહ છે કે શરીર કેળવવામાં 'લિંગભેદ' ભૂલી જવો જોઇએ. માત્ર સર્વાંગસુરેખ વિકાસ ખાતર જ પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રયત્નમાં, એની પૂર્ણતામાં જે આનંદ છે એવો વિકારની નજરે નથી મળતો. નિઃશંક ફરતી સારસપંક્તિને અવલોકનારને, એની અવર્ણ્ય રૂપસામગ્રીને અનુભવનારને ઘડીભર પણ વિચાર આવશે ખરો કે આ નર છે ને આ માદા છે? આ નર ઓછો સુન્દર છે ને માદા ભારે મુગ્ધ કરનારી છે? મનુષ્યશરીરનો પણ આવો નિર્લિંગ આનંદ ભોગવવો અશક્ય નથી. પ્રાચીનો આવો જ અમાપ આનંદ ભોગવતા: એની સાક્ષી એમનાં શિલ્પ પૂરે છે. આવા નિર્લિંગ આનંદની ખાતર જ શરીરવિકાસ સધાય, એમાં જ હું આ લેખમાળાની સફળતા માનું છું.

* * * *

ઘણી વખત મેં જોયું છે કે વ્યાયામ કરનારને શરીરનાં માપ લેતાં આવડતું નથી. એવાને માર્ગદર્શન પૂરતી થોડીક સૂચના અસ્થાને નહિ ગણાય.

ગરદન: માથાનો ભાર ઝીલી ન શકાતો હોય તેમ માથું ખભા વચ્ચે પેસાડી દઇ ગરદન દબાવી ન દેવી; તેમ જ ઊંટની પેઠે ખેંચીને લાંબી પણ ન કરવી: પણ સામી નજરે જોતાં, ગરદન સ્વાભાવિક રીતે ટટાર રહે તેમ રાખી, પાતળામાં પાતળા ભાગનું માપ લેવું.

દંડ: બે રીતે: હાથ સીધો લટકતો રાખીને તથા દંડ ફુલાવીને.

પ્રકોષ્ઠ: હાથ સીધો રાખી, કોણી નીચે, મોટામાં મોટા ભાગનું માપ.

કાંડું: મૂઠી વાળીને (૧) હાડકાંના ટેકરા પરથી; (૨) વળી પાતળામાં પાતળા ભાગેથી.

છાતી: ટટાર ઊભા રહીને ડીંટડીઓ પરથી, નિયમિત શ્વાસોચ્છ્વાસ કરતાં માપ લેવું. ફુલાવેલી છાતીનું માપ બે રીતે લેવાય છે: (૧) બરડાના પૃષ્ઠચ્છદ (લૅટિસિમસ ડૉરસી) સ્નાયુઓને પ્રસારીને બગલના મૂળમાંથી માપ; (૨) કેવળ શ્વાસથી જ ફેફસાં ભરીને, સમ સ્થિતિમાં ઊભા રહી, સ્નાયુના પ્રસારણની મદદ લીધા સિવાય, ડીંટડી પરથી લેવાતું માપ. બંને રીતમાં હાથ ટટાર લટકતા રાખવા.

પેટ: ટટાર ઊભા રહી, પેટ ફુલાવ્યા વિના, (૧) દૂંટી પરથી ફરતા ઘેરાવાનું; (૨) પેટના પાતળામાં પાતળા ભાગે ઘેરાવાનું.

કુલા: પાછળ મોટા ભાગે માંસના લોચા પરથી પડખાનાં હાડકાંના મોટા ભાગે.

સાથળ: (૧) સાથળના મૂળથી (૨) સાથળ વચ્ચે મોટામાં મોટા ભાગે.

પીંડલી: મોટામાં મોટા ભાગેથી.

ઘૂંટી: (૧) હાડકાંના ટેકરા ફરતી; (૨) નાનામાં નાનો ઘેરાવો.

* * * *

કુમાર અંક ૧૪૯ પાન ૨૬૨ પરના પાંચમા પ્રશ્નનો ઉત્તર હવે મળી જાય છે.

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય કરાવતી લેખમાળા

વનવગડાનાં વાસી

વર્ષાના બે પૂજારી



બપૈયો

મારી પત્નીની અસ્વસ્થ પ્રકૃતિને લીધે હમણાં અમે શહેર બહાર આઘે રહેવા આવ્યાં છીએ. માણસનો સહવાસ છોડ્યો, પણ વગડાનાં પશુપંખી થોડાં છોડ્યાં છોડાય છે? એટલે અમારા ઘરને ફરતાં આમલી અને લીમડાનાં ઊંચાં ઝાડની ઘમ્મર ઘટામાં પંખીઓની જબ્બર જમાત જામી છે. એક બુલબુલે તો અમારા રસોડામાં પેસી જઇ, મોભે બાંધેલા છીંકાની દોરીએ લટકતો સરસ માળો બાંધી અંદર બે ઇંડાં મૂક્યાં છે: ચણી બોર જેવડાં, આછા ગુલાબી પેટા પર ઘેરા બદામી છાંટણાંવાળાં. અમારા આંગણાની એકહથ્થુ સત્તા ભોગવતાં કાકડિયા કુંભાર દંપતી સંવનનની મસ્તીમાં મેંદીની ઊંચી વાડની ઘટામાં આખો દિવસ સંતાકુકડી રમ્યાં કરે છે. ઘેરા નાદે આખું ઘર ગજવી મૂકતાં ચિત્રગ્રીવ કપોત[૧], પાસેના કંથેરના જાળામાં નીડારંભની ભારે ધમાલમાં પડ્યાં છે. રોજ સાંજ પડે છે ને હજારો હુડાનાં ટોળાં સામેના વિશાળકાય મહુડા અને આંબાની ઘટામાં રાત ગાળવા આવે છે. એમનાં હરિત વાન પાંદડાંના રૂપરંગમાં એવાં તો ભળી જાય છે કે ભારે દૂરબીનથી જોતાં પણ પાન ઓઠેથી એ જડતાં નથી. અમારી બારીના એક ખૂણામાં કરોળિયાએ ધામા નાખ્યા છે. રોજ રાત પડે ને એ જાળ બાંધે. બારી વચ્ચોવચ્ચ, સુંદર, સુઘડ. સવાર થાય કે એ સંકેલી લે. રાતે અગાશીમાં હું વાંચતો બેઠો હોઉં. વીજળીના અજવાળેથી ખેંચાઇને ફૂદાં ઊડતાં આવે. એમના સ્વાદલોભી કોઇ કોઇ હઠીલા વાણિયા[૨], ખડમાંકડી[૩] અને તીતીઘોડા[૪] પણ ભેગા આવે. માકણિયાં (જીવડાં)નો તો પાર નહિ. બારીમાંથી આવતાં આવતાં નાનાં ફૂદાં પેલી જાળમાં સપડાય. કરોળિયો નીરાંત જીવે એમને આરોગતો જાય. રાત વીતે કે લીલા સંકેલી લઈ હેઠા હૈયે બારીના ખૂણામાં ભરાઇ બેસે ને આખો દિવસ ઊંઘમાં કાઢે. રાત પડે કે પાછો તૈયાર.

કોયલો તો ઘર પછવાડેનાં આમલી–લીમડાની ડાળે ડાળે ગાન કરી રહ્યા છે. બપોરે હું રસોઇ કરવા બેસું ને રોજ એક કાગડી આવે. એની પાછળ કોયલનાં ચાર ખાસાં પુખ્ત ઉમરનાં બચ્ચાં હોય: બે ભાઇ અને બે બહેન. આખો દિવસ આ બચ્ચાં એમની આ ધાવમાની પૂઠે ફર્યા કરે છે. ચીસો પાડતાં, ખાવાનું માગતાં આ કોયલશિશુ ગરીબ કાગડીને રજ પણ ચેન પડવા દેતાં નથી. આ ડાળેથી પેલી ડાળે કાગડી ઊડતી જાય, એને ઘેરીને બચ્ચાં પણ ડાળેડાળે ફરતાં જાય. કંઇક દયાથી અને કંઇક કુતૂહલવૃત્તિથી રોટલીનો એકાદ ટુકડો હું નાખું. કાગડી ચાંચમાં ઉપાડે ન ઉપાડે ત્યાં તો એની પાસેથી પેલાં બચ્ચાં ખાઇ જ ગયાં હોય ને! આટલો ભૂખમરો, આટલો રંજાડ, છતાં ન તો કાગડી ચીડાએલી દેખાતી કે ન એ બચ્ચાંને તરછોડતી મેં જોઇ. અચરજ તો એ છે કે કાગડી છે સ્વભાવે માંસભક્ષક: જ્યારે કોયલ તો કેવળ[૫] ફલાહારી પંખી. છતાં કોયલનાં બચ્ચાંને ઉછેરવા કાજે કાગડી શોધીશોધીને વનસ્પતિનો જ ખોરાક લાવતી! શી વિવેકવૃત્તિ! કેટલું પરોપકારી માનસ! 'ઘબ્બડ...કું' 'ઘબ્બડ...કું' નાદે કૂજતાં પારાવત, 'પાતિ...યા' 'પાતિ...યા' સ્વરે લહેકા કરતી મેના . . . .

—પણ આ બધું તમને કહેવા બેસું તો તંતે

૧ Spotted Dove.
૨ Dragon-flies
૩ Praying Mantis
૪ Hoppers

૫ એના વંશનાં બીજાં બધાં (ચાતક, બપૈયો વગેરે) માંસાહારી.

નહિ આવે; એટલે હવે માત્ર મારાં બે જ પાડોશીનું ઓળખાણ કરાવી સંતોષ માનીશ. બંને છે કોયલનાં પીતરાઇ, Cuculidae વંશનાં. એટલે કોયલ જાતની વિશેષતા બંનેમાં દેખાય : દેહ જેવડી કે દેહથી યે લાંબી પૂછડી. કોયલ પેઠે બંને 'પરભૃત' : પારકા પાસે બચ્ચાં ઉછેરાવનારાં. પણ રૂપેરંગે તો બંને સામી પાળે બેસનારાં; એક કોયલ વંશમાં સૌથી સોહામણું : બીજું બધાંથી કદરૂપું. રૂપાળું તે ચાતક : બેડોળ તે બપૈયો.

ચાતક

ચાતકનું અંગ્રેજી નામ Pied Crested Cuckoo.* સંસ્કૃતમાં એને સારંગ પણ કહે છે. ભાવનગર તરફ એ 'મોતીડો' નામે ઓળખાય છે. એકાદ ફૂટ જેવડો દેહ. પૂછડી આઠ આંગળ લાંબી. કાગડાથી નાની, પણ પોપટથી મોટી પાતળી કાયા. રૂપે એ દૈયડ જેવું લાગે. ઉપરનો રંગ કાળો ચળકતો. પાંખમાં દૈયડ પેઠે પહોળો સફેદ પટ્ટો. પૂછડીનાં પીછાંના છેડા ધોળા. બાકીનું શરીર—દાઢી, ગળું, છાતી, પેટ વગેરે શ્વેતરંગી. ચાતકની વિશેષતા: એના માથા પરની ત્રિકોણાકાર કાળી શિખા, બુલબુલની ટોપી જેવી. એને લીધે એ 'શાહી બુલબુલ' નામે પણ ઓળખાય છે. પગે ચાર આંગળાં : બે આગળ, બે પાછળ. પાંખ કાળી. આંખ લાલ બદામી. પગ સીસાના જેવા, મેલા આછા આસમાની રંગના. નર-માદા દેખાવમાં એક જાતનાં : કોયલની પેઠે જુદાજુદા રૂપવાળાં નહિ.

ચાતક યાયાવર (migratory) પંખી છે. ભારતવર્ષનાં યાયાવર પંખીઓના ત્રણ વિભાગ કરી શકાય:

૧ ખરાં યાયાવર: આ વર્ગનાં પંખીનાં બચ્ચાં હિંદુસ્તાન બહારના પ્રદેશોમાં જ જન્મે છે. દા.ત. કુંજ.

૨ સામાન્ય યાત્રી: આ વર્ગનાં પંખીના માળા હિમાલયમાં હોય છે. દા.ત. હંસ.

૩ સ્થાનિક યાત્રી: આવાં પંખી ભારતવર્ષમાં જ રહેનારાં છતાં ઋતુભેદે આંતરપ્રાન્તીય યાત્રાઓ કરે છે. એમની પ્રજોત્પત્તિ દેશમાં જ થાય છે.

ચાતક આ ત્રીજા વર્ગનો યાત્રી ગણાય. આપણે ત્યાં એ ચોમાસાના આરંભમાં આવે છે. સમગ્ર વર્ષાકાળ અહીં વ્યતીત કરીને શરદ અને હેમંતના વચલા ગાળામાં પાછી વિદાય લે છે. એના આગમન અને નિવર્તનકાળના નિશ્ચિત જ્ઞાનને અભાવે આ પંખીની ઋતુચર્યા આખા ભારતવર્ષમાં સમસ્યારૂપ થઇ પડી છે. ઉત્તર ગુજરાતમાં મેં એને જૂન છઠ્ઠીથી નવેમ્બર છઠ્ઠીના જ ગાળામાં જોયું છે.

વર્ષાઋતુ એનો ગર્ભાધાનકાલ. આ પ્રસંગની એની વિહ્વળતા અને ઉન્માદજન્ય થનગનાટ અત્યંત મનોરમ હોય છે. વર્ષા આવે, નભોમંડળ નવીન જળભર મેઘથી આચ્છાદિત બને એવે વખતે, વૃક્ષની ઊંચી ઝૂલતી ડાળે બેસી, મૌન સ્વરે ચાતક વર્ષાનું સ્વાગત કરતો હોય—એ અત્યંત રમણીય દૃશ્ય છે. આ ચિત્ર જોયા પછી ભુલાતું નથી. એના કંઠસ્વરનો પરિચય કરવો હોય તો એને ઊડતો જોવો જોઇએ. આ ડાળેથી પેલી ડાળે, એક ઝાડથી બીજે ઝાડ, એમ ભમતો એ અનવરત ગાનથી આખું વાતાવરણ ગજાવી મૂકે છે.[૬] એના

* શાસ્ત્રીય સંજ્ઞા Clamator Jacobinus.

૬ બપૈયો અને કોયલ બેઠાં હોય તોપણ બોલે છે, જ્યારે ચાતક માત્ર ઊડતાં જ બોલે છે. બેઠો હોય ત્યારે બોલતો નથી.

સાદીની ફૂલવાડી

એક માણસ હજ પઢવા નીકળ્યો. એક એક ડગલે બે દંડવત્ કરતો એ ચાલતો હતો, ને એવો તન્મય હતો કે પગમાં કાંટા વાગે તે પણ કાઢતો નહોતો. અંતે શેતાન એના ઉપર ચડી બેઠો, એટલે એ મિથ્યાભિમાનના અંધકૂપમાં પડી ગયો ને એણે વિચાર્યું, 'મારા જેવો જાત્રાળુ ન ભૂતો ન ભવિષ્યતિ.' પણ ત્યાં તો આકાશવાણી થઇ, 'હે નેકબખ્ત પુરુષ, તું આમ જાત્રા કરે છે એમાં કાંઇ નવાઈ કરી નાખી એમ માનીશ મા. પરોપકાર કરીને એક જણની પણ આંતરડી ઠારવી તે ડગલે ડગલે એક હજાર દંડવત્ કરવાથી યે વધારે પુણ્યનું કામ છે.'

× × ×

સત્તાવાળો કુવ્વતમંદ પુરુષ જનતાનો માલ અન્યાયથી નથી ખાઇ શકતો. કઠણ હાડકું ગળા નીચે ભલે ઉતારી જાય, પણ નાભિમાં એને લેવા જાય એટલે એ તેનું પેટ ફાડી નાખે છે. દે.વા.



ચાતક

મેઘને યાચતો નથી[૯]. આમ આ મનોહર પંખીની આસપાસ અદ્‌ભુત કથાનાં જાળાં ગુંથાતાં જ ચાલ્યાં. વર્ષાકાળ એની સંતાનોત્પત્તિનો સમય, એટલે સ્વાભાવિક રીતે જ એ મેઘદર્શને ઉન્મત્ત બને. ઝાડની ઊંચી ડાળીએ હવામાં વીંઝાતાં, વરસતા વરસાદમાં ભીંજાતાં બેસવાનો એનો શૉખ. ઊડતાંઊડતાં વિહ્વળ હોય એમ ઉચ્ચ સ્વરે થતી એની ગીતિરીતિ. ગાઢ વનરાજીનો જ વાસી હોવાથી આહારની શોધમાં ભૂમિ પર ક્વચિત જ ઊતરવાનો એનો સ્વભાવ. જાતે યાયાવર પંખી એટલે વર્ષાકાળે એના નવીન આગમન પ્રસંગનો દિગન્તવ્યાપી ગાનરવ: વર્ષા અંતે ઋતુભેદે ગુજરાત છોડી જતાં થતી એની ગાનશાંતિ—આવાં નૈસર્ગિક સત્યો જ ઉપરિનિર્દિષ્ટ કવિકલ્પનાઓનાં આધારભૂત છે. પણ જો કોઇ એમ કહે કે ચાતક મેઘ સિવાયનું જળ પીતો જ નથી, અગર વર્ષાકાળ સિવાય અન્ય ઋતુમાં એ તૃષાર્ત રહેવાનું 'ચાતકવ્રત' પાળે છે, તો એ વૈજ્ઞાનિક દૃષ્ટિએ અસત્ય અને અનુભવથી વેગળું છે. બાકી એ કલ્પનાઓ છે તો સુન્દર.

કંઠમાં માર્દવ નથી. તીવ્ર છતાં મનોહર નાદે એ વર્ષાનું પૂજાસ્તોત્ર, એના સંવનનકાળના પ્રેમોલ્લાસનું ગાન અનવરત સ્વરે કર્યે જ જાય છે. એના ગીતમાં એક જ પદ વારંવાર ગાય છે. કોયલના ગાન જેવી પદપરંપરા કે સ્વરવિવિધતા અને વૈચિત્ર્ય એના ગાનમાં નથી.

એનો નિવાસ સ્વાભાવિકરીતે જલાશયની સમીપે હોય છે: જોકે ગાઉગાઉમાં ક્યાંય તળાવ કે નદી ન હોય એવે સ્થળે ભમતું પણ એ મારી નજરે પડ્યું છે. ગીચ ઝાડીમાં ભરાઇ રહેવું એને ખૂબ ગમે છે. ઉચ્ચ વૃક્ષનું વિહારી છતાં એને મેં ઘણી વાર જમીન પરથી જીવાત પકડતું કે જીર્ણ કબર પર બેઠેલું જોયું છે. સાંજ વખતે ક્વચિત રેલવેના તાર પર પણ ઝુલતું જોવામાં આવે છે. આપણે ત્યાં એ ટોળે વળીને નથી આવતું. માત્ર છૂટુંછવાયું નજરે પડે છે. છતાં એક વખત ચંડોળાની પાળ પર, એક ફર્લાંગ જેટલા ગાળામાં મેં ૩૦-૪૦ જેટલાં પંખી બાવળની ઘટામાં લપાતાં છુપાતાં જોયાં છે.

કોયલનું પીતરાઈ* એટલે કુલરીતિને અનુસરી એ જાતે માળો બાંધતું નથી. પણ એનાં સંતાનના પાલન અને ભરણપોષણનો ભાર બીજાં પંખીને ઉપાડવો પડે છે: ખાસ કરીને લેલાંને. ઑગસ્ટમાં એનાં બચ્ચાં દેખાય.

વર્ષા સાથેના એના ગાઢ સંબંધને લીધે ચાતક આપણા સાહિત્યકારોની અનિયન્ત્રિત કલ્પનાનો વિષય બન્યો છે. એકે એને મેઘ પાસે જળ યાચતો[૭] ચીતર્યો. બીજાએ એને સ્વાતિનું જ વારિ પીતો આલેખ્યો. કોઇએ ગપ મારી કે એ તો અંતરીક્ષમાંથી પડતાં પાણીનાં ટીપાં જ[૮] પીને જીવે છે: જમીન પર પડેલું પાણી એને ન ખપે. એટલે જ એ શરદઋતુના નિર્જળ

બપૈયો

જેના દર્શન કરતાં શ્રવણનો જ પરિચય અમને વિશેષ છે, એવો અમારો અપર પાડોશી તે બપૈયો. એ કોયલનો સગોત્રી: પણ એના જેવી સુંદરતા વિનાનો, માદા જેવો કુરૂપ. એનો વાન બાજ ને શકરાને હૂબહૂ મળતો હોવાથી અંગ્રેજો એને Hawk Cuckoo[૧૦] કહે છે.

કદમાં એ ચાતક જેવડું પંખી. એની પૂછડી છ આંગળ લાંબી (શકરાની એટલી લાંબી નથી હોતી). શરીરનો રંગ ધૂળીઓ બદામી. ગાલ ધોળાશ પડતા. છાતીનો ભાગ રતુમડો. પેટ ધોળું: ઉપર પટા. પૂછડી નીચેથી સફેદ. પૂછડી પર આડા ચારપાંચ પટા. ચાંચ લીલાશપડતી; અણી કાળી, સીધી, વચ્ચેથી સહેજ વળેલી (બાજની આગળથી વાંકી). આંખ પીળી કે નારંગી રંગની. પગ પીળા. ચાતક પેઠે દેખાવે નરનારી સરખાં.

એના કુલધર્મને અનુસરી એ માળા બાંધવાની માથાકૂટમાં ન પડતાં, ઇંડાં સાતભાઇના માળામાં મૂકે

* આ વર્ગનો માત્ર કાંકુંભાર જ માળા બાંધે છે.

૭ દિવ્યરસાભિલાપી ૮ અમ્ભોબિન્દુગ્રહણચતુર.

૯ स्वस्त्यस्तु ते निर्गलिताम्बुगर्भं शरद्घनं नार्दति चातकोपि।

૧૦ પારિભાષિક નામ Hierococcyx various

છે. ઇંડાં ભળાવવામાં કોયલનાં બધાં યે પીતરાઇ, નિર્બળ અને શાણાં પંખીને પસંદ કરે છે; માત્ર કોયલ એકલી જ હરામખોરના સરદાર કાગડાને રંજાડવાનો સફળ ધંધો લઇ બેઠી છે.

શકરા જેવાં રૂપરંગને લીધે બપૈયો દેખાવે છે તો ડરાવનારો, પણ એના ભપકાથી પંખીઓ છેતરાતાં નથી. વાઘના ચામડામાં ફરતા આ શિયાળને લેલાં જેવાં પંખી પણ સહેજે રંજાડે છે.

રૂપમાં આવો કમનસીબ છતાં બપૈયો ભારતવાસીઓનો અત્યંત પ્રીતિભાજન બન્યો છે તે એના કંઠને લીધે. વસંતઋતુ આવે અને એનું હૃદયંગમ ગાન શરૂ થાય. આ બાજુ કુહૂકંઠ કોયલના સ્વરના આરોહ અવરોહ: બીજી તરફ બપૈયાનો ઉદ્દીપક કલશોર. અનવરત નાદે બંને પંખી રાતદિવસ ગાયાં જ કરે. આખો ઊનાળો મુક્ત કંઠે ગાય. ચોમાસાના ભર વરસાદે પણ એના ગાનની ઝડીઓ ઊડતી હોય. શરદની સોહામણી નિશા પથરાય ત્યાં એનાં ગાન ધીમાં પડે. હેમન્ત-શિશિર આવતાં તો એ મૌનીવ્રત ધરી અદૃશ્ય રૂપે ફરવાનું ઉચિત માને.

વિરહી જનોના વિરહાગ્નિને પ્રજ્વલિત કરનારૂં બપૈયાનું ગાન ભારતવર્ષના સાહિત્યરસિકોમાં ભારે આદરપાત્ર ગણાયું છે. કોયલના સ્વરની વિવિધતા એમાં નથી. કેવળ 'પોપી...યા' 'પોપી...યા' એવા એકવિધ ઉચ્ચ સ્વરે એ પોકાર્યે જાય છે. છતાં એના કંઠની મિઠાશ, સ્વરની ભાવવાહકતા ને ગાનના લહેકાની મૃદુતાથી વારંવાર સાંભળવા છતાં તૃપ્તિ થતી નથી.

પણ અંગ્રેજોની વાત આથી નોખી છે. ઊનાળાના તાપથી બળ્યાજળ્યા એ લોકની નિદ્રાશાન્તિનો સવારસાંજ વખતે-કવખતે ભંગ કરનાર એ નીવડતો હોવાથી બપૈયાનો કલશોર એમને ઝેર જેવો લાગે છે. એને લીધે એમણે એનું નામ 'Brain Fever Bird' પાડ્યું છે. કોઇકોઈ તો વીણીવીણીને એનો નાશ પણ કરે છે! કોયલ પણ એમની નજરે કંટાળાભરેલો ગણાય છે: પણ બપૈયા જેટલો નહિ. આ કમનસીબી ગાનના અનભિજ્ઞ અંગ્રેજોની છે. ગાનના ગૌરવથી માનીતો થએલો બપૈયો, અન્ય રીતે પણ ભારતવર્ષનો ઉપકારી છે. ચોમાસામાં ખેતરમાં 'કાતરા'[૧૧] પડે છે એ તમે જાણતા હશો. લહેરાતા પાક અને ઝાડપાન વાડવેલા સુદ્ધાંનો સદંતર નાશ કરનાર આ વાળવાળા કીડાને મોટે ભાગે પંખીઓ ખાતાં નથી. માત્ર કોયલનાં કેટલાંક પીતરાઇ જ—ખાસ કરીને બપૈયો તો શોધીશોધીને—એને ખાઇ જાય છે. એ સાથે ઝાડનાં ભૂનાં, ફળ વગેરે પણ બપૈયાનો આહાર છે.

આટલી મનોરંજક એની જીવનકથા છતાં બપૈયાને ગીચ ઝાડીના અંધારામાં જ ભરાઈ રહેવું ગમે છે. સવારસાંજ આખા વાતાવરણને ભરી નાખતી એની અશરીરી વાણીના ધ્વનિ-પ્રતિધ્વનિ સંભળાશે, પણ એના દર્શન અર્થે તમે વૃક્ષે વૃક્ષે ભટકશો તો યે એ ભાગ્યે જ નજરે પડશે. ઝાડની ઘટામાં ચળાતાં સૂર્યકિરણોનાં તેજછાયામાં એના શરીરના ચટાપટાની છાયા એવી તો ભળી જાય છે કે એ જ ઝાડ નીચે ઊભા રહી તમે એને શોધો તો યે નજરે નહિ પડે. આ ગુપ્ત નિવાસની ટેવથી એનું ગાન અનુભવીઓની નજરે અનેકગુણ ગૌરવવન્તું ગણાયું છે.

અંગ્રેજી સાહિત્યમાં વસન્તદૂતી 'કકૂ'નાં ભારે ગાન થયાં છે. વનેવન, નદીસરોવરે અને ગિરિકન્દરામાં ભમતા અથડાતા એના મધુર નાદે, અનેક રસિકોને ગાંડાતૂર, એ ગાયકના દર્શનની ઝાંખી અર્થે ભમતા રખડતા કરી મૂક્યા છે. ભારતવર્ષમાં આવો ઉન્માદ કોઇ પણ પંખી કરાવતું હોય તો એકલો બપૈયો જ.

To seek thee did I often rove
Through woods and on the green;
And thou wert still a hope, a love;
Still long'd for, never seen !*

વનેચર

---

૧૧ Hairy caterpillars

* વર્ડ્ઝવર્થ



જીવનનું પરોઢ

જેના આ હપતામાં હવે ફીનિક્સ આશ્રમની વાત શરૂ થાય છે તેમાંનો આફ્રિકાનો આવો પરિચય તમે કદિ નહિ પામ્યા હો


૮ ફીનિક્સ

આફ્રિકા વિરાટ ખંડ છે. એશિયાથી ઘણો યે નાનો છતાં ઓછો વિરાટ નહિ. લંકાથી હિમાલય સુધીના અને બલુચિસ્તાનથી બ્રહ્મદેશ સુધીના હિંદુસ્તાન ઉપરાંત તિબેટ તથા અફઘાનિસ્તાનને ભેળા લઇ પોતાની રેતીઓમાં દબાવી દઇ શકે એવડું મોટું તો ત્યાંનું સહરાનું રણ છે. અને એ તો આફ્રિકાનો માંડ ચોથો ભાગ ગણાય. સૂર્યનારાયણનો વધુમાં વધુ પક્ષપાત મેળવનાર વિષુવવૃત્ત ઉપર એ ખંડ તોળાઇ રહ્યો છે. એ કંદોરાની ઉત્તરે એ જેટલો ફેલાએલો છે તેટલો જ દક્ષિણે ફેલાયો છે. પહોળાઇમાં પણ વિષુવવૃત્ત ઉપર આ ખંડ જેટલી જમીન ધરાવે છે તેટલી પૃથ્વીમાંનો બીજો કોઇ ખંડ નથી ધરાવતો. પોતાની કેડમાં કંદોરો પહેરેલો હોવાથી આ બાળક (આફ્રિકા) મેઘરાજાનો પણ બહુ જ લાડકવાયો છે. ભારેમાં ભારે જંગલો, હજારો ગાઉ લાંબી નદીઓ, દરિયા જેવડાં સરોવરો અને જોતાંની સાથે શ્વાસ અદ્ધર ચડી જાય એવા ઘૂઘવતા ધોધ એ આફ્રિકાનો સાજ છે. ઊંચાઊંચા વાંસને યે નીચું જોવડાવે એટલા ઊંચા, છ છ માણસની બાથમાં સમાય એવા જાડા અને લોઢાની સાથે ટક્કર ઝીલે એવા મજબૂત લાકડાવાળા, રબ્બર જેવા રસ અને ફળવાળા વૃક્ષરાજો ત્યાં જમાનાના જમાનાઓથી ડોલ્યા કરે છે. ક્યાં યે જોવા ન મળે એવા રંગબેરંગી પોપટો, બુલબુલો અને જાતજાતનાં પક્ષીઓ તેમજ મધના ઘડા ભરાય એવા મધપૂડાઓ એ મહાવૃક્ષોના તાલમાં સંગીત પૂરે છે. પ્રચંડ હાથીઓ, તેમને કુંભસ્થળે ચાંદલો કરી શકે એટલાં ઊંચી ડોક વાળા શાહમૃગો, ઊંટથી બમણી ઊંચી ગરદન વાળા તેમજ ડીલે ચટાપટા વાળા જિરાફ ઘોડાઓ, સુપ્રસિદ્ધ કેસરી સિંહો, માણસથી યે મોટા વાંદરાઓ, ગેંડાઓ અને બીજાં ભાતભાતનાં પ્રાણીઓ પોતાના લાડકવાયા આફ્રિકાને વનદેવતાએ રમવા સારૂ આપ્યાં છે. બીજે બધે માણસો દોઢડાહ્યા થઇ જંગલની અને કુદરતની મજા માણવાને બદલે પોતાની નવી વ્યવસ્થા આરંભે છે તે જોઇ ભગવાને આફ્રિકાના વતનીઓને પણ રૂડા રૂપાળા બનાવ્યા છે. તેમની ચામડી સુંવાળી નથી કરી. તેમના પગનાં તળિયાં જોડાથી યે જાડાં કર્યાં છે. તેમના વાળ કાંટા ઝાંખરામાં ગુંચવાઈ જાય એવા નથી બનાવ્યા. વનેચરો સાથે હળીમળીને રહેતાં ને તેમની વચ્ચે ફરતાં શરમ આવે એવું તેમનું લજ્જામણું રૂપ નથી બનાવ્યું; અને કાચાંપાકાં ફળો ખાતાં ચૂસતાં રસ નીચે ન ટપકી પડે એવા જાડા તેમના હોઠ બનાવ્યા છે. ટૂંકમાં એ વિરાટ દેશના વાસીઓનું અંગેઅંગ દૃઢ અને પાકું બનાવ્યું છે. તેમનો સ્વભાવ પણ એ આખા દેશમાં પોતપોતાના વર્તુળમાં સંતોષપૂર્વક જંગલમય થઇને રહેવાનો મુળથી જ નીપજાવ્યો છે. એ આફ્રિકા ખંડની કેટકેટલી વાત કહું? દુનિયાનો એ ખંડ એટલો ભાગ્યશાળી છે કે ત્રણત્રણ મહાસાગરો અને બબ્બે સમુદ્રો અહર્નિશ તેનો અભિષેક કરી રહ્યા છે. વીસ હજાર માઇલનો તો તેનો સમુદ્રકિનારો છે. આપણા ભરતખંડને તો માત્ર બે હજાર માઇલનો સમુદ્રકાંઠો છે તો યે આપણા પ્રાંતોની, બોલીઓની, જાતિઓની વિવિધતા ગણાવતાં થાકીએ છીએ તો આ વીસવીસ હજાર માઇલના સાગરને તીરે ફેલાએલા ભૂખંડમાં કેટલા પ્રદેશો, કેટલી જાતિઓ, કેટલી બોલીઓ અને કેટકેટલી જાતની જુદીજુદી આબોહવા આવી હશે? એના વર્ણનનાં તો મોટાંમોટાં અનેક થોથાં ભરાય.

જરા નકશો જોશો તો દેખાઇ આવશે કે વિષુવવૃત્તની દક્ષિણનો એનો ભાગ લગભગ આખો ઉચ્ચપ્રદેશ છે; અને ઉત્તર ભાગમાં યે ભારતવર્ષ તરફનો એનો ભાગ ઊંચો છે તથા ક્યાંક ક્યાંક તો એમાં તીબેટ અફઘાનિસ્તાનની પેઠે આખાના આખા પ્રદેશો પર્વતમાળાના જ બનેલા છે. સહરાનો ભાગ નીચો છે. રાતો સમુદ્ર બાદ કરતાં એ આખા મહાદ્વીપને કિનારે નીચી ભૂમિની એક પાતળી ઝાલર વીંટાએલી છે. હિંદુસ્તાનને જેમ લંકા તેમ આફ્રિકાને ચરણે માડાગાસ્કરનું કમળ પણ છે અને એ કમળમાં યે પહાડ, ઉચ્ચ પ્રદેશ,

નીચી ભૂમિ ને સાવ નીચી ઝાલર છે. ખંડના ઉત્તર ભાગમાં પશ્ચિમ તરફ ધગધગતા સહરા તો બીજી તરફ પૂર્વ કિનારે હિમનું છાએલું કિલિમાંજારોનું ઊંચું શિખર છે! કેવી ખૂબી? એક જ દેશમાં આટલો ફેર, અને તે પણ ઊષ્ણતાપૂજક વિષુવવૃત્તની થડમાં જ! હવે કહો, આફ્રિકાના જિલ્લે જિલ્લામાં અને પ્રાંતે પ્રાંતમાં કેટલો બધો ફેર હશે? સૌથી વધુ મજા તો આફ્રિકાની ઋતુઓની છે. એમાં દક્ષિણાયન અને ઉત્તરાયણ બંને સાથે સાથે ચાલે! જ્યારે એક બાજુના લોકો ટાઢના માર્યા દાઢી ડગડગાવતા હોય ત્યારે બીજી બાજુના લોકો પરસેવે રેબઝેબ થઇ જતા હોય. અને જ્યારે એક બાજુ ભરપૂર ચોમાસું જામ્યું હોય ત્યારે બીજી તરફ મહીનાઓ સુધી આકાશ સાવ નિરભ્ર હોય. વળી ઉત્તર-દક્ષિણ બેય છેડે આકરો શિયાળો અને સખત ઊનાળો વરતાતો હોય ત્યારે વચ્ચેના ભાગમાં શિયાળો યે ન હોય અને ઉનાળો યે ન હોય! આવા દેશમાં પાંખે ઊડતાં પંખીઓને કેવી મજા આવતી હશે? ઘડીમાં વસંત ઋતુથી હસી રહેલા બાગબગીચામાં પહોંચી જાય અને ઘડીમાં શરત્કાળના ખરીફ પાકના તાજાતાજા મોલ ચણવા પહોંચી જાય! એક બાજુએ જઇ ધરાઇધરાઇને ગ્રીષ્મનાં કેરી જેવાં રસાળાં ફળો ખાઇ આવે અને થોડા દિવસ પછી બીજી બાજુએ ઊડી જઇ શીતળ ઉત્સાહભર્યા પવનમાં હિલોળા દેવા માંડે!

આવા વિરાટ અને અદ્ભુત આફ્રિકામાં અનેક પ્રાંતોમાંનો એક પ્રાંત તે નાતાલ. આખા શરીરમાં જેવડો પગનો અંગૂઠો, તેવડો વિશાળ આફ્રિકામાં એ નાતાલ પ્રાંત. એ પ્રાંતમાં આવેલી નીચી સાવ પાતળી ઝાલરમાં, સાગરનાં પાણીથી છએક માઇલ અંદરના ભાગમાં, સોયની અણીથી યે ટચુકડી જગ્યા તે આ વાર્તાનું ફીનિક્સ ગામ-અથવા કહો કે ફીનિક્સ સ્ટેશન. કારણ ફીનિક્સ ગામ કયું તે હું હજી સુધી નથી જાણતો. એ સ્ટેશનથી બરાબર અઢી માઇલ ઉત્તરમાં બાપુજીએ ખરીદેલી સો એકર જમીન એ અમારૂં ફીનિક્સનું ખેતર. હરદ્વાર વિષુવવૃત્તથી જેટલું ઉત્તરે તેટલું ફીનિક્સ દક્ષિણે—બરાબર મિસરની કેરો નગરીના રેખાંશમાં. (જુઓ નાનો નકશો) આ થઇ ભૂગોળના રસીઆ તરીકેની વાત. હવે જાતે જોએલા ફીનિક્સની વાત પર આવું.



બાપુજીએ જ્યારે ફીનિક્સની જમીન ખરીદી ત્યારે તેનો ઘણોખરો ભાગ મોટું બીડ જ હતું. બેત્રણ એકર સિવાય એમાં ભાગ્યે જ એવો કટકો હતો કે જેના પર કદી (અથવા વરસોનાં વરસ સુધી) હળ કે કોદાળી ફર્યાં હોય. જમીન સપાટ પણ ન હતી. આખા જમીન ઊંચાનીચા ઢોળાવોવાળી—સોથી બસો ફૂટ ઊંચાનીચી, ધીમા ઢાળો વાળી ટેકરાઓની બનેલી—હતી. કોઇકોઈ જગ્યાએ તો ખૂબ કાંકરા અને પથરા હતા. પણ ઘણીખરી જમીન કાળી કાળી માટીની હતી. સેંકડો કે હજારો વરસ સુધી વણખેડાએલી હોવાને કારણે આ કાળી માટીમાં બહુ જ કસ હતો. મહેનત કરનારને મન એ સોનાથી યે મોંઘી હતી. વરસાદ આવતો ત્યારે માટી એટલી પોચી પડી જતી કે ગોડીને તૈયાર રાખેલા ખેતરમાં વરસાદ પછી ફરવા નીકળતાં ગોઠણ ગોઠણ સુધી પગ ખૂંચી જતા. ચોમાસામાં વરસાદ ધોધમાર પડતો. છ મહીના તો એવા જતા કે જ્યારે પૂરૂં અઠવાડિયું ભાગ્યે જ કોરૂં જતું. સાવ કોરા મહીના આખા વરસમાં ત્રણ પણ પૂરા વીતતા હશે કે કેમ એ શંકાની વાત છે. જમીનના એક ખૂણા પર એક મોટો જૂનો બગીચો હતો. તેમાં આંબા, સંતરાં, જામફળ, શેતુર વગેરેનાં ઘરડાં થઇ



એક કરોડ ને વીસ હજાર ચોરસમાઇલના વિસ્તાર વાળો આ ખંડ અઢાર કરોડની માનવ વસતી ધરાવે છે. એની વધુમાં વધુ લંબાઇ તથા વધુમાં વધુ પહોળાઇ એકસરખી–૫૦૦૦ માઇલની છે. કિલિમાંજારો, રૂવેન્ઝોરી અને કિનીઆ જેવાં એનાં ત્રણ ગિરિશિખરો દુનિયાના ગિરિરાજોની હોડમાં ઊભાં રહે એવાં છે. એની નીલ નદી જગતભરની સરિતારાણીઓની હરોળમાં વિરાજે છે. એની ઝામ્બેઝી નદી તથા તેના વિક્ટોરિયા ધોધની, એનાં ટાંગાન્યીકા, વિક્ટોરિયા ન્યાન્ઝા ને ચાડ જેવાં સરોવરોની જગતભરમાં નામના છે આવડા મોટા આ ખંડનો ત્રીજો ભાગ જોકે સહરા જેવા વિશાળ અને વિકટ રણે રોકયો છે, છતાં એનો વિપુલ વનસ્પતિ વૈભવ ને અમૂલ ખનિજસમૃદ્ધિ દુનિયામાં અનન્ય છે. જગતભરની સોનાની નીપજનો ચોથો ભાગ ને હીરાની ઉત્પન્નનો તો ચાર-પંચમાંસ ભાગ એકલું આફ્રિકા પોતાના ઉદરમાંથી આપે છે. તેજનાઓથી લચી રહેલાં વનોનાં વનો ઉપરાંત રબર, સાગ, કૉફી, શેરડી અને ઉત્તમ રૂ વડે આફ્રિકાની ભૂ–લક્ષ્મી જગતને રેલી રહી છે. વિકરાળ સિંહો, જંગી હાથીઓ ને શાહમૃગોથી એનાં જંગલો ઉભરાય છે અને વ્હેલ માછલીઓની વિવિધ જાતોથી ભરેલો સાગરરાજ ચોમેરથી એનાં ચરણ પખાળે છે.



કિલિમાંજારો પર્વત

ગએલાં ઝાડ હતાં. બીજે એક ખૂણે દૂર ઢીંગણા બાવળની ગીચ ઝાડી હતી. તેમાં તડકો ભાગ્યે જ પહોંચતો. હરણ, શિયાળ ને શાહુડી જેવાં પ્રાણીઓને એ મંડપ શિકારીઓથી બચવા ઠીક ફાવતો. આ સિવાય આખી જમીન ઉપર ઘાસ જ ઘાસ હતું. ઊંચામાં ઊંચો માણસ હાથ ઊંચા કરી ઊભો રહે તોપણ તે ક્યાં છે તે જણાય નહિ એટલું ઊંચું અને ઘાટું એ બીડ હતું. જમીનની પશ્ચિમ બાજુએ એક નાનકડું નાળું ઉત્તરથી દક્ષિણ તરફ અનેક વળાંકો વળીને જતું હતું. પૂર્વની હદ ઉપર પણ એક સાવ નાનું નાળું વહેતું હતું. મોટા નાળાની બંને બાજુએ મોટાંમોટાં ઝાડ હતાં. નાળા પરનો છાંયો બપોરે પણ ન ખસતો અને કોઇકોઇને દિવસે પણ ત્યાં એકલા જવામાં ડર લાગતો. એ ઝાડ ઉપર ઘણી યે વાર લીલા સાપ લટકતા નજરે પડતા. આ સિવાય પણ ઘાસમાં જાતજાતના સાપ નીકળતા. કોઇકોઇ દિવસ તો પાંચ પાંચ છ છ સાપ નજરે પડતા. આમાંના કોઇ બારથી વીસ ફૂટ જેટલા લાંબા અને કોઇ સાવ વેંત જેવડા ટૂંકા. કોઇ કાંડાથી બમણા જાડા તો કોઇ ટચલી આંગળી જેટલા પાતળા. કોઇ ત્રિકોણાકારના તો કોઇ ટપકાંટપકાંવાળા. કોઇ દૂરથી આંખમાં પીચકારી મારી આંધળા બનાવી દેનારા તો કોઇ કાળા નાગ જેવા. કોઇ ઝેર વિનાના તો કોઇ ઊડણીઆ,—માણસ જતો હોય તો ઊડીને મોઢા પર જ દંશ દે એવા હતા! સાપ સિવાય બીજાં ડરાવનારાં પ્રાણીઓ એટલામાં ન જણાતાં. વાઘ, વરૂ વગેરે કદી સંભળાયાં નથી. પંખીઓ તો બેશુમાર હતાં, પણ તેમાં મોર ન હતા, કોયલ ન હતી, સૂડા ન હતા, કાબર ન હતી, ચકલી ન હતી અને કાગડા યે નહોતા. બુલબુલ હતાં, પીળાં પચરંગી પંખી હતાં, સીમેન્ટ જેવી માટીનો માળો બાંધનારાં પક્ષી હતાં, રાતી છાતી વાળાં ટચુકડાં પંખી પણ હતાં, અને દૂર દૂર ઊડતાં બગલાંની હારો તો ખૂટતી જ ન હતી.

પક્ષીઓના કલરવ સિવાય બધું સુનકાર અને ભેંકાર હતું. પશ્ચિમ તરફ નાળા પારની ટેકરીઓ ઉપર અરધો માઇલ, માઇલ, દોઢ માઇલ એમ છેટે છેટે એકએક બેબે ઝૂલુઓનાં કે ગીરમીટમાંથી છૂટેલા હિંદીઓનાં ઝુંપડાં હતાં અને તેમાંથી રાત પડયે તાપણાં કે દીવાના પ્રકાશ આવતા. કોઇ વાર લડાલડીના ઊંચા સાદો પણ સંભળાતા. ઉત્તર તરફ બે માઇલ દૂર ખ્રિસ્તી ઝૂલુઓની એક નિશાળ અને છાત્રાલય હતું, પણ તે ધારની પાછળ. રહેવાની જગ્યાએથી એ કંઇ ન દેખાતું. પૂર્વમાં અને દક્ષિણમાં દૂર સુધી જંગલ અને બીડ હતાં. રહેવાની ઓરડીઓ પાસેથી સ્ટેશનેથી આવી ઉત્તર તરફ ઇનાન્ડા નદીના પ્રદેશ તરફ જતો એક રસ્તો હતો. તે પર દરેક વખતની ટ્રેનના ઉતારૂઓ આવજા કરતા એટલે સાવ પગરવ વિનાની જગ્યા હતી એમ ન કહેવાય. પણ એ રસ્તે જનારા ઝૂલુઓ ગભરાટ ઘટાડવાને બદલે વધારતા. એમની બોલીમાં વ્યંજન ઓછા અને મહાપ્રાણ તથા પ્લુત ઉચ્ચારના સ્વરો વધારે. ઘેરા અવાજે એ સ્વરોથી દિશાઓ ગજાવતા. તેઓ મધરાતે પસાર થતા ત્યારે શરૂઆતમાં ગએલાઓની તો ઊંઘ પણ ઊડી જતી.

ઋતુ ચોખ્ખી હોય ત્યારે ખુશનુમા રહેતી પણ વરસાદની હેલીઓ પડે ત્યારે આઠઆઠ દિવસ સુધી તે ભારે ગાજવીજ અને અંધારૂં કરી મૂશળધાર વરસતો.

નાળાંનાં કેડ સમાણાં પાણી જોતજોતાંમાં બબ્બે માથોડાં ચડી જતાં. ઘરમાંથી બહાર નીકળવું ભારે થઇ પડતું. શિયાળાનો પવન પણ એટલો ફુંકાતો કે બારણાંની તડોમાંથી શિયાળવાંના રોવા જેવા અવાજો નીકળ્યા કરતા. સવારે બહાર નીકળતા ત્યારે કાન કોઈ છરીથી કાપી લેતું હોય એવું લાગતું. ઝાકળ પડીને જામી જતી એટલે એમાં ફરતાં પગનાં આંગળાં ખરી પડતાં જણાતાં. ગરમીમાં બફારો સારી પેઠે થતો, પણ લૂનો ત્રાસ સાંભરતો નથી. ટૂંકા દિવસોમાં પાંચ સવાપાંચે સૂરજ આથમી જતો અને મોટા દિવસોમાં સાંજે સવાસાત સુધી તડકો રહેતો.

આટલી સમૃદ્ધિમાં યે પીવાના પાણીનું દુઃખ હતું. નાળાના પાણીમાં પાંદડાં સડે એટલે એ ન પીવાય; અને રહેવાની જગ્યાએ ટેકરી એટલે કૂવા પણ કેમ ખોદાય? ઘરનાં છાપરાંઓને પતરાંની મોટીમોટી ટાંકીઓ લગાડી તેમાં વરસાદનું પાણી ઝીલતા. એ ખૂટે ત્યાં ફરી વરસાદ આવ્યો હોય એ મેઘરાજાની મહેરબાની હતી. પીવાના પાણીની જેમ જ દૂધનો યે અભાવ હતો. માઇલ સુધી જઇએ ત્યારે થોડું દૂધ મળે. એ જ પ્રમાણે સડકો અને કેડીઓની વ્યવસ્થા થતાં સુધી ચાલવાની મુશ્કેલી હતી એ ઘાસ અને સાપના બયાનથી જણાય જ છે. વળી બજાર ઠેઠ બાર માઇલ પર ડરબનમાં હતી. ત્યાંથી રોજ સામાન લેવા કોઇ જતું અને એક ખચ્ચરગાડી રાખેલી તેમાં સ્ટેશનેથી એ આવતો. અઢી માઈલનો સ્ટેશનનો રસ્તો ખચ્ચરગાડી માટે ચાર માઈલ જેટલો લાંબો થઇ પડેલો. કારણ રસ્તામાં આવતી ટેકરીઓને ચકરાવા લઇને તેને આવવું પડતું.

આ ફીનિક્સમાં બાપુજીની ટોળીએ એકાએક આવી ધામો નાખ્યો હતો. પશ્ચિમના નાળાને સામે કિનારે છાપખાનાનું છાપરૂં ઊભુ કરવામાં આવ્યું હતું. બીબાં ધોવા કરવા માટે વારેવારે પાણી જોઇએ તેથી જ ઘણે ભાગે એ ત્યાં કર્યું હશે. અંદરથી એ સારીપેઠે લાંબુંપહોળું હતું. બારીઓ પણ પુષ્કળ હતી. અંધારો કે હવાવિનાનો ખૂણો ભાગ્યે જ ક્યાં યે હતો. એન્જિન ચાલે ત્યારે તેને બળે એક ડાયનામો ચાલતો અને તે વડે રાત્રે કામ કરવા દરેક જરૂરી સ્થાન પર વીજળીની બત્તીઓ હતી. જ્યારે એ ન ચાલે ત્યારે ઘાસતેલના મોટા દીવા થતા. અંગ્રેજી, ગુજરાતી, હિંદી અને તામિલ બીબાંનાં ખોખાંઓ, અંગ્રેજી અને ગુજરાતી સંપાદકોની ઑફિસો, હિસાબકિતાબની અને બાપુજીની જુદી ઑફિસ, છાપવાના મોટા સંચા, પગના સંચા, કાગળ કાપવાનો મોટો સંચો, એન્જિન, એવું ઘણું એમાં હતું પણ એકે ય માણસને રહેવાની જગ્યા ન હતી.

છાપખાનાનું કામ ચાલુ થયા પછી ધીમે ધીમે સૌએ રહેવાની સગવડો કરવા માંડી. બેત્રણ અંગ્રેજ, બેચાર તામિલ ભાઇઓ, બેચાર હિંદી ભાઇઓ, એકબે હબસી નોકરો અને પાંચ છ ગુજરાતી ભાઇઓ હતા. જેઓ અપવાદરૂપે પૂરા પગારે નહોતા આવ્યા તેમને એકએકબબ્બે એકર જમીન ખેડી ખાવા—બગીચો કરી ખાવા—માપી આપવામાં આવી. સૌએ પોતપોતાની જમીનમાં વિલાયતી પતરાં મગાવી એકએક ઓરડો બાંધ્યો. બે સુતારો મદદમાં હતા અને સાંજસવાર જેનું મકાન બંધાતું હોય તેને થોડીઘણી મદદ પણ સૌકોઇ આપતું. સૌએ પોતપોતાનાં મકાનો પોતાની જમીનના ઊંચામાંઊંચા ભાગ પર બનાવ્યાં હતાં. આથી બધાં મકાનો વીસથી પચાસ વારને છેટે આવી ગયાં હતાં. આ રીતે મુખ્ય વસ્તી ટેકરીને મથાળે જ આવી ગઇ અને સૌ સાદ કરતાં એકબીજાની મદદે દોડી શકે એવું થયું. મકાનના કામ સાથે પોતપોતાના ભાગમાં આવેલું ઘાસ પણ દરેકે ધીમેધીમે કાઢી નાખ્યું અને વસ્તીના ભાગમાં બીડનો નાશ કરી જમીન ખેડવાની શરૂઆત કરી.

મારા પિતાશ્રી અને મગનકાકાએ મળીને ચાર એકર જમીન લીધી. તે બધી એક સાથે ન હતી. ત્રણ ટુકડે ત્રણ જગ્યાએ જમીન લીધી. મોટો ટુકડો ટેકરીના ઉપલા ભાગમાં જ હતો. એ ટુકડાના થોડા ભાગમાં ઘાસ સાફ કરી તેમણે એક મોટો ચોરસ ઓરડો અને ઓરડા સામે દૂર રસોડું બનાવ્યું. આ ઓરડાને કે રસોડાને પાયો ન હતો. સતત વરસાદને લીધે જમીન ભેજવાળી રહે, એટલે ઘરની ભોંય અદ્ધર રાખવાની જરૂર હતી. દિવાલ ચણી તેમાં ચાર ફૂટનું પૂરણ કરી ઘરની ભોંયનું તળ ઊંચું લે તો પણ નીચેનો ભેજ ઉપર સુધી પહોંચે. આથી આખું ઘર ત્રણ ત્રણ ફૂટ છેટે નાખેલા થાંભલા પર ઉઠાવ્યું હતું. ફૂટ ફૂટ જાડા અને છએક ફૂટ લાંબા ગોળ થાંભલા જમીનમાં ત્રણચાર ફૂટ જેટલા ઊંડા ઉતારી અઢીથી ત્રણ ફૂટ

ઊપર રહેવા દીધા હતા. એવા થાંભલાની હારો ઉપર ખીલાથી ચોરસ વળીઓ જડી તે પર પાટિયાં જડી લીધાં હતાં. આમ લાકડાની ભોંય થવાથી ભેજ અને ઠંડીને લીધે ઊપજતી માંદગીમાંથી બહુ બચાવ થતો હતો. થાંભલા પર જડેલી વળીઓને આધારે ઊભી વળીઓ જડી લઇ તે પર પતરાં જડી ઠોકી દીધાં હતાં અને માથે ફરી પાટિયાની છત કરી તે પર પતરાં જડી છાપરૂં બનાવ્યું હતું. ભીંતોમાં કાચની બારીઓ પણ મૂકી હતી. આમ ઉપર નીચે પાટિયાં હોવાને લીધે બાજુની પતરાની ભીંતોનો ત્રાસ ઓછો લાગતો હતો. સાધારણરીતે એ ઝૂંપડાં જ કહેવાતાં, પણ મને પાકી ઈંટોના બંગલા પણ એ મકાન કરતાં કદી સારા નથી લાગ્યા. મથાળે નળિયાં હોત અને બાજુએ કાચી માટી-ની દીવાલ હોત તો એ મકાન સંપૂર્ણ હતું. જમીનથી એટલે ઊંચે પાટિયાની ભોંય એ આદર્શ ભોંય ગણાય. એવા કારમા જંગલમાં તો એ વિના વસવું પણ કપરૂં હતું. ઊંચી ભોંયને લીધે સાપનો ડર પણ કંઇક ઓછો રહેતો. ઘરને તળિયેથી હવા આરપાર નીકળી જતી તેથી રોગના જંતુ પણ ત્યાં ઘર કરી શકે એમ ન હતું. ફીનિક્સમાં વસ્તી વધીને જંગલ જેવું મટયું ત્યારે કેટલીક જગ્યાએ છો પથરાઇ, પણ શરૂઆતમાં તો બધાં જ મકાન આ રીતનાં જમીનથી અદ્ધર જ કરવામાં આવ્યાં હતાં. ત્યાંના જંગલમાં લાકડું પુષ્કળ એટલે એ સસ્તામાં સસ્તાં પણ થયાં હશે.

મારા પિતાશ્રી મુખ્યત્વે પ્રેસના લખાણનું અને હિસાબકિતાબનું તથા વારેવારે શહેરમાં જઈ પ્રેસની જાહેરખબરો મેળવવાનું અને પૈસા ઉઘરાવવાનું કામ કરતા, અને મગનકાકા કારીગરીનું તથા મજૂરીનું કામ કરતા. પ્રેસમાં બીબાં ગોઠવવાનું અને મશીન ચલાવવાનું તેમણે હસ્તગત કર્યું અને થોડા દિવસમાં પાકા કંપોઝીટર (બીબાં ગોઠવનાર) બની ગયા. પ્રેસમાંથી છુટતાંની સાથે ઘેર આવી સુતારો સાથે મકાન બાંધવાના કામમાં મંડી પડી તેઓ સાધારણ સુતાર પણ બન્યા. કરવત ને હથોડી તેમના હાથમાં શોભવા લાગ્યાં. બંને ભાઇ વતી જમીન કેળવવાનું કામ પણ તેમણે જ વિશેષે કર્યું, અને બીજા ફીનિક્સવાસીઓ યે જોડાજોડ પોતાની જમીન પણ સાફ અને ફળદ્રુપ બનાવવામાં આગળ રહેવા મથ્યા. પરિણામે અમારા ઘરનો બગીચો ફીનિક્સના બીજા કોઇ બગીચા કરતાં ઊતરે એવો નહતો.

આમ ફીનિક્સમાં પગ જમાવવામાં અને તેને માણસને વસવા જેવું બનાવવામાં એક વરસ તો પાણી વેગે વહી ગયું. દસેક નાનાં ઘર ઊભાં થઇ ગયાં ને બીડમાંથી ગામ જેવું બન્યું કે સૌ સાહસિકોએ પોત-પોતાના કુટુંબને બોલાવી લાવવાનો નિર્ણય કર્યો. મગનકાકા માતપિતાને મળ્યા વિના ત્યાં ગએલા અને તેમને ત્યાં ત્રણ વરસ થઇ ગએલાં એટલે તેઓ માત-પિતાને મળવા મારાં બા, મારાં કાકી અને મને લઇ જવા રાજકોટ આવ્યા. આણંદલાલ કાકાએ પણ પોતાના કુટુંબને તેડતા આવવાનું તેમને સોંપ્યું.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

જગતના સિતારા

પ્રજાજીવનમાં ઉષ્મા પ્રગટાવનાર પુસ્તકોમાં જીવનચરિત્રો જેટલી કોઇની મહત્તા નથી, છતાં હકીકતોના ખીચડા જેવા થોડાઘણા અનુવાદો બાદ કરતાં, તેનાં પ્રવાહિત ને ચોટલક્ષી મૌલિક પુસ્તકો ગુજરાતીમાં કેટલાં? આશ્વાસન પૂરતી ગણીગાંઠી કૃતિઓ આપણી પાસે છે; ને તેને જો સદ્ભાગ્ય ગણીએ, તો આશ્વાસન આપતી એક નવી કૃતિનો યે ઉલ્લેખ કરવો ઘટે છે.

પાટણના ડૉ. પંડયા અભ્યાસ ગૃહ તરફથી બહાર પડતી 'અભ્યાસગૃહ પત્રિકા'માંથી તારવીને 'કુમાર'ના માધુકરી વિભાગમાં અગાઉ થોડે થોડે આંતરે અપાએલાં રાજા રામમોહનરાય, કાર્લાઈલ અને લૉઇડ જ્યૉર્જનાં જીવનચરિત્રો જેમને યાદ હશે તેમને એવાં જ બીજાં સત્તર મળી કુલ વીસ પ્રેરક ચરિત્રોના આ પુસ્તકનો ખ્યાલ આવશે.

'જગતના સિતારા'ના નામે શ્રી કુલાભાઇ મથુરભાઇ પટેલે લખેલો તેનો પહેલો ભાગ આઠ આનાની કીમતે પાટણ વિદ્યાર્થીમંડળે બહાર પાડયો છે. વીસ પ્રેરક પુરુષોનાં ચરિત્રો તેમાં આપવામાં આવ્યાં છે. સંઘરાએલા બધા સિતારા સ્વયંપ્રકાશી યા ચિરંપ્રકાશી છે કે નહિ એ જુદો સવાલ છે; છતાં શૈલીની રોચકતા ને વિષયોની વિવિધતાએ એ વીસે ટૂંકાં 'ચરિત્રાધ્યયનો' પ્રેરણાત્મક તો જણાશે.

પારસનો સ્પર્શ

દિલ્હીના મોગલ બાદશાહ હુમાયૂં શેરશાહથી હારી પોતાનો જીવ બચાવવા ઇરાન અને કંદહાર તરફ નાસી છૂટયો હતો. ત્યાંથી પણ તેને પકડી કેદી બનાવવાની શેરશાહે જાળ રચી હતી. આ જાળમાંથી હુમાયૂંને સહીસલામત બચાવી પુનઃ દિલ્હીની ગાદી મેળવી આપવામાં બાબરના નિમકહલાલ અને બહાદુર સૈનિક બહેરામખાને અમૂલ્ય સહાય કરી હતી. હુમાયૂંએ ગાદી ઉપર સ્થિર થયા પછી આ સ્વામીભક્ત સૈનિકને પોતાનો સરદાર બનાવ્યો. એ બહેરામખાનને ત્યાં સંવત ૧૬૧૩ના માગશર સુદ ૧૪ના દિવસે એક બાળકનો જન્મ થયો. એ બાળકનું નામ બાદશાહે અબ્દુલ રહીમ રાખ્યું. પણ લોકો એને રહીમજીના ટૂંકા નામથી જ ઓળખતા.

રહીમજીમાં પોતાના પિતા બહેરામખાન જેવા જ કુશળ ને બહાદુર લડવૈયા હોવા ઉપરાંત દાનશીલતા, સત્યતા અને ઉદારતા વગેરે અનેક ગુણો હતા. તેમના ઉચ્ચ ચારિત્ર્ય અને શૌર્યથી પ્રસન્ન થઇ બાદશાહે તેમને સેનાપતિનો માનવંત હોદ્દો આપ્યો હતો. કહે છે કે એક વખત રહીમજી કચેરીના કામકાજથી પરવારી પોતાના અંગરક્ષકો સાથે ઘર તરફ જઇ રહ્યા હતા, એવામાં એક ગલીમાંથી હીરા નામના કુંભારે દોડતા આવી તેમની પીઠમાં લોઢાની પાંચ શેરી મારી. હીરો દરિદ્રતાના કપરા દુઃખથી કંટાળ્યો હતો. એથી એણે ફાંસીએ ચડી દુઃખી જીવનનો અંત લાવવા માટે આ કૃત્ય કર્યું હતું. સેનાપતિ ઉપર જેવી પાંચશેરી નાખી તેવા જ સૈનિકો હીરા તરફ ધસી ગયા ને તેને ઘેરી લીધો. પરંતુ રહીમજી પોતે તરત જ તે તરફ પોતાનો ઘોડો લઇ ગયા અને હીરાને સૈનિકોમાંથી છોડાવી ઘેર લઇ ગયા. ત્યાં તેને પેટ ભરીને ખવડાવી તેની સાથે વાર્તાલાપ કરી ખરી હકીકત જાણી લીધી, અને તેણે મારેલી પાંચ શેરીના ભારોભાર સોનું તેને જોખી આપ્યું! સૈનિકો આથી નવાઇ પામી બબડવા લાગ્યા. તેમને રહીમજીએ ઉત્તર આપ્યો કે, 'હીરાએ મને પારસ સમજી લોઢાનો સ્પર્શ કરાવ્યો હતો માટે એનો બદલો એને મળવો જ જોઇએ.'

(સૂચિત) **અમીરખાં ચૌહાણ**

અમે

અમે રમતાં'તાં છોકરા ને છોકરીઓ
અમે ખાતાં'તાં રાયણની કોકડીઓ
અમે સૂંડલા લઇને જતાં ખેતરમાં
અમે જોતાં બચુડિયાં તેતરનાં,
અમે ટોતાં વઇઓને વાવેતરમાં.—અમે૦

અમે વીણતાં કરાંઠાં ને કોઠીમડાં,
અમે ખાતાં'તાં ધૂળ મહીં ગોઠીમડાં,
અમે ચોરતાં વાઘરીનાં ચાભલડાં.—અમે૦

અમે ઝૂડતાં કંથારો ને બોરડીઓ,
અમે ભાંગતાં'તાં ભીંડીની દોરડીઓ,
અમે ચીડવતાં ભાભોજી બોબડોઓ.—અમે૦

અમે કોયલને કેવી પજવતાં'તાં,
અમે શંકરનાં દહેરાં ગજવતાં'તાં,
અમે વીણા ને વેલી ભજવતાં'તાં.—અમે૦

અમે આંબલીઓ ચડતાં ને ઊતરતાં,
અમે નાગાં તળાવમાં થઈ તરતાં,
અમે મોઢા પર મૂછોને ચીતરતાં.—અમે૦

અમે રડતાં રઝળતાં ને રડવડતાં,
અમે લડતાં ઝગડતાં ને બડબડતાં,
અમે ખાતાં પીતાં ને પછી ઊંઘી જતાં.—અમે૦

'સુન્દરમ્'

પતાસાંની ગાડી

એક સમે કો ઉંદરડીને જડયાં પતાસાં બે,
ઉંદરડી કહે, બચ્ચાં માટે ગાડી કરવા દે;
પતાસાંમાં દાતણ નાખી કીધી એની ગાડી,
બચ્ચાં બેઠાં ગાડી ઉપર, ખેંચે એની માડી.
ગાડી જાય દોટ કાઢી!

જાતાં જાતાં ભૂખ જ લાગી, બચ્ચાં બૂમો પાડે
પણ મા તો ઊંધું ઘાલીને આગે દોટ કાઢે;
ખીજીને બચ્ચાંએ પૈડે બચકાં ભરવા માંડયાં,
ગળ્યું ગળ્યું એ લાગ્યું; એથી હોંશે ખાવા લાગ્યાં.
ઘેર જઇ ઉંદરડી જુએ; એકલું દાતણ બાકી,
'આ! આ! ગાડી ભાગી ગઇ' કહી બચ્ચાં ઊઠયાં તાકી.

રમણલાલ સોની



(પ્રસ્થાન)

માધુકરી

જાણું ના કાં જીવન સઘળું એક એ તત્ત્વમાંથી?
માણું ના કાં જીવન સઘળું એક આનંદમાંથી?
ધારું ના કાં જીવન સઘળું એક એ આશમાંથી?
તારું ના કાં જીવન સઘળું એક વિશ્વાસમાંથી?

—હરિહર ભટ્ટ

નેગ્લી ફાર્સન

*** નિત્યનવાં જોખમો ખેડી જીવનનો રોમાંચ અનુભવવામાં અને હિંમત, આવેશ ને દિલમાં ઊઠતા હરેક તરંગને બરલાવવામાં જ જો જિંદગીની લિજ્જત હોય તો તેવી જિંદગી નેગ્લી ફાર્સને ગાળેલી ગણાય. દુનિયાના લગભગ દરેક ભાગમાં તે રહી આવ્યો છે. નિર્વાહ માટે તેણે આશ્ચર્ય ઉપજાવે એવી વિવિધ પ્રવૃત્તિઓ વહોરેલી છે. પોતાની જીવનકથાનું હાલ જ તેણે 'The way of a transgressor' પુસ્તક બહાર પાડ્યું છે. આ જમાનામાં સાહસને દુર્લભ સમજતા દરેકે એ વાંચી જવા જેવી છે.

નેગ્લી ફાર્સનનો જન્મ અમેરિકામાં ન્યૂ જર્સી મુકામે સ્કૉટ તોખમ ધરાવતા એક ખડતલ કુટુંબમાં થએલો. તેનું બચપણ ગામડામાં વીતતાં કુદરતીરીતે જ તેણે કુદરતમાંથી જ ખરૂં શિક્ષણ મેળવ્યું ખુલ્લાં ખેતરો ને દોડતા ઝરા, મચ્છીમારી, છાવણીઓ અને હરીફાઈની રમતો તરફ શરૂઆતથી જ તેનું વલણ હતું. વિદ્યાર્થી તરીકે એ ઠોઠ ન હતો, પણ શિક્ષકોની સામે થવાની તેને હમેશની ટેવ હતી

જિંદગી એક જ ધ્યેય પાછળ પરોવવામાં તે કદી મથ્યો નથી. પેન્સિલવાનિયા યુનિવર્સિટીની ઇજનેરી શાળામાં જોડાયા બાદ તે તેના ખલાસીદળમાં પણ જોડાયેલો હતો. પછી ન્યૂ-યૉર્ક ગયો. ત્યાંની ઍથ્લેટિક ક્લબને ભાલાફેંકમાં તેણે જીત મેળવી આપી હતી. ત્યાં રહી, એક પછી એક ઘણા ધંધા હાથમાં લીધા બાદ તે માંચેસ્ટર ગયો ને ત્યાં બે વર્ષ ઇજનેર તરીકે કામ કર્યું. એવામાં મહાયુદ્ધ ફાટી નીકળ્યું. તરત જ અમેરિકન શસ્ત્ર-વિક્રેતાઓના આડતીઆ તરીકે તે રશિયા ઊપડ્યો. ઝારના અમલના આખરી ત્રણ વર્ષોના બનાવો પોતાની આંખ તળેથી કાઢવાનો તેને બહુ સરસ મોકો મળી ગયો. પેટ્રોગ્રાડના વિષમ રાત્રિજીવનમાં ભાગ લેતો, જરાસરખા ઉશ્કેરાટને પણ જ્યાં સ્થાન હોય ત્યાં હમભેર પહોંચી જતો. પોતાના ખંધા ને અપ્રામાણિક ભાગીદાર સાથે તે શસ્ત્રોના સોદા કર્યે ગયો. પણ બોલ્શેવિક ક્રાન્તિએ તેનો ચાલુ ધંધો ને ભાવિ મુરાદ ધૂળમાં મેળવી દીધી. તે તદ્દન અકિંચન બન્યો. આથી તે પાછો ઇંગ્લંડ ફર્યો ને ત્યાં શાહી હવાઇદળમાં જોડાયો. મિસરની લડાઇ ને દૂરપૂર્વના મોજણીકામમાં પણ તે કામગીરી બજાવી આવ્યો. મિસરમાં તેનું વિમાન ભાંગી પડતાં એટલી તો સખત ઈજા થએલી કે ત્રણ વર્ષ સુધી તેને સારવારખાનાનો ખાટલો સેવવો પડ્યો હતો.

સારવારખાનામાંથી છૂટ્યા બાદ તે પરણ્યો. પોતાની રખડુ જિંદગીને વિસામો આપવા તે અમેરિકા પાછો આવ્યો. પ્રથમ તો મોટરોના વિક્રેતા તરીકે રહેવાનો તેણે વિચાર કરેલો, પણ પાછળથી તે રદ કરી વાન્કુવરના ટાપુ પરના એક એકાંત-સ્થળમાં તે સજોડે જઇ વસ્યો. સાહસકથાઓ લખવાની તેણે અહીંથી શરૂઆત કરી. તબિયત સુધરતાં તે શિકાગો ગયો ને ત્યાં એક મોટરટ્રક કંપનીમાં જોડાયો. મોટરોનું વેચાણ કરી તે સારો જેવો નફો મેળવતો ગયો.

એક દિવસ અચાનક તેણે પોતાનો એ ધંધો મૂકી દીધો. એક નાનું હોડકું તેણે ખરીદ્યું ને ઉત્તર સમુદ્રથી કાળા સમુદ્ર સુધી સફર કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો. એ સફરનું બયાન પોતાની કટારોમાં લેવા શિકાગોના ડેલી ન્યૂઝ પત્રે તેને સારો જેવો પુરસ્કાર આપ્યો. બસ, ત્યારથી તે એ પત્રનો ભમતો ખબરપત્રી જ બની રહ્યો. જરાસરખો પણ ઉહાપોહ જ્યાં



ઊઠચો કે તરત ત્યાં એ પહોંચી જાય! સ્ટાલિનના અમલની શરૂઆતમાં રશિયામાં, આંતર–અશાંતિ વખતે મિસરમાં, સત્યાગ્રહની લડત વખતે ગાંધીજીની મુલાકાત લેવા હિંદમાં, ફાસિસ્ટોની સત્તાપ્રાપ્તિ વખતે ઇટલીમાં, સીનફીન ચળવળ વખતે આયર્લંડમાં, પ્રજાસત્તાકની સ્થાપના વખતે સ્પેનમાં અને એવી રીતે જાપાન, અંદાલુસિયા, એસ્સારેબિયા, પૉલંડ વગેરે પ્રદેશો રખડી તે ઇંગ્લંડ આવ્યો.

આવી જ રીતે સારી જિંદગી તેણે સાહસ, ચાપલ્ય ને મસ્તીમાં વિતાવી, 'The way of a transgressor'માં તેને વાણી આપી છે. જિંદગીમાં જે જોયું, જાણ્યું ને અનુભવ્યું તેની તેણે રજૂઆત કરી છે; એ પર તર્કો ચલાવવાનું, નિર્ણય બાંધવાનું કે મૂલ્યાંકન કરવાનું કામ તેનું નથી.

મનુષ્યનો એ સ્વભાવગત ગુણ છે કે હરકોઇ પ્રકાર કરતાં સાહસ કે શૌર્યની વાતો તેને વધુ આકર્ષે છે ને પોતાની સ્થિતિ જેટલા સંજોગો સહી શકે એટલા સંજોગોમાં તો એવી સાહસી જિંદગી ગુજારવાની તેને ઇચ્છા હોય છે જ. પરંતુ નેગ્લી ફાર્સન જેવી જિંદગી તો સાહસકથાકારોમાંના યે બહુ થોડાઓએ અનુભવી હશે અને એથી યે થોડાઓએ તેનું બયાન આવી જીવંત વાણીમાં શકય બનાવ્યું હશે. અખાડાબાજ, ખલાસી, ઈજનેર, સેલ્સમૅન, વિમાની, સૈનિક, મચ્છીમાર, શિકારી, શોધક એ બધા વેશો ભજવી ચૂકેલો ફાર્સન એવો તરંગી પુરુષ છે જેને મન જિંદગી એ મોજ છે અને દરેક સંજોગોમાંથી પૂરતો કસ ખેંચી કાઢવાનો તેને શોખ છે.

દખ્ખણ હિંદનું પ્રવેશદ્વાર

*** આખા હિંદમાં શિક્ષણમાં બીજે નંબરે આવતી એની પ્રગતિ, એનું પુરાતત્ત્વ ને એના સાગરતરંગોનું સાંધ્યદર્શન હવે તો કોઇ પણ મુસાફરને અનુભવસુલભ થઇ પડયું છે.

સર ષણ્મુખમ્ ચેટ્ટીએ જેને 'અરબી સમુદ્રની મહારાણી' ગણાવી છે તે કોચીનનું હાલમાં જ મુખ્ય બંદર તરીકે ઉદ્ઘાટન થયું છે. ઉત્તર હિંદ, કલકત્તા ને મુંબાઇથી માંડી જાપાન, ચીન ને ઑસ્ટ્રેલિયાના ઉતારૂઓ હવે સીધા દરિયારસ્તે ત્યાં ઊતરીશકશે.

તાડ અને નાળિયેરીથી ઢંકાએલા એ બંદરનું ખરૂં સૌંદર્ય તો અર્નાકુલમ પરથી જોઇ શકાય છે. બંદર અને મહાસાગર વચ્ચે જમીનની એક લાંબી પટી આવેલી છે જે બ્રિટિશ કોચીન અને મટાનચેરી અથવા તો નેટીવ કોચીનને નામે ઓળખાય છે. એની આસપાસ લોકગીતો ગાતા ઘૂમતા દેશીઓની હોડીઓ ને પશ્ચાદ્ભૂમિ તરીકે રહેલી વૃક્ષોની ઘટા આથમતા સૂર્યના પ્રકાશમાં અજબ મનોહર દશ્ય ઊભું કરે છે.

કોચીન પહેલેથી જ પોતાના સોળમી સદી જેટલા પુરાણા સંત ફ્રાન્સિસના દેવળ માટે પ્રખ્યાત છે. હિંદમાંના ઍંગ્લિકનોનું એ જૂનામાં જૂનું પ્રાર્થનાનું સ્થળ છે. ૧૭૯૨માં એ બ્રિટિશોના તાબામાં ગયું એટલે દેવળના પ્રાંગણમાં પોર્ટુગીઝ અને ડચ અફસરોની કબ્રો આસપાસ નવી દિવાલો બાંધી લેવામાં આવીછે.

કોચીનનું એવું જ મહત્ત્વનું બીજું સ્થળ ડચ પદ્ધતિએ બંધાએલું સફેદ યહૂદીઓનું સાયનેગૉગ છે. અંદરખાનેથી એ પુષ્કળ ઝાકઝમાળભર્યું છે. જૂના ચીનાઇ પત્થરોથી તેની ફરસબંધી બનાવવામાં આવી છે. તેમાં પેન્ટૅટયૂક અંકિત કરેલા ખતો હજુ સુધી જાળવી રાખવામાં આવેલા છે.

આ સફેદ યહૂદીઓ પાસે કોચીન રાજ્ય તરફથી મળેલા હક્કોનું તાંબાપત્ર છે જે તેમના પહેલા વસાહતી જોસફ રબ્બેનને આપવામાં આવેલું. તેઓ પોતાને યુરોપીયન ઓલાદના ગણાવે છે ને શ્યામ યહૂદીઓ કે જેઓ પોતાને ઇ. પૂ. ૧૨૭૯ થી ૧૨૫૯ સુધીના આસીરિયાના રાજા શાલમાનેઝરથી ઊતરી આવેલા ગણાવે છે તેમની સાથે મુદ્દલ વ્યવહાર રાખતા નથી.

કોચીન મૂકી આગળ વધતાં એક બાજુ કોચીન રાજ્ય ને બીજી બાજુ ત્રાવણકોરની હદ શરૂ થાય છે. ઉષ્ણકટિબંધના પ્રદેશોને સ્વાભાવિક એવી વનસ્પતિની વિપુલતા, ચીની ઢબનું સ્થાપત્ય અને હરેક વતનીની સ્વાયત્તતા કોઇપણ મુસાફરનું ધ્યાન ખેંચ્યા વિના ન રહે. ત્યાંના વતનીઓનો ખુશમિજાજ અને સફેદ પરિધાન પણ આકર્ષણ જમાવે છે. ઊંચા પહાડી પ્રદેશો ને હોડકાંથી ઓળંગી શકાય એવી નાની નાની નદીઓ એ પ્રદેશને કંઇ ઓર સૌન્દર્ય બક્ષે છે.

કોચીન અને ત્રાવણકોર એ હિંદમાંનાં દેશી રાજ્યોમાં ખૂબ પ્રગતિશીલ રાજ્યો ગણાય છે. આખા હિંદમાં શિક્ષિતોનું પ્રમાણ જ્યારે માઇલે ૨૧ આવે છે ત્યારે આ રાજ્યોનું અનુક્રમે ૧૭૩ ને ૨૭૯ આવે છે. બંનેમાં ખ્રિસ્તીઓની વસ્તી મોટે ભાગે છે ને તેનું કારણ, ઠેઠ ચોથી સદીથી ત્યાં થએલો ખ્રિસ્તીધર્મનો પગપેસારો છે. દખ્ખણના એડન જેવા એ કોચીનમાં બીજું ન ભુલાય એવું તો ઘણું છે, પણ એ સૌમાં યે એના કિનારાની રેતી પર સાગરતરંગોનું સાંધ્યનર્તન તો અમર જ છે. ('હિંદુ' પરથી)

દુનિયા હજુ યે ખાલી પડી છે!

હાલ વારંવાર આપણી પાસે એ વાત રજૂ કરવામાં આવે છે કે દુનિયાની વસ્તી પુષ્કળ વધી ગઇ છે ને થોડા જ વખતમાં વસ્તીની સંકડાશના સવાલનો સામનો કરવો પડવાનો!

બેશક દુનિયાના અમુક ભાગોમાં જોઇએ તે કરતાં વસ્તીનું પ્રમાણ વધ્યું છે, પણ તેથી માણસને એ દુનિયા સાંકડી પડે છે એમ તો ન જ કહી શકાય. લાખો માઇલના વિસ્તારમાં હજુ દુનિયામાં અણવસાએલા છતાં ફળદ્રુપ એવા અનેક પ્રદેશો પડ્યા છે જે ભવિષ્યના વસવાટની રાહ જોઇ રહ્યા છે.

થોડાં વર્ષો પહેલાં ઉત્તર મંચુરિયા ને મંગોલિયાને માત્ર પહાડો ને વેરાનોની જ ભૂમિ ગણવામાં આવતી. રશિયાએ આખા ઉત્તર એશિયાને પાર કરતી સાઈબીરિયન રેલવે બાંધી ને નવા ને નવા મુસાફરો એ ભૂમિની મુલાકાત લેવા માંડ્યા. તેમણે જાણ્યું કે એ ભૂમિમાં દુનિયામાં સર્વોત્કૃષ્ટ ધાન પાકી શકે છે; જાપાનીઓ જેમાંથી બનાવટી દૂધ બનાવે છે અને દવા ને તેલોથી લઈ ઢોરો ને માણસોના ખોરાકમાં જે કામમાં આવે છે એ સોયાબીન્સ પણ ત્યારે જગતની જાણમાં આવ્યાં. ખાણો શોધી કઢાઇ ને માટીનાં ઝુંપડાંઓને બદલે હવે તેનાં શહેરોનો વિસ્તાર ચીનની દિવાલની યે પેલી પાર વિસ્તર્યો છે.

એવું જ અત્યારે વેરાન પડેલા સાઈબીરિયાનું કાં ન બને? તેની ભૂમિ કૅનેડા જેટલી જ ફળદ્રુપ છે. ખનિજોમાં તો તેની સંપત્તિ એથી યે વધી જાય છે. ઈમારતી લાકડાં ને ત્યાંની નદીઓમાં માછલાંની સંખ્યા પણ એટલી જ વિપુલ છે. અત્યારે તો માત્ર દેશનિકાલોથી વસાએલાં રડ્યાંખડ્યાં શહેરો જ ત્યાં છે. તેની ભૂમિ ને કેટલાક ભાગોનાં હવાપાણી એટલાં તો સરસ છે કે બૈકલ સરોવર અને યુરલ પર્વતો વચ્ચેનો પ્રદેશ જ ઓછામાં ઓછી દસ લાખની જનસંખ્યા સહેલાઈથી નિભાવી શકે. ભવિષ્યમાં કદાચ એ બીજું કૅનેડા પણ બની રહે.

કૅનેડામાં પણ અત્યારે છે તેથી ચારગણી વસ્તી નભી શકે એટલો પ્રદેશ બિયાબાન પડ્યો છે. દર ચોરસ માઇલે છ જ જણની વસ્તી ધરાવતા ન્યૂ ફાઉંડલૅંડનું પણ એવું જ છે. અને આફ્રિકાના બહોળા પ્રમાણમાં અજન રહેલા પ્રદેશો તરફ તો હજુ નજર પણ નાખવામાં નથી આવી.

છતાં જનસંખ્યાના વધારાની બૂમો વધતી જ જાય છે ને આપણે પણ તેમાં આંધળો સાદ પૂરાવીએ છીએ. આપણી તો એ કમબખ્તી જ છે કે હિંદીઓ તરીકે ક્યાંયે પગ ઠેરવવાનો મોકો જ આપણને નથી મળતો. કેન્યા ને યુગાંડાના વિસ્તારોના વિસ્તાર વસ્તી વિહોણા પડ્યા હોવા છતાં આપણો પગદંડો ત્યાંથી નિર્મૂળ કરવાના પ્રયાસો ચાલુ છે. ઑસ્ટ્રેલિયા આખો માત્ર ચોરસ માઇલે બે જ માણસની વસ્તી ધરાવે છે, છતાં હિંદીઓ માટે ત્યાં અવકાશ નથી. દક્ષિણ અને મધ્ય અમેરિકામાં યે એવું જ છે. આપણે માટે પગ મૂકવાનું ક્યાંયે ઠેકાણું નથી. મલાયા સુદ્ધાંમાંથી યે હિંદીઓને પાછા કાઢવામાં આવ્યા છે ને?

દુનિયાનાં રાષ્ટ્રો બૂમો પાડે છે કે જનસંખ્યા વધી પડી છે. એમના પૂરતી એ સાચી વાત છે ને એનો રાહ પણ તેમણે અખત્યાર કરી લીધો છે: જપાને મંચુકુઓ લઇ લીધું, ઈટલિએ હબસીનિયા હજમ કર્યું ને જર્મનીએ પોતાનાં સંસ્થાન પાછાં મેળવવાની જેહાદ ઉપાડી છે. આપણે પણ જનસંખ્યાના વધારાની પાશ્ચાત્યોની હારોહાર કબૂલાત કરીએ છીએ, પણ ગયા એંશી વર્ષમાં બમણી થએલી આપણી વસ્તીના ભારનો આજસુધી કયો ઉકેલ આણ્યો?

(ધૂપછાંવ) —અશોક હર્ષ

નાગધણીબાવાળી ખોડીઆર

ચારે તરફ ઊંચા ઊંચા ટેકરાઓની હારમાળા, પાસે જ કલ્લોલતી વાંકાચૂંકા રમ્ય વહેણવાળી માળેશ્રી, બંને કિનારા પરની લીલીછમ ઘટા, ને પક્ષીઓના મધુર કિલકિલાટ 'નાગધણીબા'ની પહેલી જ મુલાકાતે અમને જાણે આવકારી ઊઠ્યાં.

નાગધણીબા ભાવનગરથી આશરે ચૌદ માઇલ થાય. તળાજા ટ્રામવે મારફત જઇએ તો ભડી સ્ટેશને ઊતરી પડી બાકીનાં ત્રણ માઇલ પગે જવું જોઇએ. ત્યાંની ખોડીઆર માતાનાં દર્શન કરવાની અને ત્યાં એકાદ ઉજાણી કરવાની અમારી લાંબા કાળની ઇચ્છા હતી ને તે બર લાવવા રવિવારે એક ખટારો ભાડે કરી અમે ઊપડી નીકળ્યા હતા.

ખોડીઆર માતાજીનું મંદિર આંબાવાડિયા વચ્ચે એક સાદા ચણેલા ચોતરા ઉપર બાંધેલું છે. પાસે એક કૂવો અને મંદિરની પાછળના ભાગમાં મહંત તથા યાત્રાળુઓને ઊતરવા માટે ધર્મશાળા બનાવેલાં છે.

અમારો અવાજ સાંભળી મહંત બહાર આવ્યા. ખટારાવાળાને સાંજના સાત વાગ્યે પાછા આવવાનું કહી ભાવનગર તરફ રવાના કર્યો અને અમે બધાએ ધર્મશાળામાં ધામા નાખ્યા.

ત્યાગી દેખાતા મહંત પણ ચાલુ જમાનાને ઓળખતા હોય તેમ લાગ્યું. તુરત જ એમણે એક માણસને બોલાવી પાસેના ગામમાંથી દૂધ લઈ આવવા કહ્યું અને બીજાને ઝડપથી ચા તૈયાર કરવાની સૂચના આપી, પોતે અમને માતાજીના ચમત્કારની વાતો સંભળાવવા બેઠા.

મહંતની ચા પીધા બાદ રસોઇ–પાણીની સગવડ કરી અમે તરત જ નહાવા ઊપડ્યા. દેખાવમાં નાની એ માળેશ્રી નદી આ સ્થાનને રમણીય બનાવવામાં સૌથી વધારે હિસ્સો અર્પતી જણાઇ. ધણીબા ગામનો પાણી-શેરડો પણ અહીં જ આવેલો છે. પાંચ છ ફૂટ ઊંડાં એનાં પાણીમાં નહાવાની ઓર મજા આવી.

સ્નાનથી પરવારી ઉજાણી પણ આનંદથી ઊજવી. બાદ થોડો વખત આરામ લઇ, સહેજ તડકો નમ્યો એટલે સૌ ફરવા માટે નીકળી પડ્યા. કેટલાકે નદી કિનારે રેતી ઉપર આંબાના છાંયડા નીચે બેસી વાતો કરવાનું પસંદ કર્યું તો કોઇએ અહીંતહીં ભટકી કુદરતનું અવલોકન કરવાનું વિચાર્યું.

અમારે ક્યારે જવું એનો વિચાર કરતાં થોડે દૂર ચાલ્યા એટલામાં એક ગોવાળ છોકરો અમારી પાસે આવી બોલી ઊઠ્યો, 'શેઠ, હાલો મારી સાથે; હું આ બધા ડુંગરા તમને બતાવું.' ઊજળાં લૂગડાંવાળાને ગામડીઆ હમેશાં શેઠીઆ જ ધારે છે!

આ છોકરા સાથે ફરવા જવા અમે ત્રણ જણ તૈયાર થયા. થોડે દૂર ચાલ્યા ત્યાં એક સીધો કરાડવાળો અને લગભગ પચાસેક ફૂટ ઊંચો, નદીના કિનારા ઉપર જ આવેલો એક ટેકરો જોઇ તે બોલી ઊઠ્યો, 'જુઓ! આ ટેકરા ઉપર તમે ચડી શકવાના?!'

ટેકરો ઊંચો, સીધો અને કાચા પત્થરની કાંકરીઓ વાળો હતો નીચે જોઇએ તો નદીમાં ભેંશની પીઠ જેવી કાળી શિલાઓ અને પાસે કાંટાવાળી હાથલા થોરની વાડ આવેલી હતી. ઊંચે ચઢતાં જો લપસી પડીએ તો સીધા આ વાડમાં અને કાં તો એ નદીની શિલા ઉપર. પછી શું બને એની કલ્પના જ કમકમાટી ઉપજાવે તેવી હોવાથી વિના કારણ એવા ટેકરા ઉપર ચઢી જોખમ વહોરી લેવું એ અમને ન રૂચ્યું!

'બસ, આટલામાં હિંમત હારી ગયા?!' કહેતાંકને એ છોકરાએ ઝપાટાબંધ કેડ બાંધી લીધી. અને 'જોઇ લેજો હો કે?!' એમ કહેતામાં તો એ અર્ધે ટેકરે પહોંચી જવા આવ્યો!

ડુંગરા ઉપર નહોતો ચડવાનો રસ્તો કે નહોતી કેડી. છતાં પત્થરની એક અણી ઉપરથી બીજી અણીએ અને કવચિત ઝાડનું મૂળિયું, ડાંખળી કે ઠૂંઠું આવતું તે પકડી જોતજોતાંમાં સહેલાઇથી એ ઉપર ચઢી ગયો અમને તો એ જોતાં, મર્દાનગી ને સાહસ ગામડાંમાં જ જઇ ભરાયાં હોય એમ લાગ્યું.

એ છોકરા સાથે જેટલા ટેકરા ખૂંદી વળાય તેટલા અમે ખૂંદ્યા; નીચી નજર કરતાં આંખે ચડતું અપ્રતિમ સૌન્દર્ય ખૂબખૂબ નીરખ્યું. અમને લાગ્યું, આટલો બધો ડુંગરાઉ રસ્તો પસાર કરી છેવટ આવા નિર્જન સ્થળે આવવામાં અમે ભૂલ તો નહોતી જ કરી. એક ટેકરા ઉપર નાગદેવનાં તથા બીજા ટેકરા ઉપર નાગનાથ મહાદેવનાં દર્શન કર્યા બાદ અમે ઉતારે પાછા ફર્યા. સાંજના સાત થવા આવ્યા અને મોટરનું હૉર્ન સંભળાયું. 'નાગધણીબાવાળી ખોડીઆર માતાની જય' બોલાવી અમે ખટારામાં ચઢી બેઠા કે વહેલું આવે ભાવનગર! —દેવજી ગ. ઝાંઝરૂકિયા

અવાજની અસર

* * * અવાજની કર્કશતાથી તમે ત્રાસતા હશો, પણ એનું આ અમાનુષીપણું તમે કદી વિચારેલું?

આ યુગ જ અવાજોનો છે, કારણ તે યંત્રોનો યુગ છે. જમીન, પાણી, હવા ને જમીન તળે પણ બધે અવાજો જ પૃથ્વીને આંતરી રહ્યા છે.

અને અવાજની એ ભયંકર બાજુ છે કે આપણે તેનાથી છૂટી શકતા નથી. આંખને ન ગમતા દૃશ્ય સામે આપણે આંખો મીંચી જઇએ છીએ પણ કાનોને ન ગમતા અવાજો સામે આપણે તે બંધ કરી શકતા નથી. આંખ માટે આપણને પાંપણ છે, પણ કાન માટે તેવું કશું ઢાંકણ પણ નથી!

શહેરોની સાથે જ વળગેલાં વાહનો ને યંત્રોના અવાજો આપણને મજ્જાઓનો થાક ઉપજાવે છે એ તો હવે સાબીત થઇ ગયું છે; એટલું જ નહિ પણ શરીરના પ્રજીવક કોષોમાં પણ તે મંદતા આણી દે છે. કર્કશ અવાજથી શરીરના એકેએક ભાગને અસર થયા વિના રહેતી નથી.

આ કારણે શહેરોમાં બહેરાશનું પ્રમાણ વધતું જાય છે ને કાન તથા આંખની સૂક્ષ્મરચના એક જ સંધાને રહેલી હોઇ, આંખો ઉપર પણ તેની અસર થયા વિના રહેતી નથી.

કદાચ આપણી સંસ્કૃતિની અંતર્રચના જ અવાજ પર નિર્ભર થએલી ગણી આપણે દિવસને ભાગે ઉપજતા અવાજોની વિપુલતા જતી કરીએ; પણ રાત્રે કે જ્યારે પ્રજીવક કોષોનું કામ પૂર્ણ વેગથી ચાલવાનું હોય છે ત્યારે તો એ ચાલુ રહેવા દેવાનું અમાનુષીપણું આપણે ન વહોરવું જોઇએ. પ્રશાંત રાત્રિની ઘસઘસાટ ઊંઘનો એટલો હક્ક પણ રહેવા ન પામે તો આપણી ધૃષ્ટ સંસ્કૃતિનું મૂલ્ય શું? (ન્યૂ હેલ્થ)

દુનિયાભરમાં

* * * દુનિયાનું ઊંચામાં ઊંચું શિખર એવરેસ્ટ ને ઊંડામાં ઊંડો દરિયો ફિલિપાઇન્સ પાસે પાસિફિક મહાસાગર છે, એવાં ભૌતિક સત્યો તો આપણે કદાચ જાણતા હઇશું. પણ પ્રયત્નશીલ મનુષ્યે કદ, વજન વગેરેની જે નવી સીમાઓ ઊભી કરી છે, તેમાંની આપણે કેટલી જાણીએ છીએ? એવાં કેટલાંક તથ્યો આ નીચે ઉતારેલાં છે.

દુનિયાનું ઊંચામાં ઊંચું મકાન ન્યૂ યૉર્ક શહેરનું એમ્પાયર સ્ટેટનું છે, જ્યારે નાનામાં નાનું રાણી મૅરીનું 'ઢીંગલીનું ઘર' છે.

દુનિયાનું નાનામાં નાનું એન્જિન બીલ નામના ઇજનેરનું બનાવેલું છે. તેનું કદ એક ઇંચનું ને વજન પા ઔંસ છે.

દુનિયાના મોટામાં મોટા દીવા વિમાનો માટે ઊભી કરેલી સ્પેરી સર્ચલાઇટો છે જેમનો પ્રકાશ સૂર્યના પ્રકાશ જેટલો હોય છે; જ્યારે નાનામાં નાના રબ્બરની નળીમાં દર્દીના ગળાની અંદર ઉતારી શકાય એવડા છે!

દુનિયાનો ઊંચામાં ઊંચો માણસ 'આયરિશ રાક્ષસ' તરીકે ઓળખાતો ઓ'બ્રાયન ગઈકાલ સુધી લેખાતો. પણ હવે અમેરિકાનો રૉબર્ટ વાડલો તેને પણ દોઢ ઇંચ ટપી જાય છે. વાડલોની ઊંચાઇ છે સાત ફૂટ ને સાડા આઠ ઇંચ.

દુનિયાનો ભારેમાં ભારે માણસ એક કૅલિફૉર્નિયન છે જેનું વજન ૭૮૭ રતલ છે, જ્યારે દુનિયાની જાડામાં જાડી વ્યક્તિ અમેરિકાની એક વિનોદશાળામાં કામ કરતી 'લિટલ અલ્પાઈન' છે જેનું વજન ૭૦૦ રતલ છે.

દુનિયામાં આજ દિવસ સુધી સંભળાએલો જબરામાં જબરો અવાજ ૧૮૮૩માં સુંદાની સામુદ્રધુનીમાં ફાટેલા ક્રેકાટોઆ

જ્વાળામુખીનો હતો, જે ત્રણ હજાર માઇલ સુધી સંભળાયો હતો; પણ માણસે હવે એવું નાજુકમાં નાજુક યંત્ર બનાવ્યું છે કે ફળની અંદરના કીડાની હીલચાલ તો શું પણ માણસનો કાન કદી ઝડપી જ ન શકે એવા સેકન્ડના દોઢ લાખથી બે લાખ આંદોલનો ઉપજાવનારા અવાજો પણ તેથી સાંભળી શકાય છે.

દુનિયાંનું નાજુકમાં નાજુક ઓજાર વૅકયૂમ ટયૂબ છે જેથી સેકન્ડના માત્ર છ પરમાણુઓ જેટલો વીજળીનો પ્રવાહ પણ માપી શકાય છે જ્યારે મોટામાં મોટું ઓજાર પાસાડેના પાસેની માઉન્ટ વિલ્સનની વેધશાળા છે જેથી ૩,૦૦,૦૦,૦૦૦ પ્રકાશવર્ષો છેટેની વિશ્વની દૂરમાં દૂરની નિહારિકા પણ શોધી શકાઇ છે. (ટિટ્–બિટ્સ)

કિવનાઇનનું બરાબરિયું દેશી ઔષધ

એમ માનવામાં આવે છે કે મૅલેરિયા માટે કિવનાઇન જેવું અસરકારક કોઇ પણ ઓષધ દુનિયામાં નથી.

પણ આયુર્વેદમાં કિવનાઇન કરતાં પણ ઘણી સારી અસર કરનાર ઓષધો છે. તેમાંનો એક પ્રયોગ આ નીચે આપીએ છીએ. આ પ્રયોગની શોધ દિલ્હીના પ્રસિદ્ધ હકીમ અજમલખાં સાહેબે કરી હતી; અને અમે પોતે ઘણા દર્દીઓ પર અજમાવી જોઈ ખાતરી કરી છે. આ દવા કિવનાઇન કરતાં પણ સારી અસર કરે છે અને ઘણે ભાગે એક જ દિવસમાં તાવને નાબૂદ કરે છે. વળી તેનાથી કિવનાઇન જેવી ખરાબ અસર થતી નથી. ઊલટું શક્તિમાં પણ વધારો કરે છે.

પિત્તપાપડો દસ તોલા લઇ તેની ઉપરનું લાલ ફોતરૂં કાઢી નાખવું.પછી તેને જોખીને એની બરાબર કાંગસિયા(સં૦કરંજ)ના મીંજ લેવાં. બંનેની ઝીણી ભૂકી કરી થોડા પાણી સાથે વાટી એકેક વાલની ગોળીઓ બનાવવી.

તાવ ભરાવાના વખતથી છ કલાક પહેલાં મોટા માણસને બે કે ત્રણ ગોળીઓ પાણી સાથે આપવી. એવી જ રીતે બબ્બે કલાકને આંતરે ત્રણ વખત આપવી.

ઘણે ભાગે પહેલે જ દિવસે તાવ જતો રહેશે. કબજિયાત હોય તો એરંડિયું અગર બીજી દવા લઇને પહેલે દિવસે પેટ સાફ કરવું જોઇએ.

તાવ આવવાના દિવસે લાંઘણ કરવી જોઇએ.

(દિનકર) —વૈદ્ય ગોપીનાથ ગુપ્ત

બરફનું ઉષ્ણતામાન કેટલું?

બરફ ઉપર થર્મોમીટર મૂકતાં પારો શૂન્ય ઉપર જ આવે એ માન્યતા ખરી નથી. બરફનું ઉષ્ણતામાન શૂન્યથી ઘણું નીચે જઇ શકે છે. પરંતુ ઓગળી જતા બરફનું ઉષ્ણતામાન શૂન્ય રહે છે અને તે તમામ બરફ ઓગળી જાય ત્યાંસુધી શૂન્ય જ રહે છે. બરફ ઓગળી ગયા પછી તેનું ઉષ્ણતામાન વધવા લાગે છે. આ જ પ્રમાણે ઊકળતાં પાણીની વરાળ થતાં ઉષ્ણતામાન સો અંશ ઉપર આવે છે તે પાણીનાં ટીપાંની વરાળ થઇ જાય ત્યાંસુધી એટલું જ રહે છે. વરાળને વધુ ગરમ કરીએ તેમતેમ તેનું ઉષ્ણતામાન વધતું જાય છે. (સૃષ્ટિજ્ઞાન)

અથાણું

શિક્ષક: પાટલૂન એકવચન છે કે બહુવચન, રમુ?

રમુ: ઉપર એકવચન ને નીચે બહુવચન, સાહેબ!

ૐ

શિક્ષક: છોકરાંઓ, કાલે પ્રોફેસર પાલીઆ ચંદ્ર ઉપર વ્યાખ્યાન આપવાના છે. તમારે બધાએ તેમાં હાજર રહેવાનું છે.

રમેશ: હું નહિ આવી શકું, સાહેબ!

શિક્ષક: કેમ, શું વાંધો છે?

રમેશ: મારી બા મને એટલે દૂર સુધી ન મોકલે!

ૐ

વકીલે હવે પ્રતિવાદીની ઉલટ તપાસ લેવા માંડી: 'અને તમે કહો છો કે આ હસ્તાક્ષરો તમારા નથી?'

'ચોક્કસ એ મારા નથી'

'ત્યારે તમારા હસ્તાક્ષરને મળતા છે, ખરૂં?'

'ના સાહેબ.'

'વારૂ, ત્યારે તમારા હસ્તાક્ષરનો કોઇ નમૂનો દેખાડી શકશો?'

'ના સાહેબ.'

'કેમ એમ?'

'કારણકે મને લખતાં જ નથી આવડતું!'

ૐ

કોઇ ન્યાયાધીશને એકાદ નોકર રાખવો હતો. ઘણી રકઝક પછી એક જણ સાથે મહિનાના ચાલીશ રૂપિયા ઠરાવતાં બોલ્યા: 'વારૂ, ચાલીશ રૂપિયા અથવા ચૌદ દિવસ!'

ૐ

એક મિત્ર: પેલો ચિત્રકાર વ્યંકટ તો તારો દોસ્ત છે ને?

બીજો: હા, હતો. પણ એક દિવસ એણે મને તેનાં ચિત્રો કેવાં લાગે છે એ પૂછવાની મૂર્ખાઇ કરી ને મેં તેને જવાબ આપવાની મૂર્ખાઈ કરી ત્યારથી એ દોસ્તી તૂટી ગઈ છે.

ૐ

એક વખત એક રશિયન અને એક અમેરિકન ભેગા થઇ ગયા ને પોતપોતાના દેશમાં પડતી ઠંડીની વાત કરવા લાગ્યા.

રશિયન: અમારા દેશમાં એટલી ઠંડી પડે છે કે કીટલીમાંથી બહાર રેડતાં પાણી પણ ઠરી જાય.

અમેરિકન: અરે, એમાં શું? અમેરિકામાં તો મેં એક ખડક પરથી ઘેટાને કૂદતો જોએલો તે ઠરીને હવામાં જ લટકી રહેલો.

રશિયન: પણ ગુરુત્વાકર્ષણનો નિયમ તેમ ન થવા દે.

અમેરિકન: અરે, એ નિયમ પણ યાર, ઠરી ગયો હતો!

ૐ

શિક્ષક: (નિસાસો નાખતાં) આજે મારો નાનો ભાઇ ઘોડે ચડી સીમમાં ફરવા ગયો ત્યાં ઘોડો તેને પટકીને નાસી ગયો અને એને સખત ચોટ લાગી.

વિદ્યાર્થીઓ: (એક સામટા) સાહેબ, અમે ઘોડો પકડી લાવીએ?

આપણે પોતે

એક કલાકમાં આપણા હૃદયમાંથી ૫૪૦ રતલ લોહી પસાર થાય છે.

卐

આપણાં ફેફસાંમાં કુલ્લે ૧૭,૪૦,૦૦,૦૦૦ છિદ્ર અથવા કોથળીઓ હોય છે, જે બધીને છૂટી પાથરવામાં આવે તો આપણા શરીરથી ત્રીસગણી વધારે લંબાઇ રોકે.

卐

આપણે દરરોજ ચાર લાખથી સાડા છ લાખ ચોરસ ઇંચ હવા શ્વાસમાં લઇએ છીએ.

卐

આપણા પ્રત્યેક વાળનું એકંદર આયુષ્ય પાંચ વર્ષનું હોય છે.

卐

દર એક સો દસ દિવસે આપણા નખ આખા નવા આવે છે.

卐

આપણે હવા વગર વધુમાં વધુ પાંચ મિનિટ, પાણી વગર એક અઠવાડિયું ને નિદ્રા વગર દસ દિવસ ચલાવી શકીએ.

卐

પાંચ વર્ષ સુધી સતત બોલ્યા કરતાં આપણી જેટલી શક્તિ ખર્ચાય તેટલી શક્તિથી ૨૫ વૉટનો વીજળીનો દીવો એક મિનિટ બાળી શકાય.

卐

આપણને લાગુ પડતા રોગોમાં વધુમાં વધુ મોત નીપજાવનારા હૃદયના રોગ ને બીજે નંબરે કૅન્સર આવે છે.

卐

આપણામાં દર પંદર હજાર માણસે એક જ માણસ શતાયુ, ને દર દશ લાખે એક જ અંધ હોય છે.

卐

આપણી બૂમ વધુમાં વધુ સોળ સો ફૂટ ઊંચે સંભળાય છે.

卐

આપણા મગજના ૧૨,૦૦,૦૦,૦૦૦ કોષો છે.

卐

આપણા વાળની સંખ્યા સરેરાશ ૧,૨૦,૦૦૦ હોય છે.

卐

આપણે ચીડાઇએ છીએ ત્યારે ચહેરાના પચાસ સ્નાયુઓ સંકોચાય છે.

卐

આપણાં ફેફસાં દસ પિન્ટ હવા ભરે છે છતાં આપણે ઉપયોગમાં છ જ પિન્ટ લઇએ છીએ.

卐

આપણાં આંસુમાં ૯૮૪ ભાગ પાણી ને ૧૬ ભાગ મીઠું હોય છે.

卐

આપણા શરીરનો અરધા ઉપરાંત ભાગ પાણીનો બનેલો છે.

卐

આપણામાંથી ભુરા વાળ વાળા માણસો વધુ જીવનારા હોય છે.

卐

આપણે આપણા વજન કરતાં સરેરાશ અઢી ગણું ઊંચકી શકીએ.

આપણી પૃથ્વી

આપણી પૃથ્વી જેમ ઠરતી જાય છે તેમ સૂર્યથી છેટી ને છેટી થતી જાય છે ને એની ગતિ પણ ઘટતી જાય છે.

○

આપણી પૃથ્વીને બીજો પણ એક ચંદ્ર છે. ૪૦૦થી ૫૦૦ ફૂટ પહોળાઇનો એ કકડો સેકંડે સાડા ત્રણ માઇલની ગતિએ પૃથ્વીની આસપાસ ફર્યા કરે છે.

○

આપણી પૃથ્વીના ઉત્તર દક્ષિણ ધ્રુવના બે છેડાઓમાંથી સામસામો અદૃશ્ય પ્રવાહ વહ્યાં જ કરે છે.

○

આપણી પૃથ્વી પર હવાનું દબાણ દર ચોરસ ઇંચે પોણા પંદર રતલનું છે.

○

આપણી પૃથ્વીનાં અઢીસો વરસ એટલે છેલ્લા ને નાના ગ્રહ પ્લૂટોનો એક દિવસ!

○

આપણી પૃથ્વીના એક ચોરસ માઇલ પર પડેલા એક ઈંચ વરસાદનું પાણી ૧,૭૫,૦૦,૦૦૦ ગૅલન થાય.

○

આપણી પૃથ્વીનો પરીઘ ૨૪,૯૦૩ માઇલનો છે.

○

આપણી પૃથ્વી પર ઉત્તર કરતાં દક્ષિણધ્રુવ પર સરેરાશ ઉષ્ણતામાન ઓછું રહે છે, કારણ તે ઉચ્ચપ્રદેશ પર આવેલો છે.

○

આપણી પૃથ્વી પરથી વાતાવરણ બનાવતાં મૂળતત્ત્વોનો લોપ થતો જાય છે.

○

આપણી પૃથ્વીની વય બે અબજ વર્ષની લેખાય છે. તેના પર સજીવતાનો વિકાસ આજથી ત્રણકરોડ વર્ષ પર થયો. પહેલવહેલા માણસને પેદા થયે હજુ ત્રણ લાખ વર્ષો જ થયાં છે.

○

આપણી પૃથ્વીનું ક્ષેત્રફળ વીસ કરોડ ચોરસ માઇલ છે.

○

આપણી પૃથ્વીની ત્રીસ માઇલ નીચેની સપાટી પર ધરતીકંપોની કશી અસર થતી નથી.

○

આપણી પૃથ્વીને મળતા સૂર્યના પ્રકાશની ગતિ એટલી છે કે એક સેકંડમાં આખી પૃથ્વીની આસપાસ સાત વખત પ્રદક્ષિણા કરી વળે.

○

આપણી પૃથ્વીના પેટાળમાં સૌથી વધુમાં વધુ ધાતુ ઍલ્યુમીનિયમ છે.

○

આપણી પૃથ્વી પર સૌથી મોટા ફેરફાર ધરતીકંપથી થાય છે. તેના ઉદાહરણ રૂપે દક્ષિણ અમેરિકા ને આફ્રિકા વચ્ચે ઉપસી આવેલી ૧૩,૦૦૦ ફૂટ સુધીની ઉંચાઇની પર્વતમાળા છે.

○

આપણી પૃથ્વીથી નજીકમાં નજીકના તારાનું છેટું સત્તર પ્રકાશ વર્ષ છે.

વિકસતું વિજ્ઞાન

માણસનાં આંગળાંનું કે અંગૂઠાનું નિશાન હોય તો તેને ગમે ત્યાંથી ઓળખી શકાય છે તેમ ઘોડાના નાકની છાપથી પણ પ્રત્યેક ઘોડાની ઓળખ થઇ શકે છે. ફ્રાન્સમાં શરતના મેદાનોમાં ઘોડાઓ બદલી નાખવામાં ન આવે તેથી તેમના નાકની છાપ લેવાય છે. આવી પ્રત્યેક છાપ અદ્વિતીય મનાય છે અને ઘોડાઓની ઓળખ માટે સૌથી ચતુર ઉપાય તરીકે તે સિદ્ધ થએલી છે.

મોટરોના રાજા હેન્રિ ફોર્ડે એક નવો જ ઉદ્યોગ હાથ ધર્યો છે. દશ લાખ પૌંડ ખરચી તેણે એક મીલ કરી છે. એ મીલમાં તાજેતરમાં ખૂબ ચર્ચાસ્પદ બનેલા સોયા બીન્સમાંથી એક એવું પ્લાસ્ટિક બનાવવામાં આવશે જે લોખંડ કે ઍલ્યુમિનમનું કામ આપશે. મોટરોની ખર્ચાળતા પણ એથી ઘટશે.

તમને ખબર નહિ હોય કે રાઇમાંથી નીકળતો ગૅસ એ કાતિલમાં કાતિલ અસ્ત્ર છે ને હવે યુદ્ધોમાં મુખ્યત્વે તેનો જ ઉપયોગ થવાનો છે કપડું રબર કે ચામડાં સુદ્ધાંને તે તોડી શકે છે, ને તેની કાતિલ અસર બીજા કોઇ પણ ગૅસો કરતાં વધારે —૧૪ દિવસ ટકાવી શકે છે. તેલિયાં કપડાં પણ એની અસરથી માણસને ફક્ત અરધો કલાક જ બચાવી શકે છે.

બ્રિટનની નવી બંધાએલી સ્ટીમર ક્વીન મૅરીમાં અલ્ટ્રા શૉર્ટ રેડિયોવેઇવ્ઝ છોડતી એક રેડિયો સર્ચલાઇટ સહીસલામતી સારૂ ગોઠવવામાં આવી છે. એના પ્રકાશના માર્ગમાં કોઇ વહાણ કે સ્ટીમર યા નાનો સરખો યે ઘન પદાર્થ આડો આવે છે કે તરત જ એ કિરણો પાછાં વળે છે ને એક જાતનો પડઘો પાડે છે. પાછાં વળતાં કિરણોના કોણ પરથી એ અંતરાયની દિશા ને પડઘાના અવાજ પરથી તેની દિશા નકકી કરી શકાય છે.

હમણાં જ ચાર ફોટોગ્રાફરોને હાથે બની ગએલો એક અકસ્માત કદાચ ફોટોગ્રાફીની દુનિયામાં એક આશીર્વાદ સમાન થઇ પડે. તેમણે ઇમલ્ઝન ચોડેલા પ્રિન્ટિંગ પેપર પર ફોટો ઉતારતાં જ્યાં સફેદ ભાગ જોઇએ ત્યાં કાળો ને કાળાને ઠેકાણે સફેદ ભાગ ઊઠી આવ્યો. એ ઇમલ્ઝન કયા કારણે એવું બન્યું એ તેઓ શોધવા લાગ્યા છે ને એ શોધાશે એટલે ફોટોગ્રાફીના જરૂરી માધ્યમ જેવી નેગેટિવ લેવાની બીલકુલ જરૂર નહિ રહે.

વિજ્ઞાનનો વિકાસ જેમને ઉત્તરોઉત્તર સ્થાનભ્રષ્ટ કરતો જાય છે એમની નામાવલિમાં થોડા જ વખતમાં વરાળનું નામ પણ ઉમેરાશે, કારણકે વિજ્ઞાનીઓએ તેના કરતાં અનેક ગણી ગરમી આપી શકે એવો ડિફેનીલ નામનો એક વાયુ શોધી કાઢ્યો છે. એનું દબાણ વધાર્યા વગર કોઈ પણ ઉષ્ણતામાન પર એને લઈ જઈ શકાય છે. એટલે એ રીતે વરાળ કરતાં એ વધુ ઉપયોગી ને સલામત રહેશે.

લીલો મેવો

સૂર્યનો હાલે જ દેખવામાં આવતો એક ડાઘ ઓછામાં ઓછા ૬૭ કરોડ ચોરસ માઇલનો પટ રોકે છે. વિજ્ઞાનિકોનું કહેવું છે કે વાતાવરણ અને વરસાદ પર તેની ગજબ અસર થશે. તેમાંથી વછૂટતી જ્વાળાઓ અને તૂટતી સપાટી મંગળના સારા સારા ફળદ્રુપ પ્રદેશોને બરફના મેદાનોમાં પલટાવી દેશે. ૧૮૯૩ના ફેબ્રુઆરી પછી આવો રાક્ષસી ડાઘ કયારે ય જોવામાં આવેલો નહિ.

*

યુગોસ્લાવિયાના બેલ્ગ્રેડ શહેર પાસે એક ગામડું છે જેમાં બધા જ પુરુષો આંધળા છે. તેઓ બધા ગત મહાયુદ્ધના સૈનિકો છે અને પોતાની પત્નીઓ સાથે ત્યાં વસે છે.

*

ઇંગ્લંડના સર માલ્કમ કેમ્પબેલે છેલ્લી કેટલીક શરતોમાં કલાકના ૩૦૧ માઇલની ઝડપે મોટર હાંકી હતી જે ઘણાખરા વિમાનોથી યે વધી જાય છે.

*

સહરાના રણમાં ત્રણ સો ફૂટ ઊંડો કૂવો ખોદતાં તેમાંથી માછલીઓ મળી આવી હતી. જમીનની અંદર વહેતો પાણીનો પ્રવાહ તેમને ખેંચી આવ્યો હોય એમ મનાય છે.

*

સંધિવાના દર્દીના શરીરમાં સોનાના રસના પાતળા પ્રવાહીના ઈંજેક્શન આપવાનો અખતરો લીડ્સના એક દાક્તરે સફળતાથી પાર પાડયો છે.

*

દુનિયામાં નાનામાં નાની જન્મેલી વ્યકિત લુસીઆ ઝેરેટ હતી. ૧૮૯૩માં એ ન્યુ યૉર્કમાં જન્મેલી અને પુખ્ત વયે તેની ઉંચાઇ ફકત વીશ ઇંચ રહેલી. વિખ્યાત ઠીંગુજી ટૉમ થંબ પણ ૩૧ ઇંચ ઊંચો હતો.

*

અમેરિકાના મ્યૂઝિયમ ઑફ નેચરલ હિસ્ટરીમાં એક ચાર આંખો વાળી માછલી લાવવામાં આવી છે. તરતી વખતે એની બે આંખો સપાટી પર જુએ છે, જ્યારે બે આંખો પાણી નીચે જોતી આવે છે.

*

એક હંગેરિયન પ્રો. ઇસ્ટવાન ઝિમરમાને ચાર મહિનાની મહેનત બાદ નાનામાં નાનું ઇલેકિટ્રક મશીન શોધી કાઢયું છે, જેમાં ડાયનેમોનું કદ ફકત માખી જેવડું છે.

*

ચશ્મામાં કાચને ઠેકાણે ત્રિપાર્શ્વ કાચો (prisms) ગોઠવવાનો નુસખો હાલમાં જ શોધાયો છે. આથી પ્રકાશનાં કિરણો એવો કાટખૂણો કરે છે કે પથારીમાં પડયાં પડયાં આરામથી પુસ્તક વાંચી શકાય છે.

*

મનુષ્ય કરતાં કૂતરાની શ્રવણશકિત વધુ તીવ્ર હોવાનું જણાવનાર પ્રો. ગૅલ્ટને હાલમાં કૂતરાઓ માટે એક સીસોટીની શોધ કરી છે જે મનુષ્યો સાંભળી જ નહિ શકે.

માનવતાની મૂર્તિસમા ઉદાર હાતિમ તાઇને કોઇએ પૂછ્યું:'તમારા કરતાં વધુ લાયક માણસ તમે દુનિયામાં જોયો-સાંભળ્યો છે ખરો ?' જવાબ મળ્યો: 'હા; એક વાર મેં લોકોની ભારે મહેમાનગત કરી હતી તે દહાડે સંજોગવશાત જંગલ તરફ જવાનું થતાં માથા પર લાકડાંનો ભારો લઈ એક કઠિયારો મને મળ્યો. આટલા બધા માણસો હાતિમના મહેમાન બન્યા છે ને તું શા માટે ત્યાં નથી ગયો એમ એને પૂછતાં એણે ગૌરવથી જવાબ દીધો: 'જે પોતાની છાતી પરનો પરસેવો ઉતારી રોટલો ખાય છે તેને વળી હાતિમને ત્યાં જવાની શી જરૂર ?' (અં.રૂ.ના.)

અનેકાર્થી શબ્દઃ **આરો**=ઘાટ, કિનારો; પાર, છેડો; માર્ગ, છૂટવાનો ઉપાય; પૈડાનો નાભિથી પરીધ પર્યંતનો કકડો; છાણાંનો ઉભાળો; ચૂના અને રેતીના મિશ્રણના કોલનો ખાડાવાળો ઢગલો; નિયત કાલાવધિ (જૈન).

કહેવતોના અર્થ: 'ધર્મ કરતાં ધાડ પડવી.' સારા પરિણામની આશા રાખી સાચી ધગશથી કોઈ કામ કરવા ગયા હોઇએ છતાં પરિણામ જ્યારે વિપરીત આવે ત્યારે આ કહેવત વપરાય છે. એને મળતી જ કહેવત:'નિમાજ પઢતાં મસીદ કોટે વળગવી.'

ગણિત ગમ્મત

૧૫૩૮૪૬ × ૧૩ = ૧૯૯૯૯૯૮
૨૩૦૭૬૯ × ૧૩ = ૨૯૯૯૯૯૭
૩૦૭૬૯૨ × ૧૩ = ૩૯૯૯૯૯૬
૩૮૪૬૧૫ × ૧૩ = ૪૯૯૯૯૯૫
૪૬૧૫૩૮ × ૧૩ = ૫૯૯૯૯૯૪
૫૩૮૪૬૧ × ૧૩ = ૬૯૯૯૯૯૩
૬૧૫૩૮૪ × ૧૩ = ૭૯૯૯૯૯૨
૬૯૨૩૦૭ × ૧૩ = ૮૯૯૯૯૯૧

ટાઈલ્સ ઉપરથી ડાઘ કાઢવા માટે એક મોટા લીંબુના રસમાં થોડી ખાંડ મેળવી અરધી ડોલ પાણીમાં એ નાખી તે વડે સાફ કરશો તો તરત નીકળી જશે.



દક્ષિણ અમેરિકાનું કીડીખાઉ; દોરા જેવી જીભ કાઢી શિકાર ચપાટે છે

ચીથરાંમાંથી કાગળ બનાવવાની શરૂઆત ઈ. ૧૦૦૦માં થઈ.

જગતભરમાં સૌથી પહેલી દીવાદાંડી અલેક્ઝાંડ્રિયામાં ઇ સ. પૂર્વે ૨૮૫માં બંધાઈ હતી.

એક જ ડુબકી સાથે વ્હેલ છસો ફૅધમ ઊંડા પાણીમાં ઊતરી જાય છે.

આપણું ચાલુ વર્ષ ૧૯૩૬ એ ૪૪ ની વર્ગસંખ્યા છે. ફરી એવું વર્ષ ઠેઠ ૨૦૨૫માં આવવાનું.

વિખ્યાત કવિ રોબર્ટ બ્રાઉનિંગની એક આંખ ટૂંકી નજરની અને એક આંખ લાંબી નજરવાળી હતી; એટલે તે વાંચતી વખતે એક આંખ મીચતો અને ચાલતી વેળા બીજી.

યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનૅડાની વચ્ચે, દરિયાની સપાટીથી ૬૦૨ માઈલ ઊંચું આવેલું મીઠા પાણીનું સરોવર સુપીરિયર આખી દુનિયામાં મોટામાં મોટું છે: ૩૧,૨૦૦ ચોરસમાઈલ. તેનાં પાણી રાસાયણિક દૃષ્ટિએ તદ્દન વિશુદ્ધ માલૂમ પડયાં છે.

રસોડાં, મોરી વગેરેની સાફસુફીમાં તથા બીજાં ઘરકામમાં વપરાતાં બ્રશ પહેલવહેલાં કામમાં લેવા અગાઉ રાતભર ઠંડા પાણીમાં રાખી મૂકી પછી વાપરશો તો તેનાં bristles જલદી ખરી જતાં અટકશે.


આયોડાઈનના ડાઘા કાઢવામાં બધા ઈલાજ કરી ચૂકયા હો તો ફોટોગ્રાફીમાં વપરાતો 'હાઇપો' અજમાવી જોજો કદાચ ફાવશો.

ફર્નિચર પર પડેલા ઘસરકામાં આછા રૂના પૂમડા વડે આયોડાઇનનો હાથ મારી પછી ચમક લાવજો.


આપણા શરીરનું સામાન્ય ઉષ્ણતામાન ૯૮·૬ ડિગ્રી ફેરનહાઇટ ગણાય છે. દેડકાં જેવાં ઠંડા લોહીવાળાં પ્રાણીઓમાં તે માત્ર ૪૮° આસપાસ હોય છે જયારે કેટલાંક પક્ષીઓમાં એ ૧૧૨° સુધી હોય છે.

કાચના પ્યાલા-ટમ્બલર-વાપર્યા પછી સાફ કરીને તથા નીતારીને મૂકવા છતાં એમ ને એમ પડી રહેવાથી તેમના પરની ભિનાશ સુકાઇને તથા રજ ઊડીને મેલા જણાયા કરે છે; પણ તેમને છલોછલ પાણીથી ભરીને રાખી મૂકવાથી સ્વચ્છ રહેશે ને પ્રકાશમાન લાગશે. જરૂર પડે ત્યારે એ પાણી ઢોળી દઇ સાફ કરીને વાપરવા.

કાતર કે ચપુની ધાર કાઢવી હોય તો પહેલાં તેને પીસેલા મીઠાથી ઘસો ને પછી ધાર કાઢો. એથી એની ધાર તેજ આવશે ને ચમક પણ આવશે.



દૃષ્ટિભ્રમનો આ દૃષ્ટાંત તો સૌથી સાદો છે. મોર પગલાં જેવી આકૃતિ વચ્ચેની અને તીરનાં ફળાં જેવી આકૃતિ વચ્ચેની રેખાઓ માપમાં એકસરખી જ હોવા છતાં લાંબા ટૂંકી લાગે છે.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(વિગત માટે જુઓ પૃ ૪૧૧)

(૧) નર્મદાને તીરેતીરે–મણિલાલ મિસ્ત્રી (વડોદરા), પહેલું ઈનામ; (૨) પ્રફુલ્લિત વદને–એમ. એસ. પથરાવાળા (અમદાવાદ), બીજું ઇનામ; 'મલકાતી માતા' એન. એસ. મહેતા–(લંડન), ત્રીજું ઇનામ.